પ્રાપ્તિ સ્થાન

(૧) બી. એ. શાહ એન્ડ બ્રધર્સ
૭૬, ઝવેરી બજાર
મુંબઈ–૨

(૨) દિલીપકુમાર રાજેન્દ્રકુમાર
'અરવીંદ સદન' દસ્તાબીબીના
ગોખલા સામે, પાંજરા પોળ
પાસે, અમદાવાદ

સ્વ. પિતાશ્રી અંબાલાલ રતનચંદ તથા પૂ. ધર્મસંસ્કારદાતા માતુશ્રી ગં. મૂળીબેનના ઉપકારની સ્મૃતિ નિમિત્તે...

પ્રકાશકીય

પરમ ઉપકારી, પરમપૂજ્ય. વાત્સલ્યનિધિ સિદ્ધાન્ત-મહોદધિ સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમ-સૂરીશ્વરજી મહારાજાના અમાપ ઉપકારને વર્ણવી શકાય તેમ નથી. અનેક વિદ્વાન, સંયમી, તપસ્વી, પ્રભાવક, પ્રવચન-કાર, લેખક મુનિ ભગવંતોના વિશાળ પરિવારની બક્ષીસ શ્રી સંઘને તેઓશ્રીએ કરી છે. તેઓશ્રીના પ્રભાવથી અનેક કુટુંબો ધર્મના રંગે રંગાયાં, અનેક જીવો સર્વવિરતિ ધર્મની આરાધના કરનારા થયા, અનેક દેશવિરતિ પામ્યા, અનેક જીવો સમ્યક્ત્વ પામ્યા, કેટલાય જીવો સમ્યક્ત્વાભિમુખ બન્યા.

અમારા કુટુંબ ઉપર પણ પૂજ્યપાદશ્રીની મહાન્ કૃપા વરસી. તેઓશ્રીના પટ્ટાલંકાર પ.પૂ. શાસનપ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની અમોઘ દેશનાથી અમારા પિતાશ્રીનું જીવન ધર્મવાસિત બન્યું, અને તેમની ધર્મશ્રદ્ધા ખૂબ જ દૃઢ બની.

ત્યાર પછી પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સંસર્ગથી તથા પ.પૂ. ઉગ્રતપસ્વી, પ્રવચન પ્રભાવક મુનિ શ્રી ભાનુવિજયજી મહારાજ (હાલ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.) ની વૈરાગ્યવાણીના શ્રવણથી તેમજ પ.પૂ. મુનિશ્રી પદ્મવિજયજી મ. ના સંસર્ગથી અમારા લઘુબંધુ હીરાભાઈ વૈરાગ્યવાસિત બની પ.પૂ. આચાર્ય ભગવંતના શુભ હસ્તે સંવત ૨૦૦૮ના

જેઠ શુદ ૫ના શુભ દિવસે મુંબઈ (ભાયખલા) મધ્યે અન્ય ચાર મુમુક્ષુઓ સાથે હજારોની માનવમેદની વચ્ચે દીક્ષિત થઈ પૂ. મુનિશ્રી **હેમચંદ્રવિજયજી** થયા.

તથી ત્યારપછી ત્રણ જ વર્ષમાં અમારાં સંસારી ભગિની **વિજયાબેન** તેમજ અમારા લઘુબંધુ જોડે વિવાહિત થયેલા **સરસ્વતીબેન** દીક્ષિત બની સ્વ. પૂ. પ્રવર્તિની શ્રી **ચંદ્રશ્રીજી**નાં શિષ્યા પૂ. સાધ્વીજી શ્રી **રંજનશ્રીજી**નાં શિષ્યા પૂ. સાધ્વીજીશ્રી **વસંતપ્રભાશ્રીજી** તથા પૂ. સાધ્વીજી શ્રી **રંજનશ્રીજી**નાં શિષ્યા પૂ. સાધ્વીજી શ્રી**ચંદ્રશ્રીજી**નાં શિષ્યા પૂ. સાધ્વીજી શ્રી સ્વયંપ્રભા [illegible]

કુ. દિવ્યાબેનની દીક્ષા પ્રસંગે પ. પૂ. આચાર્યભગવંત શ્રી ભક્તિસૂરીશ્વરજી મ. તથા પૂ. લલિતવિ. મ., પૂ. ચિદાનંદવિજય મ. તથા પૂ. મુનિશ્રી હેમચંદ્રવિજયજી મ. આદિ પધાર્યા હતા. તે વખતે વ્યાખ્યાન મંડપમાં વચ્ચે ત્રિગડા ઉપર ચૌમુખજી ભગવાન પધરાવી તેમની સમક્ષ પૂ. હેમચંદ્રવિ મ. શ્રીએ **દુષ્કૃતનિંદાની** આરાધના કરાવી. આ વખતે આરાધક આત્માઓ પોતાના દુષ્કૃતોનાં પશ્ચાત્તાપપૂર્વક **મિચ્છા મિ દુક્કડમ્** પરમાત્માની સમક્ષ આપી પાપના ભારથી હલકા થયા.

આ આરાધના ખૂબ જ અસરકારક જણાઈ, અજ્ઞાન રાગ કે મોહવશ થયેલ પાપોને યાદ કરતાં કંઈક ભાવિક જીવોના હૃદય ગદ્ગદ્ થતાં, અને ક્યારેક આંખમાં આંસુ પણ જણાતાં.

બીજા દીવસે **સુકૃતાનુમોદનાની** આરાધના થઈ તે વખતે પણ પૂર્વજોનાં સુકૃતોને યાદ કરતા ભાવિકોનાં હૃદય વિકસ્વર થતાં હતાં. સાથે **ચતુઃશરણ** સ્વીકારની આરાધના પણ થઈ.

આ બે દિવસની આરાધના સાંભળ્યા પછી વિચાર થયો કે આ આરાધનાને પુસ્તકારૂઢ કરવામાં આવે તો આ આરાધના વારંવાર થઈ શકે, તથા જે જીવો આરાધના વખતે હાજર ન હોય તે પણ કરી શકે, ઉપરાંત માંદગી વગેરેમાં તો ભાવ ઔષધનું કામ થાય. આથી પૂજ્યશ્રીને વારંવાર વિનંતિ કરતાં તેઓશ્રીએ શ્રમ લઈ આ વિષયનું

અવસ્થિત લખાણ કરી આપ્યું, અને તે પંડિત શ્રી રતિભાઈ દ્વારા છપાવીને તૈયાર થયું.

પૂજ્ય ગુરુદેવોના ઉપકાર સાથે અમારા પૂજ્ય પિતાશ્રી તથા માતુશ્રીનો ઉપકાર પણ અમારા ઉપર અપાર છે. અમારા પૂજ્ય પિતાશ્રી પ. પૂ. શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મ. ની દેશના શ્રવણથી ખૂબજ ધર્મરાગી બનેલા. પોતાના જીવનનો ઘણો સમય તેમનો માંદગીમાં પસાર થયેલો. સંગ્રહણી જેવો રોગ તેમને લાગુ પડેલ.

આમ છતાં આ પરિસ્થિતિમાં પણ તેમની શ્રદ્ધા અજોડ હતી. જિનવાણી શ્રવણનો લાભ તો તેઓ વારંવાર લેતા. માંદગી દરમિયાન પણ અનેક આચાર્યશ્રી તથા મુનિ ભગવંતો વગેરેને ઘેર પધરાવી ધર્મશ્રવણ કરવાનું ચૂકતા નહિ. સંયમ માર્ગ પ્રત્યે પણ તેમનું બહુમાન ઘણું જ હતું.

મુજબ સંયમમાર્ગે પ્રયાણ કર્યું, તેમજ પિતાશ્રીના ઋણ તરીકે અમોએ તેમની તે ભાવના મુજબ સંવત ૨૦૨૩ના વૈશાખ માસમા પ. પૂ. ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા તથા પ. પૂ. શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. પ. પૂ. વૈરાગ્યવારિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મ. આદિ લગભગ સવાસોથી વધુ મુનિસમુદાયની નિશ્રામાં શાન્તિસ્નાત્ર પૂર્વક અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવાનો લાભ મેળવ્યો.

આવા ધર્મશ્રદ્ધાળુ પિતાશ્રી છેલ્લી ઉંમરમાં થોડા વર્ષો અમારા વતન ખંભાતમાં રહેલા. ત્યાં શક્ય ધર્મઆરાધનામય જીવન જીવતા. તેમનો રોગ વૃદ્ધિ પામવા છતાં ખૂબ સમાધિભાવે સહન કરતા. સંવત ૧૯૯૯ના શ્રાવણ વદ ૧૦ના (પર્યુષણના આગલા) દિવસે ખૂબ જ શુદ્ધિપૂર્વક નવકારમંત્રનું શ્રવણ કરતા કરતા સમાધિપૂર્વક સ્વર્ગવાસને પામ્યા.

અમારા પૂ. માતુશ્રીનું જીવન પણ ધર્મ આરાધનાથી અત્યંત ઉજ્જવળ છે. દેવાધિદેવ પ્રત્યેનો ભક્તિભાવ પૂ. સાધુ–સાધ્વીજી મ.નું વૈયાવચ્ચ, શત્રુંજય, સમેતશિખરજી, જેસલમેર–રાણકપુરજી આદિ રાજસ્થાનનાં તીર્થો, ભદ્રેશ્વરજી આદિ કચ્છનાં તીર્થો તથા શ્રી શંખેશ્વરજી, પાનસર–સેરિસા ભોયણીજી વગેરે ગુજરાતના લગભગ ઘણાં તીર્થોની યાત્રા, બે ઉપધાન તપ, નવપદની ઓળીઓ, વૃદ્ધાવસ્થામાં પણ સ્તવન–સજ્ઝાયોનો સ્વાધ્યાય, લાખોની સંખ્યામાં નવકાર-

મંત્રના જાપ વગેરે અનેકવિધ આરાધનાઓથી તેમનું જીવન વાસિત થયું છે. પોતાની જાતેજ પુત્ર, પુત્રી તથા પૌત્રીના દીક્ષા મહોત્સવો ખૂબ ઉલ્લાસભેર ઉજવ્યા છે. આજે પણ ઉભયટંક પ્રતિક્રમણ, જિનપૂજા, વ્યાખ્યાનશ્રવણ, સામાયિક, સચિત્તનો ત્યાગ વગેરે દૈનિક આરાધનાથી તેમનું જીવન સુવાસિત બનેલું છે. તેમણે સ્વજીવનને અજવાળ્યું છે. એટલું જ નહિ પણ તેમના સંસર્ગમાં આવનાર પણ બનતાં સુધી ધર્મ પામ્યા વિના રહે નહિ, તેવું ઉત્તમ તેમનું જીવન છે.

ધર્મસંસ્કારદાતા પૂજ્ય ઉપકારી પિતાશ્રી તથા કલ્યાણકારિણી માતુશ્રીના મહાન ઉપકારનો બદલો કોઈપણ રીતે વળી શકે તેમ નથી. તેમ છતાં તેઓશ્રીના ઉપકારની સ્મૃતિ નિમિત્તે આ પુસ્તકનું પ્રકાશન કરી યત્કિંચિત્ શ્રુતભક્તિના સુકૃત લાભ મેળવવા હું ભાગ્યશાળી થયો છું. ઉત્તરોત્તર વિશેષ સુકૃત લાભ મળતો રહે અને દુર્લભજીવન ધન્ય બને એ એક શુભ અભિલાષા.

લી. બી. એ. શાહ

૭૬, ઝવેરી બજાર મુંબઈ ૨.

ન. બ. — આ પુસ્તક વેચાણથી જે કંઈ આવક થશે, તેનો ઉપયોગ શ્રુતભક્તિમાં થશે.

ધર્મસંસ્કારદાતા પરમોપકારી

સ્વ. પિતાશ્રી અંબાલાલ રતનચંદ સંઘવી



જન્મ- : ૧૯૪૭ જ્યેષ્ઠ સુદ ૮ ખંભાત

સ્વર્ગવાસ : ૧૯૯૯ શ્રાવણ વદી ૧૧

નિવેદન

ચતુઃ શરણ સ્વીકાર, દુષ્કૃતનિંદા અને સુકૃત **અનુમોદનાની** આરાધનાનો આ સંગ્રહ પૂજનીય શ્રી સંઘની સેવામાં રજુ કરતાં અત્યંત આનંદ થાય છે.

પ.પૂ. ગીતાર્થમૂર્ધન્ય, સુવિશુદ્ધ ચારિત્ર્યમૂર્તિ સિદ્ધાંત મહોદધિ સુવિશાલગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાનું અંતિમ ચાતુર્માસ શ્રી **સ્થંભનતીર્થ (ખંભાત)** મુકામે શ્રી **તપગચ્છ અમરશાળા** જૈન સંઘના અત્યંત આગ્રહથી પ. પૂ. વૈરાગ્યવારિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **યશોદેવ સૂરીશ્વરજી** મહારાજા તથા પ. પૂ. પંન્યાસજી શ્રી **ત્રિલોચન વિજયજી** ગણિવરશ્રી આદિ વિશાળ સમુદાય સાથે થયું.

પૂજ્યપાદશ્રીની નિશ્રામાં સકલ સંઘમાં અનેક પ્રકારની આરાધના થઈ, રત્નત્રયીની આરાધના નિમિત્તે અટ્ઠમ તપમાં લગભગ સાડાત્રણસો પુણ્યાત્માઓ જોડાયા, ત્યાર પછી પૂજ્ય પન્યાસજી શ્રી ત્રિલોચનવિજયજી ગણિવરશ્રીની પ્રેરણાથી દુષ્કૃતનિંદા અને સુકૃત અનુમોદનાની બે દિવસની આરાધના યથાશક્ય છઠ્ઠ, બે આયંબિલ આદિ તપ પૂર્વક અનેક પુણ્યાત્માઓએ કરી.

આરાધનાના પ્રથમ દિવસે વ્યાખ્યાન હોલમાં પ્રભુજીને

પધરાવી ચૈત્યવંદન કરી. પૂજ્ય પંન્યાસજી મહારાજે દુષ્કૃત નિંદા અંગે કેટલીક સમજણ આપી. ખામણા કુલકના આધારે ગાથાઓ બોલી વિવેચન કરી સકલ સંઘને ચૌદરાજ લોકના સર્વ જીવો જોડે ક્ષમાપનાની આરાધના કરાવી. ત્યાર પછી મિથ્યાત્વાદિ આશ્રવોની. ભૂતકાળના ભવોમાં તથા આ ભવમાં આપણા જીવે આચરેલ આશ્રવો (પાપસ્થાનકોને) ક્રમશ: વિસ્તારથી યાદ કરાવીને તેના આલાવા બોલી મિચ્છામિ દુક્કડમ્ દેવાની આરાધના કરાવવાનો લાભ મને મળ્યો.

બીજા દિવસે સુકૃત અનુમોદનાની સમજણ આપી અરિહંત પરમાત્માથી યાવત્ માર્ગાનુસારી ગુણીના જીવોના સુકૃતોની અનુમોદના કરાવવામાં આવી. પ્રસંગ પામીને પૂર્વાચાર્ય ભગવંતોના પાઠોને પણ યાદ કરી તેના અનુવાદ કરવામાં આવ્યો.

શાળાના ઉપાશ્રયે (પ. પૂ. ચંદ્રશેખર વિ. મ. ની..નિશ્રામાં) એમ અનેક સંઘોમાં આ આરાધના વિશાળ જનસમુદાયે કરી. આ બે આરાધના ઉપરાંત તથાભવ્યત્વના પરિપાક માટે ચતુઃશરણ સ્વીકારની આરાધના પણ જરૂરી હોવાથી તે બે આરાધના પૂર્ણ થયે સંક્ષેપમાં કરાવાતી હતી, વળી દુષ્કૃતનિંદાની આરાધના ભેગું ભવોભવનાં પુદ્ગલ વોસિરાવવાનું પણ સંક્ષેપમા ચાલુ કરાયું.

સંવત ૨૦૨૯માં ખંભાત મુકામે સુશ્રાવક તારાચંદ ભાઈની સુપુત્રી કુમારિકા દિવ્યાબેનની દીક્ષા નિમિત્તે જવાનું થયું—તે વખતે ખંભાતમાં આ આરાધના ફરીથી કરાવવામાં આવી. તે સાંભળીને સુશ્રાવક બંસીભાઈને આ આખી આરાધના પુસ્તકારૂઢ કરાવીને પ્રગટ કરાવવાની ભાવના થતાં તેઓએ મને તે સંગ્રહ વ્યવસ્થિત લખી આપવા વિનંતિ કરી. પરિણામે આ ત્રણે આરાધનાને વ્યવસ્થિત સંગ્રહરૂપે તૈયાર કરવામાં આવી છે.

તૈયાર થયેલ લખાણને પૂ. જયઘોષવિજયજી ગણિવર શ્રી, પ.પૂ.ધર્મગુપ્તવિજયજી મ. તથા મુનિશ્રી જયસુંદર વિજયજીએ જોઈ, વાંચી યથાયોગ્ય સુધારા કરી આપ્યા, ત્યાર પછી પ. પૂ. પરમોપકારી, તપોનિધિ, પ્રવચન પ્રભાવક ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ અનેક વ્યવસાય અને કામના બોજા વચ્ચે આ લખાણને જોઈ આપવા મહાન કૃપા કરી.

આ રીતે સંશોધિત થયેલ લખાણની પ્રેસકોપી પંડિતજી

રતિભાઈને સુપ્રત કરી. તેમણે પણ પ્રુફવાંચન વગેરે કરી, આખા પુસ્તકને છપાવવાનો ભારે પરિશ્રમ કર્યો, આ રીતે આ પુસ્તકનું સર્જન થયું.

તથા ભવ્યત્વના પરિપાક દ્વારા આ આરાધના મુક્તિ મંદિરમાં પ્રવેશ કરવા માટે મંગલ દ્વાર રૂપ હોઈ પુસ્તકનું નામ **મુક્તિનું મંગલ દ્વાર** રાખવાનું સૂચન મુનિશ્રી જગચ્ચંદ્ર વિજયજી તરફથી થતાં તેનો સ્વીકાર કરી એ નામ રાખ્યું છે. ટાઈટલ પરના ચિત્રની કલ્પના પણ તેમણે આપી છે.

પુસ્તકનો ઉપયોગ :— પૂજનીય શ્રી ચતુર્વિધ સંઘને ચતુઃશરણ સ્વીકાર આદિની આરાધના સામુદાયિકપણે કરાવવામાં આ પુસ્તક ખૂબજ ઉપયોગી થશે. ઉપરાંત માંદગી અને વૃદ્ધાવસ્થામાં બેઠા આરાધકો આ પુસ્તકના સહારે વ્યક્તિગત આરાધના પણ કરી શકશે. તે સિવાય [illegible] આ પુસ્તકના આધારે ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃત નિંદા. સુકૃત અનુમોદનાની આરાધના આરાધક આત્માઓએ કરવી જોઈએ. દુષ્કૃત નિંદાની સામુદાયિક આરાધના વખતે [illegible] આવવાથી, અને તેની સમગ્ર દુષ્કૃતોમાં [illegible] પરિણામ વિશુદ્ધિ સારી થઈ શકે.

[illegible] મોટેથી [illegible] આમાં [illegible] કે દુષ્કૃત નિંદાની [illegible] આમાં મોટેથી, [illegible] તેમ છતાં સર્વ- [illegible] પૂજનીય ગીતાર્થ

શાળાના ઉપાશ્રયે (પ. પૂ. ચંદ્રશેખર વિ. મ. ની નિશ્રામાં) એમ અનેક સંઘોમાં આ આરાધના વિશાળ જનસમુદાયે કરી. આ બે આરાધના ઉપરાંત તથાભવ્યત્વના પરિપાક માટે ચતુ:શરણ સ્વીકારની આરાધના પણ જરૂરી હોવાથી તે બે આરાધના પૂર્ણ થયે સંક્ષેપમાં કરાવાતી હતી, વળી દુષ્કૃતનિંદાની આરાધના જોડે ભવોભવનાં પુદ્ગલ વોસિરાવવાનું પણ સંક્ષેપમા ચાલું કરાયું.

સંવત ૨૦૨૯માં **ખંભાત** મુકામે સુશ્રાવક **તારાચંદ ભાઈની** સુપુત્રી કુમારિકા **દિવ્યાબેનની** દીક્ષા નિમિતે જવાનું થયું—તે વખતે ખંભાતમાં આ આરાધના ફરીથી કરાવવામાં આવી. તે સાંભળીને સુશ્રાવક **બંસીભાઈને** આ આખી આરાધના પુસ્તકારૂઢ કરાવીને પ્રગટ કરાવવાની ભાવના થતાં તેઓએ મને તે સંગ્રહ વ્યવસ્થિત લખી આપવા વિનતિ કરી. પરિણામે આ ત્રણે આરાધનાને વ્યવસ્થિત સંગ્રહરૂપે તૈયાર કરવામાં આવી છે.

તૈયાર થયેલ લખાણને પૂ. જયઘોષવિજયજી ગણિવર શ્રી, પ.પૂ.ધર્મગુપ્તવિજયજી મ. તથા મુનિશ્રી જયસુંદર વિજયજીએ જોઇ, વાંચી યથાયોગ્ય સુધારા કરી આપ્યા, ત્યાર પછી પ. પૂ. પરમોપકારી, તપોનિધિ, પ્રવચન પ્રભાવક ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુ- સૂરીશ્વરજી મહારાજાએ અનેક વ્યવસાય અને કામના બોજા વચ્ચે આ લખાણને જોઈ આપવા મહાન કૃપા કરી.


આ રીતે સંશોધિત થયેલ લખાણની પ્રેસકોપી પંડિતજી

વિષયાનુક્રમ

શુદ્ધિકરણ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬	૨	दुल्लय	दुल्लर
૬	૧૩	कणवग	कणग व
૧૧	૧	प्रशात	प्रशान्त
૧૨	૭	ચરણોને	ચરણોને વિષે શરણને
૧૩	૪	બધાને	બધાવે
૧૩	૧૦	અત્ર	અને
૨૦	૮	मेयणेहिं	मेयणेहिं
૨૦	૯	० मुवगएण	मुवगएण
૨૩	૧૫	० ठिएसु	० ठिएण
૨૪	૧૭	जे	ज
૨૫	૧	पेसु	पेसुन्न
૨૬	૨	कारंणेण	कारणेण
૩૦	૭	जे	जं
૩૦	૧૬	घम्मो	धम्मो
૫૫	૨૦	चतुर्विध	चतुर्विध
૫૯	૧૨	जे	जं
૬૦	૧૦	० अणुमोइहिं	० अणुमइहिं
૬૧	૧	सत्तमए	सत्तमए
૬૧	૬	मिच्छत्त	मिच्छत्तं
૬૧	૧૯	० वान्वत	० वान्वितम्
૬૪	૧૨	मढ	मूढ
૭૮	૨૧	० नुष्ठानाऽपि	० नुष्ठानसामर्थ्येऽपि
૮૬	૮	० भ्यासन्	० भ्यस्यन्
૯૪	૨૩	प्रभावणे	पभावणे
૯૬	૧૮	૧૯ બાહ્ય	૨૦ અભ્યંતર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૯૬	૨૧	૨૦ અભ્યંતર	૧૯ બાહ્ય
૯૬	૨૨	રસત્ત્નઓ	રસત્ત્યાઓ
૯૭	૨૨	જે કં	જે કંઈ
૯૮	૫	પાંચમી	પંચમી
૯૯	૧૬	સ્તોત્ર	સ્નાત્ર
૧૦૦	૬	० हत्वा	० हत्त्वा.
૧૦૨	૧૫	પર્વતાદિ	પર્વત
૧૦૪	૭	શલેશી.	શૈલેશી.
૧૦૫	૧૦	૧૧૮૦૯૪૫	૧૧૮૦૬૪૫
૧૨૧	૨૧	આત્માણોએ	આત્માઓએ
૧૨૬	૨૧	રમા	રત્ના
૧૨૯	૫	મક્કેમિ	મક્કેમિં
૧૩૬	૨૧	મામગુહાણ	મામસુહાણ
૧૪૦	૧૧	મુ	મુનિ



नमो तित्थस्स

તથાભવ્યત્વના પરિપાકનાં ત્રણ સાધનો

(પૂર્વ ભૂમિકા)

चउसरणगमण दुक्कडगरिहा, सुकडाणुमोयणा चेव ।
एस गणो अणवरयं कायव्वो कुसलहेउत्ति ।

—ચઉસરણ પયન્નો

(૧) ચતુઃશરણ સ્વીકાર (૨) દુષ્કૃત ગર્હા, (૩) સુકૃતાનુમોદના કુશળતાના હેતુ માટે હંમેશ કરવા જોઈએ.

પંચસૂત્ર' નામના શાસ્ત્રમાં પણ તથા—ભવ્યત્વાદિના પરિપાકનાં આ જ ત્રણ સાધનો જણાવ્યાં છે.

तस्स पुण विवागसाहणाणि—चउसरणगमणं, दुक्कडगरिहा, सुकडाण सेवणं,

તેના (તથાભવ્યત્વાદિના) વિપાકના સાધનો (૧) ચતુઃશરણગમન (૨) દુષ્કૃત ગર્હા (નિંદા) (૩) સુકૃત અનુમોદના છે અર્થાત્ આ ત્રણ વસ્તુથી તથાભવ્યત્વાદિનો પરિપાક થાય છે.

ભવ્યત્વ એટલે જીવની મોક્ષને પામવાની યોગ્યતા દરેક ભવ્યજીવમાં મોક્ષને પામવાની યોગ્યતા સ્વરૂપ ભવ્યત્વ સમાન હોવા છતાં પણ કોઈમાં તીર્થંકર. થઈને. મોક્ષ

પામવાની યોગ્યતા હોય છે, કોઈમાં ગણુધર થઈને મોક્ષ પામવાની યોગ્યતા હોય છે. કોઈનામાં સામાન્ય કેવળજ્ઞાની થઈને મોક્ષ પામવાની યોગ્યતા હોય છે. આમ જીવોમાં જુદા જુદા પ્રકારની મોક્ષ પામવાની યોગ્યતાઓ હોય છે. જીવોની આ વૈયક્તિક મોક્ષ પામવાની યોગ્યતાને **તથાભવ્યત્વ** કહેવાય છે.

યોગ્યતા હોવા માત્રથી વસ્તુમાં ફળ પ્રગટ થતું નથી, પણ યોગ્યતાની સાથે અન્ય સામગ્રી અને પુરુષાર્થ ભેગો મળે તો ફળ પ્રગટ થાય છે. જેમ માટીમાં ઘડાની યોગ્યતા હોવા માત્રથી ઘડો થઈ જતો નથી, પણ પાણી, ચક્ર વગેરે સામગ્રી મળે કુંભારનો પુરુષાર્થ ભળે તો માટીમાંથી ઘડો થાય છે.

નાના તેજસ્વી બાળકમાં ભવિષ્યમાં મહાન વિદ્વાન બનવાની યોગ્યતા દેખાતાં છતાં એને ભણવાની સામગ્રી મળે, અને ભણવાનો પુરુષાર્થ થાય તો તેનામાં વિદ્વત્તા રૂપ ફળ પ્રગટ થાય છે. તેવી જ રીતે જીવમાં ભવ્યત્વ હોવા માત્રથી મોક્ષ મળતો નથી, પણ ભવ્યત્વના પરિપાક માટેની મનુષ્યપણું, દેવધર્મ, આદિ સામગ્રીની પ્રાપ્તિ માટે [illegible] ભવ્યત્વના પરિપાક માટે પુરુષાર્થ થાય તો ભવ્યત્વનો પરિપાક થાય છે, અને જીવ મુક્તિની નિકટ બને છે.

[illegible] એમ વસ્તુમાં ભવ્યત્વ છે કે નહિ તેની શું ખાતરી?

[illegible] જરૂરી છે. [illegible]
[illegible]
[illegible]

અવશ્ય ભવ્ય હોય છે. વળી 'પાપી અભવ્ય નજરે ન દેખે, વગેરે શ્રી સિદ્ધગિરિની મહિમાસૂચક પંક્તિઓ પરથી શ્રીસિદ્ધગિરિજીની સ્પર્શના દ્વારા પણ ભવ્યત્વ નિશ્ચિત કરી શકાય છે.

ભવ્યત્વ પરિપાક એટલે–મોક્ષહેતુભૂત શુદ્ધ ધર્મના બાધક કર્મના નાશ દ્વારા મુક્તિની નિકટતા, માટે જે ભવ્ય આત્માઓએ પોતાનો મોક્ષ નજીક કરવો હોય, ભવનો ઉચ્છેદ કરવો હોય—તેમણે ભવ્યત્વ પરિપાક માટેનાં પંચસૂત્રમાં ફરમાવેલ ઉક્ત ત્રણ સાધનો (૧) ચાર શરણ સ્વીકાર (૨) દુષ્કૃત ગર્હા (૩) સુકૃતાનુમોદના ને સાધવા જોઈએ.

વળી પણ ગ્રંથકાર મહર્ષિ આ ત્રણે વસ્તુને રોજ ત્રિકાળ સાધવાનું જણાવે છે.

"अओ कायव्वमिणं होउकामेणं सया सुप्पणिहाणं भुज्जो भुज्जो संकिलेसे, तिकालमसंकिलेसे।"

અર્થ—તેટલા જ માટે મોક્ષની ઈચ્છાવાળા જીવોએ સદા માટે પ્રણિધાનપૂર્વક સંક્લેશના કાળમાં વારંવાર અને સંક્લેશના અભાવમાં રોજ ત્રિકાળ આ ચતુઃશરણાદિ ત્રણ કરવા જોઈએ.

આમ મહાપુરુષો રોજ ત્રિકાળ સંક્ષેપમાં આ ત્રણ વસ્તુ કરવા જણાવે છે. આપણે આજે વિસ્તારથી આ ત્રણે આરાધના કરવી છે.

-

(૧) ચતુઃશરણ સ્વીકાર આરાધના

અનાદિકાળથી આ સંસાર–ચક્રમાં અનંતાનંત દુઃખને ભોગવતો જીવ ભટકી રહ્યો છે, તેનું કારણ માત્ર એટલું જ છે કે–એણે ભાવથી અરિહંતાદિ ચારનું શરણ સ્વીકાર્યું નથી.

જગતમાં રાજા, મહારાજા, ચક્રવર્તી, સેનાપતિ, શેઠ, વગેરેનાં શરણાં અનેક વાર આ જીવે સ્વીકાર્યાં, છતાં તેના સંસાર પરિભ્રમણનો અંત આવ્યો નથી, એથી સંસાર પરિભ્રમણનો છેડો લાવવા માટે આપણે હવે આજે અહીં બિરાજમાન પરમાત્મા સમક્ષ આ ચારના શરણને ભાવથી સ્વીકારવાનાં છે.

(આ માટેની ગાથાઓ અત્રે બોલવામાં આવશે. અને ત્યાર પછી દરેક ગાથાઓના અર્થ પણ કરાશે. ને વખતે દરેક ગાથાના અંતે શરણ સ્વીકારવાનું 'અરિહંતા મને આધારનું શરણ હો' પદ ભાવથી સાથે બોલવાનું છે.)

અરિહંતોનું શરણ:

(૧) रागद्दोसारीणं हंता कम्मट्ठगाइ अरिहंता ।
विसयकसायारीणं अरिहंता हुंतु मे सरणं ॥

તેવા અરિહંતો ! મને આપનું શરણુ હો
બધાએ સાથે બોલવાનું)

(२) चउव्विहकसायचत्ता, चउवयणा चउप्पयारधम्मकहा।
चउगइ दुहनिद्दलणा अरहंता मज्झ ते सरणं॥

ચાર પ્રકારના કષાયોથી મુકત, ચતુર્મુખ, ચાર પ્રકારના ધર્મને કહેનારા, ચાર ગતિના દુઃખોને દળનારા હે અરિહંતો ! મને આપનું શરણુ હો !

(३) जे अट्ठकम्ममुक्का, वरकेवलनाणमुणिअपरमत्था।
अट्ठमयट्ठाणरहिआ अरहंता मज्झ ते सरणं॥

જે આઠ પ્રકારનાં કર્મથી મુક્ત છે, ઉત્તમ કેવળ જ્ઞાનથી પરમાર્થને જાણનાર છે, આઠ પ્રકારના મદસ્થાનથી રહિત છે તેવા હે અરિહંત ભગવંતો ! મને આપનું શરણુ હો !

(४) भवखित्त अरुहंता, भावारिप्पहणणे अरिहंता।
ते तिजगपूअणिज्जा, अरहंता मज्झ ते सरणं॥

ભવ રુપી ક્ષેત્રમાં જેમને ઉગવાનું નથી અર્થાત્ સંસારમાં જન્મ પામવાનો નથી, ભાવ દુશ્મનોને હણવામાં યોગ્યતાવાળા, ત્રણ જગતને પૂજનીય હે અરિહંત ભગવંતો ! મને આપનું શરણુ હો !

સિદ્ધોનું શરણ

(૫) तरिऊण भवसमुद्दं, रुद्दुहलहरिलक्खदुल्लंघं ।

जे सिद्धिसुहं पत्ता ते सिद्धा हुंतु मे सरणं ॥

રૌદ્ર લાખો દુઃખોરૂપી મોજાથી દુર્લંઘ્ય તેવા ભવસમુદ્રને તરીને જે સિદ્ધિ સુખને પામ્યા છે, તે સિદ્ધ પરમાત્માઓનું મને શરણ હો !

(૬) जे भंजिऊण तवमुग्गरेण, निबिडाइं कम्मनिअलाइं ।

संपत्ता मुक्खसुहं, ते सिद्धा हुंतु मे सरणं ॥

તપરૂપી મુદ્‌ગરથી નિબીડ તેવી કર્મની બેડીઓને ભાંગીને જેઓ મોક્ષ સુખને પામ્યા તે સિદ્ધ ભગવંતોનું મને શરણ હો.

(૭) झाणानलजोगेण, जाओ निदड्ढसयलकम्ममलो ।

कणगं व जाण अप्पा, ते सिद्धा हुंतु मे सरणं ॥

ધ્યાનરૂપી અગ્નિના યોગથી સકલ કર્મના મળ [illegible] જેઓના આત્મા કનક (સુવર્ણ) જેવા નિર્મળ [illegible] તે સિદ્ધ ભગવંતોનું મને શરણ હો.

(૮) जाण न जम्मो न जरा, न वाहिणो न मरणं [illegible]

[illegible] ।

જેઓને જન્મ, જરા, વ્યાધિઓ તથા મરણ નથી. પીડા તેમજ ક્રોધાદિ કષાયો નથી. તે સિદ્ધ પરમાત્માઓનું મને શરણ હો.

સાધુનું શરણ

(૯) महुअरवित्ति, जे बायालीसदोसपरिसुद्धं ।
भुंजंति भत्तपाणं, ते मुणिणो हुंतु मे सरणं ॥

મધુકરવૃત્તિથી બેતાલીશ દોષથી પરિશુદ્ધ ભોજન પાણીને જેઓ વાપરે છે તે મુનિઓનું મને શરણ હો.

(१०) पंचिंदियदमणपरा, निज्जिअकंदप्पदप्पपसरा ।
धारंति बंभचेरं ते मुणिणो हुंतु मे सरणं ॥

પાંચ ઈંદ્રિયોના દમનમાં તત્પર- કંદર્પના (કામના) દર્પને જીતનારા, નિર્મળ બ્રહ્મચર્યને ધારણ કરનારા મુનિઓનું મને શરણ હો.

(११) जे पंचसमिइसमिआ, पंचमहव्वयभरुव्वहणवसहा ।
पंचमगइअणुरत्ता, ते मुणिणो हुंतु मे सरणं ॥

જે પાંચ સમિતિઓથી યુક્ત છે. પાંચ મહાવ્રતના ભારને વહન કરવામાં વૃષભ સમાન છે. પાંચમી ગતિ (મોક્ષ) પ્રત્યે અનુરાગવાળા છે તે મુનિઓનું મને શરણ હો.

(૧૨) जे चत्तसयलसंगा सममणितणमित्तसत्तुणो धीरा।
साहंति मुक्खमग्गं, ते मुणिणो हुंतु मे सरणं॥

જેઓએ સઘળા સંગને છોડી દીધો છે. જેઓ મણિ અને તૃણ તેમજ મિત્ર અને શત્રુ પ્રત્યે સમદૃષ્ટિવાળા છે, જેઓ ધીરતાથી મોક્ષ માર્ગને સાધે છે તે મુનિઓનું મને શરણ હો !

ધર્મનું શરણ

(૧૩) जो केवलनाणदिवायरेहिं तित्थयरेहिं पन्नत्तो।
सव्वजगजीवहिओ, सो धम्मो होउ मह सरणं॥

કેવળજ્ઞાનરૂપી સૂર્યને ધારણ કરનાર તીર્થંકર ભગવંતોએ પ્રરૂપેલા, સર્વ જગતના જીવોના હિતને કરનાર ધર્મનું મને શરણ હો !

(૧૪) कल्लाण कोडिजणणी जत्थ अणत्थप्पबंधनिद्दलणी।
वन्निज्जइ जीवदया सो धम्मो होउ मम सरणं॥

કરોડો કલ્યાણોને ઉત્પન્ન કરનારી, અનર્થોની પરંપરાને દળી નાખનારી જીવદયા જેમાં વર્ણવવામાં આવી છે તે ધર્મનું મને શરણ હો.

(૧૫) जो पावभरक्कंतं जीवं भीमंमि कुगइकूवंमि।
[illegible]

(૧૬) सग्गापवग्गपुरमग्गलग्ग–लोआण सत्थवाहो जो ॥
भवअडविलंघणखमो, सो धम्मो होउ मम सरणं ॥

સ્વર્ગ અને મોક્ષરૂપ નગરના માર્ગે લાગેલા લોકોને માટે જે સાર્થવાહ સમાન છે, જે ભવ અટવીને ઓળંગવામાં સમર્થ છે તે ધર્મનું મને શરણુ હો.

(૧૭) एव चउण्हं सरणं पवन्नो, निव्विन्नचित्तो भवचारगाओ।
जं दुक्कडं किंपि समक्खमेसिं निंदामि सव्वंपि अहं तमिण्हिं ॥

આમ ચાર શરણુને પામેલો, ભવરૂપી કેદખાનાથી નિર્વેદ પામેલો હું હવે મારાં દુષ્કૃતોને તેઓની સમક્ષ નિંદું છું.



પંચસૂત્રના આધારે ચતુઃશરણ સ્વીકાર

(१) जावज्जीवं मे भगवंतो परमतिलोगनाहा अनुत्तरपुण्ण-
संभारा खीणरागदोसमोहा अचिंतचिंतामणी भवजल-
हिपोआ एगंतसरणा अरहंता सरणं।

યાવજ્જીવ માટે મને ત્રણુલોકના શ્રેષ્ઠ નાથ, અનુત્તર પુણ્યના નિધાન, રાગદ્વેષ. મોહ જેઓના નિર્મૂળ થયા છે તેવા અચિંત્ય ગુણને આપનારા ચિંતામણિથી અધિક, ભવ સમુદ્રમાં જહાજ સમાન, એકાંત શરણુ કરવા યોગ્ય શ્રી અરિહંત ભગવંતોનું મને શરણુ હો......!

(२) तहा पहीणजरमरणा अवेअकम्मकलंका पणट्ठवावाहा
केवलनाणदंसणा सिद्धिपुर निवासी, निरुवमसुह-
संगया, सव्वहाकयकिच्चा सिद्धा सरणं।

તથા જેઓના જરા. મરણુ નાશ પામ્યા છે, કર્મના કલંક જેઓને વેદવાના નથી. જેમની પીડાઓ નાશ પામી છે. તે કેવળ જ્ઞાન, કેવળ દર્શનને ધારણુ કરનારા, સિદ્ધિપુર નગરના નિવાસી, અનુપમ સુખથી યુક્ત, સર્વથા કૃતકૃત્ય શ્રી સિદ્ધ ભગવંતોનું મને શરણુ હો......!

(३) तहा पसंतगंभीरासया सावज्जजोगविरया पंच-
विहायारजाणगा परोवयारनिरया पउमाइनिदंसणा
झाणज्झयणसंगया विसुज्झमाणभावा साहू सरणं।

તથા પ્રશાંત અને ગંભીર આશયવાળા, સાવદ્યયોગ
વિરામ પામેલા, પાંચ પ્રકારના (જ્ઞાનાચારાદિ) આચાર
જાણનારા, પરોપકારમાં રક્ત, પદ્મ (કમળ) વગેરેની ઉપમા
વાળા. ધ્યાન અને અધ્યયનમાં રક્ત, વિશુધ્યમાન ભાવવાળા
શ્રી સાધુમહાત્માઓનું મને શરણ હો.... ....!

(૪) तहा सुरासुरमणुअपूइओ, मोहतिमिरंसुमाली राग-
दोसविसपरममंतो हेऊ सयलकल्लाणाणं कम्मवण-
विहावसू साहगो सिद्धभावस्स केवलिपण्णत्तो धम्मो
जावज्जीवं मे भगवं सरणं।

તથા સુર, અસુર અને મનુષ્યોથી પૂજિત, મોહરૂપી
અંધકારને નાશ કરવામાં સૂર્યસમાન, રાગ-દ્વેષરૂપી ઝેરનો
નાશ કરવા માટે મંત્ર સમાન, સઘળા કલ્યાણોમાં હેતુભૂત,
કર્મરૂપી વનને બાળવા માટે અગ્નિ સમાન, સિદ્ધપણાના
સાધક, કેવલિ ભગવંતે કહેલ ધર્મનું મારે યાવજ્જીવ
શરણ હો........!



(૨) દુષ્કૃત ગર્હા (નિંદા)

(ભૂમિકા પ્રવચન)

स्वकृतं दुष्कृतं गर्हन् सुकृतं चानुमोदयन् ।
नाथ त्वच्चरणौ यामि शरणं शरणोज्झितः ॥

અનંત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનને અલંકૃત કરનાર કલિકાલ સર્વજ્ઞ આચાર્યદેવ શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજા "વીતરાગ સ્તોત્ર"માં પ્રભુના શરણોને સ્વીકારતાં જણાવે છે કે, 'હે પ્રભુ ! મારા પોતાના કરેલા દુષ્કૃતોની નિંદા કરતાં કરતાં તેમજ સુકૃતોની અનુમોદના કરતાં કરતાં શરણથી રહિત હું આપના શરણે આવું છું.

આગળ પંચસૂત્રમાં પણ આપણે જોઈ ગયા છીએ કે તથાભવ્યત્વના પરિપાકનાં ત્રણ સાધનો જણાવ્યાં છે. (૧) ચતુઃશરણ સ્વીકાર (૨) દુષ્કૃત નિંદા (૩) સુકૃતાનુમોદના.

આમાંથી ચતુઃશરણનો સ્વીકાર આપણે પરમાત્મા સમક્ષ ભાવપૂર્વક કર્યો. હવે દુષ્કૃતગર્હાની આરાધના વિસ્તારથી કરવાની છે.

પ્ર.—દુષ્કૃત નિંદાનું ફળ શું છે?

ઉ.—૧, દુષ્કૃત નિંદાથી અશુભ કર્મના અનુબંધો વિચ્છેદ [illegible] જાય છે—[illegible] પામે છે. અનુબંધ એટલે પરંપરા.

કોઈપણ દુષ્કૃત રસપૂર્વક કરવાથી અશુભ કર્મ અનુબંધવાળું બંધાય છે. એટલે કે જ્યારે દુષ્કૃતથી બંધાયેલ કર્મ ઉદયમાં આવે ત્યારે આત્માની બુદ્ધિ બગાડીને નવું અશુભ કર્મ બંધાવે છે. એ કર્મ વળી ઉદયમા આવે ત્યારે વળી પાછું નવુ અશુભ કર્મ બંધાવે છે. આમ કર્મબંધની પરંપરાનું વિષચક્ર ઉભુ થાય છે. આ વિષ–ચક્રને તોડી નાખવાની તાકાત દુષ્કૃત નિંદામાં છે.

દુષ્કૃત નિંદાથી અનુબંધ તુટી જતો હોવાથી જ્યારે દુષ્કૃતથી બંધાયેલ કર્મ ઉદયમાં આવે ત્યારે જીવની બુદ્ધિ ઠેકાણે રહે છે, અત્ર કર્મ સમાધિભાવે ભોગવાઈ જવાથી નવું અશુભ કર્મબંધની પરંપરાનું વિષચક્ર ત્યાં સમાપ્ત થઈ જાય છે. તર્કબુદ્ધિથી પણ આ વાત સંગત છે.

દુષ્કૃત જ્યારે થાય છે ત્યારે (દુષ્કૃત) અશુભકર્મનો બંધ કરાવે છે, દુષ્કૃત કરતી વખતે તેમાં જે રસ સાથે રહેલો હોય છે. તે દુષ્કૃતના પક્ષપાત રૂપ હોઈ અશુભ કર્મના અનુબંધને ઉભો કરે છે. ત્યારે દુષ્કૃતની નિંદાનો પરિણામ એ દુષ્કૃતના પક્ષપાતનો પ્રતિપક્ષી પરિણામ હોવાથી દુષ્કૃતના પક્ષપાતથી ઉભા થયેલા અનુબંધને તોડી નાખે છે.

(૨) દુષ્કૃતનિંદાથી કર્મના રસમાં ઘટાડો થાય છે. દુષ્કૃત કરતી વખતે કર્મનો જે તીવ્ર રસ બંધાયેલો હોય છે. તે પાછળથી દુષ્કૃતની નિંદાના પરિણામથી ઘટે છે. અને તેથી શૂળીનું ફલ કાંટાથી પતી જાય છે.

(૩) અત્યંત તીવ્ર ભાવે થતી દુષ્કૃત નિંદાથી સર્વ ઘાતી કર્મના ક્ષય કરીને યાવત્ કેવળજ્ઞાનને પણ પામ્યાના અનેક પ્રકારના દાખલા શાસ્ત્રોમાં નોંધાયેલા છે. રસ્તામાં કપડાં પહેરીને બહાર નીકળતાં કાદવમાં થઈને જઈ રહેલ મનુષ્યને છાંટો ઉડ્યો, પછી જ્યારે તે ડાઘ દૂર કરવા કપડું ધોવા આવે છે ત્યારે છાંટાના ડાઘાની સાથે કપડામાં રહેલો બીજો મેલ પણ દૂર થાય છે, તેમ એક દુષ્કૃતની નિંદા કરતાં કરતાં તે જ દુષ્કૃતથી બંધાયેલ કર્મની સાથે સાથે બીજાં પણ અનેક કર્મો ધોવાઈ જાય છે.

દુષ્કૃત નિંદાથી કેવળજ્ઞાન ઉપર કૂરગડુ મુનિનું દૃષ્ટાંત

એક ગચ્છમાં એક મુનિ તીવ્ર ક્ષુધાવેદનીય કર્મના ઉદયવાળા હતા. સવારના જ ગોચરી જઈને ઘડો ભરીને કૂર લાવે. અને વાપરે પછી જ તે સાધુક્રિયાઓ (પ્રતિલેખન) સર્વ પાળી. સ્વાધ્યાય, વૈયાવચ્ચ આદિ કરી શકે. ખાવાની [illegible] લાલચ નહીં. તેથી જ કોઈ પ્રકારના પકવાન્ન નહીં લાવતા. પણ ક્ષુધાવેદનીયનું જોર એટલું બધું કે ઘડા ભરીને કૂર પણ લાવ્યા અને વાપર્યા વિના ન જ ચાલે, આથી તેમનું નામ કૂરગડુ મુનિવર પડી ગયું.

[illegible]

મન નથી. પરંતુ ક્ષુધા વેદનીય કર્મનો ઉદય તીવ્ર ક્ષુધા ઉભી કરે છે. અન્ન વિના ચાલી શકતું નથી, રોજની વિધિ મુજબ ગોચરી ઉપડ્યા. ઘડો ભરીને કૂર લઇ આવ્યા. સાધુ-આચારને અનુસરીને તે ભોજન અન્ય મુનિઓ સમક્ષ રજૂ કરીને આમંત્રણ કર્યું,

जइ मे अणुग्गहं कुज्जा, साहू हुज्जा मे तारिओ

હે સાધુ ભગવંતો, આમાંથી કંઇક ગ્રહણ કરીને અનુગ્રહ કરો તો હું સંસાર સમુદ્રમાંથી તરું. તપસ્વી મુનિઓ ગુસ્સે થયા. અરે મૂર્ખ? આજનો દિવસ પણ ભોજન ન છૂટયું? એમ બોલીને ગુસ્સાથી પાત્રમાં થુંકયા. કુરગડુ મુનિ ગોચરી કરવા એકાંતમાં ગયા. ગોચરી કરતા કરતા દુષ્કૃતની નિંદા કરવા લાગ્યા—

"હે જીવ? પૂર્વે તેં તપ ધર્મમાં કેવો અંતરાય કરેલ, કે આવા મહાપર્વના દિવસે કે જે દિવસોમાં નાના બાળક પણ ઉપવાસ કરે તે દિવસે તું આજે ભોજન કરવા બેઠો છે, ધિક્કાર છે તારા આત્માને, ધિક્કાર છે તારી પૂર્વ ભવમાં થયેલ તપના અંતરાય કર્મને ઉભી કરનાર પ્રવૃત્તિને? રે જીવ? કર્મ કરવા સહેલા છે ભોગવવા ખૂબ જ કઠણ છે. ધન્ય છે આ તપસ્વી મહાત્માઓને! સારૂ થયું. તેમણે તો તારા લુખા કૂરમાં ઘી ચોપડયું છે. હે તપસ્વી મહાત્માઓ! પાપી અને અભાગીયા એવા મારા આ દુષ્કૃતને માફ કરજો–હે જીવ? ફરીથી આવા કર્મ ઉભા ન કરીશ, જે ભોગવવામાં જીવને અનેક યાતનાઓ સહન કરવી પડે છે."

દુષ્કૃતની નિંદા કરતા કૂરગડૂ મુનિ ધ્યાનમાં આગળ વધ્યા. શુક્લધ્યાન પ્રાપ્ત કરી ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ કરીને ત્યાંજ કેવલજ્ઞાન પામી ગયા. આમ ભોજન કરતાં કરતાં આ મહામુનિએ દુષ્કૃત નિંદાના પ્રભાવથી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા ગગનમાર્ગે આવતા દેવોને જોઇ તપસ્વી મુનિઓ વિચારમાં પડ્યા, કે ખરેખર આપણા તપના પ્રભાવથી દેવો આવી રહ્યા છે. ત્યાં તો દેવો તપસ્વી મુનિની દિશા છોડીને કૂરગડૂ મુનિ પાસે પહોંચ્યા, અને તેમનો કેવળજ્ઞાન મહોત્સવ કરવા માંડ્યા. તપસ્વી મુનિઓ પણ પશ્ચાત્તાપ કરવા લાગ્યા. અને આવા મહામુનિની આશાતના કરવા બદલ પોતાની નિંદા કરતાં કરતાં તપસ્વી મુનિઓએ પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. **આ છે દુષ્કૃત નિંદાનો પ્રભાવ**


પહેલાં આપણે જોઈ ગયા છીએ કે દુષ્કૃત નિંદા રોજ ત્રિકાળ કરવાની છે. આજે આપણે અત્રે બિરાજમાન પરમાત્માની સમક્ષ વિસ્તારથી આ દુષ્કૃત નિંદાની ક્રિયા કરવાની છે. આના બે વિભાગ પાડવાના છે. પહેલા વિભાગમાં જગતના સર્વ જીવોને આપણે ભૂતકાળમાં, ચારગતિમાં અન્ય [illegible] જે પીડ્યા, હેરાન કર્યાં, માર્યાં, દુભવ્યા [illegible] તે જીવો જોડે ક્ષમાપના કરવાની છે, અને માટે [illegible] વિવેચન કરવામાં [illegible] મિચ્છામિ દુક્કડં [illegible] છે.

આ ભવમાં તથા ભૂતકાળના ભવોના મિથ્યાત્વ, અવિરતિ, કષાય, નોકષાય તથા યોગથી કરેલા પાપના પ્રસંગોને પ્રગટ કરીને બીજા વિભાગમાં આપણે પ્રભુ સમક્ષ મિચ્છા મિ દુક્કડમ્ દેવાનો છે.

આ ક્રિયા કરતાં કરતા હૃદયને ખૂબજ મૃદુ-પશ્ચાત્તાપની પરિણતિવાળું રાખવાનું છે.

જેમ કોઈ ગુનેગાર પોતાથી થઈ ગયેલ મહાન ગંભીર ગુનાઓની ભયંકર સજા નજર સમક્ષ દેખતાજ ગદ્ગદ્ કંઠે રોતાં રોતાં. ફરીથી આવું નહિ કરું, એમ જાહેર કરતાં કરતાં રાજા કે ન્યાયાધીશ સમક્ષ ક્ષમા યાચે છે.

તેમ આપણે પણ પ્રભુની સમક્ષ આપણા દુષ્કૃત રૂપ ગુનાની ભયંકર દુર્ગતિ રૂપ સજાને નજર સમક્ષ રાખીને ગદ્ગદ્ કંઠે, આંખમાં આંસુ સાથે, "અરે રે! મેં કેવાં મહાપાપો કર્યાં, હવે આવા ન કરું," એવા ભાવ સાથે ક્ષમા યાચવાની છે, એટલે કે "મિચ્છા મિ દુક્કડમ્" દેવાનો છે.



(૨) દુષ્કૃત નિંદાની આરાધના

વિભાગ–૧ લો

જગતના સર્વ જીવો જોડે ક્ષમાપના

(ખામણા કુલકના આધારે)

ઓઘથી બધા જીવો જોડે ક્ષમાપના કરાય છે.

जो कोइ मए जीवो, चउगइसंसारभवकडिल्लंमि ।
दुहविओ मोहेणं, तमहं खामेमि तिविहेणं ॥१॥

ચાર ગતિ રૂપ સંસાર અટવીમાં ભટકતા મેં જે કોઈ જીવને મોહથી દુઃખી કર્યો હોય તેને હું મન–વચન–કાયાથી ખમાવું છું.

હવે વિશેષથી દરેક ગતિમાં રહેલા આપણા જીવે જે જે જીવોને દુહવ્યા છે તે જીવોની ક્ષમા યાચીએ છીએ.

नरएसु य उववन्नो, सत्तसु पुढवीसु नारगो होउं ।
जो कोइ मए जीवो, दुहविओ तं पि खामेमि ॥२॥

સાતે નારકીને વિષે નારક તરીકે ઉત્પન્ન થયેલા મેં જે કોઈ જીવને દુહવ્યા એટલે કે દુઃખી કર્યા હોય તે જીવોને હું ખમાવું છું અર્થાત્ તે જીવો પાસે ક્ષમા યાચું છું. (મિચ્છા મિ દુક્કડં)

घायणभेयणमाइ, परोप्परं जं कयाइं दुक्खाइं ।
[illegible]

નારકીના ભવમાં કર્મને વશ થઈને પરસ્પર બીજા અનેક નારકીના જીવોને (૧) શસ્ત્રોનો ઘાત કરવો (૨) ચૂરી નાખવા (૩) કાપવા (૪) પીલવા વગેરે અનેક પ્રકારની પીડાઓ આપી હોય તે સર્વ જીવો જ્યાં હોય ત્યાં તેઓને અત્રે રહેલો હુ હે પ્રભુ ! આપની સમક્ષ ખમાવું છું (મિચ્છા મિ દુક્કડમ્)

निद्दयपरमाहम्मिअरुवेणं, बहुविहाइं दुक्खाइं ।
जीवाणं जणियाइं, मूढेण तं पि खामेमि ॥४॥

નિર્દય પરમાધામી[1] દેવ તરીકે ઉત્પન્ન થયેલા મેં નાર-

---

૧. પંદર પ્રકારના પરમાધામી દેવો એ અસુરનિકાયમાં એક જાતના ભવનપતિ દેવો છે. તેઓ કુતુહલવૃત્તિથી મનોરંજન માટે નારકામાં જઈને નારકીના જીવોને અનેક પ્રકારની પીડાઓ આપે છે.

તે પંદર પ્રકારના પરમાધામીઓના નામ તથા નારકીના જીવો પ્રત્યેનું કાર્ય નીચે મુજબ છે.

(૧) અમ્બ-ઊંચે લઈને પછાડે છે.
(૨) અમ્બરીષ-ભઠ્ઠીમાં પકવી શકાય તેવા ટુકડા કરે છે.
(૩) શબલ-આંતરડાં તથા હૃદયને ભેદે છે.
(૪) શ્યામ-કાપેકુપે છે. કાપકુપ કરે છે.
(૫) રૂદ્ર-ભાલા વિગેરેમાં પરોવે છે.
(૬) ઉપરૂદ્ર-અંગોપાંગ ભાંગે છે
(૭) અસિપત્ર-તલવાર જેવા પત્રનું વન બનાવે છે.
(૮) ધનુ -ધનુષમાંથી છોડેલા અર્ધચંદ્રાકાર બાણોથી વીંધે છે.
(૯) કુંભ-કુંભાદિમાં પકાવે છે.
(૧૦) કાલ-વારંવાર ખાંડાને સ્નિગ્ધ માંસના લોચાને આસ્વાદે છે
(૧૧) મહાકાલ-કુંડ વિગેરેમાં રાંધે છે.

વિનાશ કર્યો હોય તે સર્વ જીવોને હું ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડમ્)

सप्पसरिसवमज्झे, वानरमज्जारसुणहसरहेसु ।
जे जीवा वेलविया, दुक्खविया ते वि खामेमि ॥११॥

ઉરઃપરિસર્પ તથા ભુજપરિસર્પના સર્પ, ખીસકોલી, ગીલોડી વગેરેના ભવોમાં તથા વાનર, બિલાડી, કુતરા, અષ્ટાપદ પ્રાણી વગેરેના ભવોમાં ઉત્પન્ન થયેલા મેં જે જીવોને હેરાન કર્યા હોય કે દુઃખી કર્યા તે સર્વ જીવોને ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડમ્.)

सद्दूलसीहगंडयजाईसु जीवघायजणिआसु ।
जे उवन्नेण मए विणासिया ते वि खामेमि ॥१२॥

વાઘ, સિંહ, ગેંડા વગેરે હિંસક પ્રાણીઓમાં ઉત્પન્ન થયેલા મેં જે જીવોના વિનાશ કર્યો, માર્યા, ફાડ્યા, ખાધા, વગેરે અનેક રીતે પીડાઓ ઉપજાવી હોય, તે સર્વ જીવોને હે દેવાધિદેવ પ્રભુ ! આપની સમક્ષ ઉપસ્થિત થયેલો હું પશ્ચાત્તાપ ભર્યા હૃદયે, મન-વચન-કાયાથી અનુવિંધ ભાવની સાક્ષીએ ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડમ્.)

चोलावणिकुक्कुड-हंसबगाईसु सउणजाईसु ।
जे कुरकम्मेण मए, किलामिया ते वि खामेमि ॥१३॥

પક્ષીઓમાં [illegible], ચીલ, કુકડા, હંસ, બગલા વિગે- રેમાં ઉત્પન્ન થઇ [illegible] જે કૃમિ, મંકોડા, [illegible],

માછલાં, વગેરે જીવોનાં ભક્ષણ કર્યાં છે તે સર્વ જીવોને ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડમ્)

मणुएसु वि जे जीवा जिब्भिंदियमोहिएण मूढेण ।
पारद्धिरमंतेणं, विणासिया ते त्रि खामेमि ॥१४॥

મનુષ્યપણામાં પણ જિહ્વેન્દ્રિયથી મોહિત થયેલા મૂઢ એવા મે શિકાર કરતા, માંસાહાર તથા અભક્ષ્યાદિના ભોજન કરતાં જે કોઈ જીવોનો નાશ કર્યો હોય, આ ભવમાં કે ગત ભવોને વિષે, તે સર્વ જીવોને હુ ત્રિવિધ ત્રિવિધ ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડમ્)

जे मज्जमंसमज्जे मधुमक्खणमाइए जे जीवा ।
खद्धा रसलोभेणं विणासिया ते त्रि खामेमि ॥

રસના લોભથી માંસ, મદ્ય, મધ, માખણ, કંદમૂળ, વાસી ખોરાક આદિ અભક્ષ્ય પદાર્થો ખાધા, તેમાં જે જીવોનો વિનાશ કર્યો હોય તેઓને ખમાવું છું–(મિચ્છા મિ દુકકડ)

फासगठिएसु जे च्चिय, परदाराईसु गच्छमाणेणं ।
जे दूमिय दुहविया, ते त्रि य खामेमि तिविहेणं ॥१५॥

સ્પર્શનેન્દ્રિયને વશ થઈને પરસ્ત્રી આદિનું સેવન કરતાં જે જીવોને મેં દુઃખી કર્યાં છે, તે જીવોને મન–વચન–અને કાયાથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

चक्खिंदियघाणिंदियसोइंदियवसगएण जे जीवा ।
दुक्खंमि मए ठविया, ते हं खामेमि तिविहेणं ॥१६॥

ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય તથા શ્રોત્રેન્દ્રિયને વશ થઈને જે જીવોને મેં દુઃખી કર્યાં હોય તે સર્વ જીવોને હે દેવાધિદેવ ? ત્રણ જગતના નાથ ! પ્રભુ ! આપની સમક્ષ ચતુર્વિધ સંઘની સાક્ષીએ મન-વચન-કાયાથી ખમાવુ છું. (મિચ્છા મિ દુક્કડમ્)

सामित्तं लहिऊणं, जे बद्धा घाइआ य मे जीवा ।
सवराहनिरवराहा, ते वि य तिविहेण खामेमि ॥१७॥

સ્વામિત્વને પામેલ એટલે કે રાજા, કોટવાળ, સેનાપતિ વગેરે સત્તાસ્થાને રહેલા મેં જે અપરાધી કે નિરપરાધી જીવોને બાંધ્યા, કેદ કરાવ્યા, હણાવ્યા હોય તે જીવોને મન-વચન-કાયાથી ભાવપૂર્વક ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડમ્)

अक्कमिऊणं आणा, कारविया जे उ माणभंगेणं ।
तामसभावगएणं, ते वि य तिविहेण खामेमि ॥१८॥

માનભંગ થવાના કારણે તામસભાવને પામેલા મેં બળાત્કારે જે જીવો પાસે આજ્ઞા પળાવી હોય તે સર્વ જીવોને હું ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

अब्भक्खाणं जं मे, दिन्नं दुट्ठेण कस्सइ नरस्स ।
रोसेण व लोभेण व, तं पि य तिविहेण खामेमि ॥१९॥

દુષ્ટ એવા મેં ગુસ્સાથી કે લોભથી જે કોઈ મનુષ્યને [illegible] હોય તેને પણ હું ત્રિવિધે ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

જન્મેલા મેં સુખથી છકી જઇને જે કોઈ જીવોનો નાશ કર્યો હોય. આમ સમસ્ત મનુષ્યના વર્તમાન ભવમાં તથા ભૂતકાળના ભવોને વિષે મેં જે કોઈ જીવોનો વિનાશ કર્યો હોય, પીડા ઉપજાવી હોય, દુઃખી કર્યા હોય, તેઓને વિષે પ્રતિકૂલ આચરણ કર્યું હોય, તે સર્વ જીવોને હે દેવાધિદેવ શ્રી જિનેશ્વર ભગવંતો ! હું આપની સાક્ષીએ, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ, સાધુ ભગવંતોની સાક્ષીએ, અવધિજ્ઞાની દેવોની સાક્ષીએ, તેમજ મારા પોતાના આત્માની સાક્ષીએ ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

देवत्ते वि य पत्ते, केलिपओसेण लोहबुद्धीए ।
जे दुहविया सत्ता, ते वि य तिविहेण खामेमि ॥२७॥

દેવના ભવોને વિષે પણ કુતુહલ ક્રીડા, દ્વેષ તથા લોભની બુદ્ધિથી પણ જે અન્ય દેવો કે મનુષ્યો વગેરેને દુભવ્યા, સતાવ્યા કે દુઃખી કર્યા છે. તે સર્વ જીવોને અતઃકરણ પૂર્વક ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

भवणवईणं मज्झे आसुरभावम्मि वट्टमाणेणं ।
निद्दयहणगमणेणं, जे दूमिया ते वि खामेमि ॥२८॥

ભવનપતિ નિકાયમાં પણ આસુરીભાવમાં વર્તતા મેં નિર્દયપણે હણવાની બુદ્ધિથી જે જીવોને દુઃખી કર્યા હોય તે સર્વ જીવોને ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

અવસર્પિણીના ૪-૫-૬ આરામાં આ રીતે વ્યવહાર ચાલે છે. યુગલિક ભૂમિઓમાં વ્યાપાર-કૃષિ-રાજ્ય-પ્રજાદિ વ્યવસ્થાઓ કે કલેશો ક્યારે પણ હોતા નથી.

मिच्छत्तमोहिएणं, जे वि हया के वि धम्मबुद्धीए ।
अहिगरणकारगेणं, वहाविआ ते वि खामेमि ॥२४॥

મિથ્યાત્વથી મૂઢ બનેલા મેં ધર્મ બુદ્ધિથી તથા પરસ્પર ક્લેશ આદિના કારણે યુદ્ધ વગેરેમાં અનેક જીવોને મરાવ્યા હોય તે સર્વ જીવોને ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

दवदाणपलीवणयं काऊणं जे जीवा मए दड्ढा ।
सरदहतलायसोसे जे वहिया ते वि खामेमि ॥२५॥

વર્તમાન ભવમાં કે ભૂતકાળના ભવોમાં, દાવાનળ સળગાવરાવીને જે જે જીવોને મેં બાળ્યા હોય, તથા સરોવર, તળાવ, દ્રહ વગેરે શોષાવીને તેમાં રહેનારા માછલા દેડકા પ્રમુખ અનેક જીવોનો વધ કરાવ્યો હોય તે સર્વ જીવોને હું ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

मणुयत्तणेण मए जे जीवा केई भोगभूमीसु ।
अंतरदीवेसु वा विणासिया ते वि खामेमि ॥२६॥

ભોગભૂમિ (અકર્મભૂમિ)[४] અથવા અંતરદ્વીપો આદિમાં

४. ३० અકર્મભૂમિઓ તથા ૫૬ અંતર્દ્વીપો યુગલિક ભૂમિઓ છે તેમાં પુરુષ સ્ત્રીનાં યુગલ સાથે જન્મે છે. આગળ ઉપર પતિ-પત્નીનો વ્યવહાર કરે છે. કલ્પવૃક્ષ આદિ પાસેથી ઈષ્ટ ભોજન, વસ્ત્ર, [illegible] વગેરે મેળવે છે. [illegible] જન્મ આપી, થોડા કાળમાં [illegible] દેવલોકમાં ઉપજે છે. [illegible] આગમમાં [illegible]

જન્મેલા મેં સુખથી છૂટી જઇને જે કોઈ જીવોનો નાશ કર્યો હોય. આમ સમસ્ત મનુષ્યના વર્તમાન ભવમાં તથા ભૂતકાળના ભવોને વિષે મેં જે કોઈ જીવોનો વિનાશ કર્યો હોય, પીડા ઉપજાવી હોય, દુઃખી કર્યા હોય, તેઓને વિષે પ્રતિકૂલ આચરણ કર્યું હોય, તે સર્વ જીવોને હે દેવાધિદેવ શ્રી જિનેશ્વર ભગવંતો ! હું આપની સાક્ષીએ, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ, સાધુ ભગવંતોની સાક્ષીએ, અવધિજ્ઞાની દેવોની સાક્ષીએ, તેમજ મારા પોતાના આત્માની સાક્ષીએ ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

देवत्ते वि य पत्ते, केलिपओसेण लोहबुद्धीए ।
जे दुहविया सत्ता, ते वि य तिविहेण खामेमि ॥२७॥

દેવના ભવોને વિષે પણ કુતુહલ ક્રીડા, દ્વેષ તથા લોભની બુદ્ધિથી પણ જે અન્ય દેવો કે મનુષ્યો વગેરેને દુભવ્યા, સતાવ્યા કે દુઃખી કર્યા છે. તે સર્વ જીવોને અંતઃકરણ પૂર્વક ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

भवणवईणं मज्झे आसुरभावम्मि वट्टमाणेणं ।
निद्दयहणणमणेणं, जे दूमिया ते वि खामेमि ॥२८॥

ભવનપતિ નિકાયમા પણ આસુરીભાવમાં વર્તતા મેં નિર્દયપણે હણવાની બુદ્ધિથી જે જીવોને દુઃખી કર્યા હોય તે સર્વ જીવોને ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

ઉત્સર્પિણીના ૪-૫-૬ આરામાં આ રીતે વ્યવહાર ચાલે છે. યુગલિક ભૂમિઓમાં વ્યાપાર-કૃષિ-રાજ્ય-લગ્નાદિ વ્યવસ્થાઓ કે ક્લેશો વગેરે પણ હોતા નથી.

वंतररूवेणं मए केलिकिलभावओ य जं दुक्खं ।
जीवाणं संजणियं, तं पि य तिविहेण खामेमि ॥२९॥

વ્યંતરના રૂપે રહેલા મેં રમત–કુતૂહલ–ગમ્મત આદિના ભાવથી જે જીવોને દુઃખ ઉત્પન્ન કર્યું છે, તે સર્વ જીવોને હું ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

जोईसिएसु गएणं विसयामिसमोहिएण मूढेणं ।
जो को वि कओ दुहिओ, पाणी मे तं पि खामेमि ॥३०॥

વિષયાસક્તિથી મોહિત થયેલા જ્યોતિષ દેવલોકમાં રહેલા મેં જે કોઇ જીવને દુઃખી કર્યા હોય તેને હું ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

परिड्ढिमच्छरेणं लोहनिवुड्डेण मोहवसगेणं ।
अभिओगिएण दुक्खं, जाण कयं ते वि खामेमि ॥३१॥

આભિયોગિક (નોકર) દેવ થયેલા મેં પારકાની રિદ્ધિની ઈર્ષ્યાથી તથા લોભ તેમજ મોહને વશ થઇને જે જે જીવોને દુઃખ કર્યું હોય તે સર્વ જીવોને હું ભાવથી ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

आयरिय उवज्झाए, सीसे साहम्मिए कुलगणे अ ।
जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि ॥

सव्वे अवराहपए खामेमि अहं खमेउ मे भयवं ।
[illegible] खामेमि, गुरुणो गणसंघायस्स संघस्स ॥

[illegible]

વિગેરેને વિષે મેં જે કોઇ કષાય કર્યા હોય તે સર્વને હું ત્રિવિધ ત્રિવિધ ખમાવું છું.

સઘળા અપરાધ પદોને ખમાવું છું. હે ભગવંત! આપ મારા અપરાધ પદોની ક્ષમા આપો, ગુણના સંઘાત સ્વરૂપ પૂજ્નીય શ્રી સંઘને પણ હું શુદ્ધ હ્રદયથી ખમાવુ છુ.. (મિચ્છા મિ દુક્કડં)

इय चउगइमावन्ना, जे के विय पाणिणो मए वहिया।
दुक्खे वा संठविया, ते खामेमी अहं सव्वे ॥३२॥

આ રીતે અજ્ઞાનપણાના કારણે, રાગથી કે દ્વેષથી ચારે ગતિમા રહેલા જે કોઇ પ્રાણિઓની મે હિંસા કરી, નાશ કર્યો, કે દુઃખમા મૂકયા હોય તે સર્વ જીવોને સજ્ઞાન અવસ્થાને પામેલો હુ હે દીન દયાળ! પ્રભુ! આપની સમક્ષ રાગ-દ્વેષ અને મોહને દૂર કરીને, મધ્યસ્થપણે આપની સાક્ષીએ, સિદ્ધપરમાત્માની સાક્ષીએ, સાધુ ભગવંતોની સાક્ષીએ, અવધિજ્ઞાની દેવોની સાક્ષીએ અને મારા આત્માની સાક્ષીએ ખમાવું છું, ક્ષમા યાચુ છું. મારા દુષ્કૃતને હે જીવો! તમે જ્યા હોય ત્યાંથી ક્ષમા આપશો.

આ સંસાર ચક્રમાં એક સિદ્ધ પરમાત્માના જીવો એવા છે કે જગતમાં કોઈ પણ જીવોના દુઃખમાં નિમિત્તભૂત થતા નથી. સાધુ ભગવંતો પણ જગતના જીવોને અભયદાન આપનારા છે. જ્યારે અવિરતિમાં રહેલા, ઘરવાસમાં રહેલ જીવો અન્યજીવોનો ભારે કચ્ચરઘાણ કાઢે છે અને અન્ય

જીવોની હિંસા આદિમાં નિમિત્તભૂત થાય છે. હે પ્રભુ! અવિરતિમાં રહેલા મારા જીવે પણ અનંતા જીવોને ભારે દુઃખો આપ્યાં છે, વિનાશ કર્યો છે. તે સર્વ જીવોને હું વારંવાર મન-વચન અને કાયાથી ખમાવું છું. ક્ષમા યાચું છું. (મિચ્છા મિ દુક્કડમ્, મિચ્છા મિ દુક્કડમ્, મિચ્છા મિ દુક્કડમ્)

सव्वे खमंतु मज्झ, अहं पि तेसिं खामेमि सव्वेसिं ।
जे केणइ अवरद्धं, वेरं चइऊण मज्झत्थो ॥३३॥

न य कोइ मज्झ वेसो सयणो वा एत्थ जीवलोगंमि।
दंसणनाणसहावो, एक्को हं निम्ममो निच्चो ॥३४॥

સર્વ જીવો મને ક્ષમા કરો. હું પણ સર્વ જીવોના જે કંઈ અપરાધ હોય તેની ક્ષમા આપું છું. હવે જગતના સર્વ જીવો પ્રત્યે સધળાય વૈરભાવને છોડીને હું મધ્યસ્થપણે રહું છું. મારે કોઈ દુશ્મન નથી. અથવા આ જગતમાં મારે કોઈ સ્વજન પણ નથી. હું નિર્મમ (મમત્વ વગરનો) અને નિત્ય, એકાકી, દર્શન અને જ્ઞાન સ્વભાવવાળો છું.

जिणा सिद्धा सरणं मे, साहू धम्मो य मंगलं परमं ।
जिणनवकारो पवरो, कम्मक्खयकारणं होउ ॥३५॥

શ્રી જિનેશ્વર ભગવંતો અને સિદ્ધ ભગવંતો, સાધુઓ તથા શ્રી જિનેશ્વરોએ કહેલ ધર્મ મારે શરણરૂપ છે. શ્રી જિનેશ્વર અથવા પંચપરમેષ્ઠિ ભગવંતોને કરેલ નમસ્કાર કર્મક્ષયમાં કારણરૂપ થાવ.

इय खामणाउ एसा चउगइमावन्नयाण जीवाणं ।
भावविसुद्धीए मह, कम्मक्खयकारणं होउ ॥३६॥

આ રીતે ચારગતિમાં રહેલા જીવોની સાથે [illegible] વિશુદ્ધિથી કરેલી મારી ક્ષમાપના હે પરમેષ્ઠિ [illegible] કર્મક્ષયમાં કારણભૂત બનો.

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ।

(આ ગાથા બધાએ સાથે બોલવી)

હું સર્વ જીવોને ખમાવું છું, [illegible] આપો, મારે સર્વ પ્રાણીઓ સાથે મૈત્રી છે. [illegible] સાથે વૈરભાવ નથી.

ચાર ગતિમાં રહેલા જીવોની [illegible]



વિભાગ—૨

મિથ્યાત્વાદિના કારણે થયેલ દુષ્કૃતોની ગર્હા (નિંદા)

આપણે જે જે જીવોની પીડામાં જે કોઈ ભવમાં નિમિત્તભૂત થયા હોઈએ તે સર્વ જીવો જોડે પરમાત્માની સમક્ષ અરિહંતાદિની સાક્ષીએ ક્ષમાપના કરી લીધી છે. હવે આપણે આપણા ભૂતકાળના ભવોનાં તથા આ ભવનાં દુષ્કૃતોને યાદ કરીને પરમાત્માની સમક્ષ મિચ્છા મિ દુક્કડં દેવાના છે.

શરૂઆતમાં સામાન્યથી બધા પાપના મિચ્છા મિ દુક્કડમ્ દેવાય છે.

मनोवाक्कायजे पापे, कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूयादपुनः क्रिययान्वितम् ॥

હે પ્રભુ ! મન–વચન–અને કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવા રૂપ જે કંઈ દુષ્કૃત મેં કર્યું હોય તે દુષ્કૃત ફરીથી ન થાય તે રીતે હું તેના મિચ્છા મિ દુક્કડં દઉં છું.— (મિચ્છા મિ દુક્કડમ્)

હે નાથ ! ત્રણ જગતના બંધુ ! કરુણા સાગર ! વિભો ! આપના ઉત્તમ શાસનને પામ્યા પછી મને સમજાયું છે કે [illegible]— આત્મા એ દ્રવ્યતઃ નિત્ય છે, અનાદિકાળીય છે, પણ પ્રભુ ! અજ્ઞાનપણું, મિથ્યાત્વ, અવિરતિ આદિના કારણે મેં [illegible] આ ભવમાં તથા ગત અનેક ભવોમાં અનંતા [illegible] છે. તેનું વર્ણન કરવા પણ હું સમર્થ નથી. [illegible] આપના [illegible] આલંબનને પામીને આપની

સમક્ષ હું એ સર્વ દુષ્કૃત્યોની ભાવપૂર્વક નિંદા કરવા ઉપસ્થિત થયો છું. દુષ્કૃત નિંદાના પ્રભાવે મારા જીવનમાંથી દુષ્કૃતો નાશ પામે એજ ઇચ્છા રાખું છું.

પ્રભુ! વિશ્વમાં જીવો ચાર કારણે ભયંકર પાપો કરી રહ્યા છે. તે ચાર કારણો છે–મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગ, મારા જીવે પણ આ ચાર હેતુથી ભૂતકાળમાં અનંતા પાપો કર્યા છે, જેનું વર્ણન કરવા પણ હું સમર્થ નથી, છતાં આપના શાસનના આલંબનને પામીને આપની સમક્ષ પશ્ચાત્તાપ ભર્યા હૈયે તે બધાનો એકરાર કરવા હું ઉપસ્થિત થયો છું. હે નાથ! મારા આ પાપો સાંભળીને મારા તે પાપોની ક્ષમા આપવા કૃપા કરશોજી.

મિથ્યાત્વના કારણે થયેલા પાપોની નિંદા

નાથ! કર્મ બંધનું પ્રથમ કારણ છે મિથ્યાત્વ, મિથ્યાત્વ એટલે ખોટી માન્યતા, ઉંધું વલણ. સુદેવાદિને વિષે દેવપણાની બુદ્ધિનો અભાવ. અને કુદેવાદિને વિષે દેવપણાની બુદ્ધિ વગેરે.

અનાદિકાલથી આ સંસારમા ભટકતા મારા જીવને હે પ્રભુ! આ મિથ્યાત્વ નામનો રોગ લાગુ પડયો છે, મિથ્યાત્વ પિશાચ મને વળગ્યો છે, એણે મારી પાસે ન કરાવવાનાં કાર્યો કરાવ્યાં છે.

હે દેવાધિદેવ! આ મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે તે આ પ્રમાણે—

આભિગ્રહિક મિથ્યાત્વ[૫]

આ આભિગ્રહિક મિથ્યાત્વને વશ થઇને હે પ્રભુ! મેં દેવાધિદેવ શ્રી જિનેશ્વર ભગવંતની નિંદા કરી, તિરસ્કાર કર્યો, જિનેશ્વર ભગવંત સિવાય અન્ય રાગી દ્વેષી, અજ્ઞાની, મોહાંધ દેવોને દેવ તરીકે માન્યા, પૂજ્યા, બાધાઓ કરી, માન્યતાઓ કરી.

આભિગ્રહિક મિથ્યાત્વને વશ થઇને દેવવિષયક આવા પ્રકારનાં જે દુષ્કૃત ભૂતકાળના ભવોમાં તથા આ ભવમાં પણ હે કરુણાનિધાન ભદંત! મેં કર્યાં, કરાવ્યાં કે અનુમોદ્યાં, તે સઘળાં દુષ્કૃતની, આપની સાક્ષીએ, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ, ગુરુ ભગવંતોની સાક્ષીએ, અવધિજ્ઞાની દેવોની સાક્ષીએ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ નિંદા કરું છું, ગર્હા કરું છું. મારાં તે પાપો મિથ્યા થાઓ, મિથ્યા થાઓ, મિચ્છા મિ દુક્કડં (બધાએ સાથે બોલવું)

વળી આભિગ્રહિક મિથ્યાત્વને વશ થઇને હે પ્રભુ! વિષયાંધ ગુરુઓને, કુગુરુઓને, આરંભ અને પરિગ્રહધારી ગુરુઓને, ઉત્સૂત્ર પ્રરૂપક, ઉન્માર્ગગામી જિનવચનથી પ્રતિકૂળ ગુરુઓને સેવ્યા, પૂજ્યા, તેમના ઉપદેશ સાંભળ્યા, તેમને વાંદ્યા, તેમને સુપાત્રની બુદ્ધિથી દાન કર્યું, તેમ જ

૫ આભિગ્રહિક મિથ્યાત્વ — અનેક દર્શનોમાં કદાગ્રહ [illegible] છે, [illegible] જિનેન્દ્રથી યુક્ત ધર્મ [illegible] ધર્મ સાચો કે તેવા અન્ય ધર્મમાં [illegible] આભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય.

સુગુરુઓને ભાત-પાણીમાં અંતરાય કર્યો, અવગણના કરી, આશાતના કરી, નિંદા કરી, વગેરે મિથ્યા માર્ગને લગતું જે કંઈ આચરણ કર્યું હોય તે સઘળાય મારા દુરાચરણને હે તીર્થાધિપતિ! દેવાધિદેવ! આપની તથા કલ્યાણમિત્ર એવા ગુરુ ભગવંતોની સાક્ષીએ નિંદા કરુ છું. ગર્હા કરુ છું-તે બદલ મિચ્છા મિ દુક્કડમ્ દઉં છું. (મિચ્છા મિ દુક્કડં)

વળી તે જ મિથ્યાત્વના કારણે હે દેવાધિદેવ! કુધર્મમા ધર્મની બુદ્ધિ કરી, રાગી-દ્વેષી-અજ્ઞાન દેવોએ બનાવેલ વેદ, વેદાન્ત, બૌદ્ધાદિ ધર્મોને માન્યા, તેના અનુષ્ઠાનોને સેવ્યા, હિંસક યજ્ઞો કરાવ્યા, કર્યા, દેવ-દેવીઓની આગળ પંચેન્દ્રિય જીવો-બકરા પાડા-આદિના બલિદાનો આપ્યા, ધર્મના નામે પંચેન્દ્રિય જીવોની હિંસા કરી, મિથ્યાનુષ્ઠાનો સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં, મિથ્યા પર્વો કર્યાં, જૈન ધર્મની સામે પડયો, જૈન ધર્મનાં-તેના અનુષ્ઠાનોની નિંદા કરી, જિન ધર્મનાં આ-પર્વોને વિરાધ્યાં, સઘળાં ય પાપોથી ભારે થયેલ આત્માને હલકો કરવા, હે ત્રિજગદાધાર પ્રભુ! આપની સમક્ષ, ચતુર્વિધ સંઘની સાખે મારાં એ સર્વ પાપોને નિંદુ છું, ગર્હુ છું, તથા તે વિષયમાં મિથ્યા દુષ્કૃત આપું છું. (મિચ્છા મિ દુક્કડં)

અનાભિગ્રાહક મિથ્યાત્વ[1]

હે નાથ અનાભિગ્રહિક નામના બીજા મિથ્યાત્વને

[1] સર્વ દેવો, સર્વ ગુરૂઓ તથા સર્વ ધર્મોને સમાન માનવા, તે અનાભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય.

વશ થઈને મેં સઘળા ય ધર્મોને સમાન માન્યા, ગાયા, જાહેર કર્યા. આપના સુવિશુદ્ધ માર્ગને મેં જગતના અધુરા માર્ગ જોડે સરખાવ્યો, તેમની સમાન માન્યો, પ્રગટ કર્યો, આપની સાથે હે દેવાધિદેવ! મેં અજ્ઞાનીએ જગતના છદ્મસ્થ જીવોને સરખાવ્યા, સુગુરુ-કુગુરુને સમાન માન્યા, અર્થાત્ આપની આજ્ઞાનું વિશુદ્ધ રીતે પાલન કરતા, પંચ મહાવ્રત-ધારી, આરંભ-સમારંભના ત્યાગી, વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરનારા સુગુરુઓને કુગુરુઓની સાથે સરખાવ્યા અને તે દ્વારા સુસાધુઓની વિડંબણા કરી, ચારિત્ર માર્ગની આશાતના કરી, મારી એ જિનમત તથા અન્ય મતને સમાન ગણવાની બાબી જ મન-વચન-કાયાની પ્રવૃત્તિ હે દેવાધિદેવ! મિથ્યા થાવ, એ પ્રવૃત્તિ બદલ હું આપની સમક્ષ મારા આત્માની નિંદા કરું છું, ગર્હા કરું છું અને મિચ્છા મિ દુક્કડં આપું છું-(મિચ્છા મિ દુક્કડં)

સાંશયિક મિથ્યાત્વ

આ મિથ્યાત્વને વશ થઈને હે જગત્પિતા, કરુણાવંત પ્રભુ! મેં અનેક પ્રકારે આપના વચનોમાં શંકિત [illegible] ખોટી શંકાઓ કરી; સંપૂર્ણ શુદ્ધ એવા આપના [illegible] નય, પ્રમાણની ગુણસ્થાનાદિ સામગ્રીના અભાવે, [illegible] આપની નિર્મળતાદિના [illegible] હું ન સમજી શક્યો. [illegible] કર્મના ઉદયને [illegible] [illegible] [illegible] કરી. [illegible] તે સાંશયિક મિથ્યાત્વ.

અવિશ્વાસ કર્યો. મારી તે દુષ્ટ બુદ્ધિ અને અશુભ પ્રવૃત્તિ માટે હે જગતરક્ષક પ્રભુ! આપની સમક્ષ મારા આત્માની નિંદા કરું છું, ગર્હા કરું છું અને તે બદલ મિચ્છા મિ દુક્કડં આપું છું. (મિચ્છા મિ દુક્કડં)

આભિનિવેશિક મિથ્યાત્વ[૮]

આ ચોથા પ્રકારના મિથ્યાત્વને વશ થઇને હે જગત્પિતા! ત્રણ લોકના સ્વામી, વિશ્વવત્સલ હે પ્રભુ! આપના શુદ્ધ માર્ગની મેં શ્રદ્ધા ન કરી, ન સમજ્યો, અરે! સમજવા છતાં મારા દુરાગ્રહને પકડી રાખ્યો, બીજાઓએ સમજાવ્યા છતાં માનહાનિના ભયથી દુરાગ્રહને બરાબર પકડ્યો, જગતમાં વિસ્તાર્યો, દુરાગ્રહને વશ થઈ નવી નવી ખોટી પ્રરૂપણાઓ કરી, નવા મતો પ્રગટ કર્યા, અને તે દ્વારા અનેક ભદ્રિક, અને સરળ જીવોને ઉન્માર્ગે દોર્યા, તે મારા ભવોભવનાં તથા આ ભવના પણ મહામિથ્યાત્વપૂર્ણ આચરણ બદલ હે કરુણાનિધિ દેવ! આપની સમક્ષ મારા આત્માની નિંદા કરું છું, તથા તે બદલ ચતુર્વિધ સંઘની સાક્ષીએ મિથ્યા દુષ્કૃત આપું છું. (મિચ્છા મિ દુક્કડં)

અનાભોગિક મિથ્યાત્વ[૯]

'આ મિથ્યાત્વને વશ થઇને હે પ્રભુ! સમ્યક્

૮ સાચું જાણવા છતાં માનહાનિ આદિના ભયના કારણે કદાગ્રહ પકડી રાખવો તેને આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય છે.

૯ એકેન્દ્રિયાદિ જીવોને જે સત્ય કે અસત્ય કોઈનો પણ આગ્રહ નથી હોતો, તે અનાભોગિક મિથ્યાત્વ કહેવાય છે.

માર્ગ અને મિથ્યા માર્ગના તફાવતના જ્ઞાન વિનાના મેં સાચા માર્ગને ન જાણ્યો, ન ઓળખ્યો, એકેન્દ્રિયાદિના અજ્ઞાન ભવોમાં આમ મેં અનાભોગિક મિથ્યાત્વને વશ થઈને જે કંઈ દુરાચરણ ભૂતકાળના ભવોમાં તથા વર્તમાન ભવમાં કર્યું હોય તે સર્વની હે દેવાધિદેવ! આપની સાક્ષીએ, કલ્યાણમિત્ર એવા ગુરુભગવંતોની સાક્ષીએ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ નિંદા કરું છું, ગર્હા કરું છું, તથા તે બદલ મિચ્છા મિ દુક્કડં દઉં છું. (મિચ્છા મિ દુક્કડં)

આમ પાંચે પ્રકારના મિથ્યાત્વને લીધે થયેલા દુષ્કૃતોની નિંદા કરીને હવે સામાન્યથી મિથ્યાત્વને કારણે થયેલા પાપોની નિંદા કરીએ.

હે વિશ્વવત્સલ વિભુ! આ ભવમાં કે ગત ભવોમાં આપના પવિત્ર માર્ગમાં મિથ્યાત્વને વશ થઈને મેં જે કંઈ કાંટા નાખ્યા, વિરુદ્ધ કર્યું, આપની આશાતનાઓ કરી. જિન બિંબોનો નાશ કર્યો. મંદિરો તોડ્યાં. ફોડ્યાં. મંદિરોની અંદર કે બહાર દશ પ્રકારની કે ચોરાશી પ્રકારની આશાતનાઓમાંથી કોઈ પણ પ્રકારે આશાતનાઓ કરી, જિન પ્રતિમાઓ ભાંગી. શાસ્ત્રોનો નાશ કર્યો. શ્રુતનો અપલાપ કર્યો.

વિશ્વના જેવા તીર્થંકર પ્રભુઓ ઉપર દેવ-મનુષ્ય કે તિર્યંચ્યાદિકોમાં સંગમદેવાદિની માફક ઉપસર્ગો કર્યા હોય, ગોશાળાની માફક તેજોલેશ્યાઓ મૂકી હોય.

આપના શાસનના જૈન જેવા આચાર્ય ભગવંત, ઉપા[illegible] [illegible] અને સાધ્વીઓને હણ્યા, માર્યા, ઉપદ્રવો કર્યા,

ચોખરી પલ્લીમાં અંતરાય કર્યા, તેઓને ધર્મ આરાધના સાધવા અવસરમાં ઠપકો ઉભો કરી, દેવદ્રવ્યાદિની ઉપજમાં અંતરાય કર્યો, જાણ્યું કહ્યું, છતી શક્તિએ ઉપેક્ષા કરી સંઘોને હેરાન કર્યા. લૂંટયા, પૂજનીય શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘની સામે પડયો. સાધુ કે આરાધકોને ધારણ કરવા છતાં શાસન અને સંઘને વફાદાર ન રહ્યો, તેને નુકશાન થાય તેવાં કાર્યો મારી મંદ બુદ્ધિથી કર્યા, ધર્મના વિષયમાં પણ ગીતાર્થ ગુરુઓને અનુસર્યો નહી. તેમની આજ્ઞા પાળી—માની નહિ. વગેરે મહામિથ્યાત્વાદિને વશ થઈને જે કંઈ મિથ્યા આચરણ કર્યું તે અપરાધની–

હે કરૂણાવંત પ્રભુ! આપની સાક્ષીએ, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ, ગુરુભગવંતોની સાક્ષીએ, અત્ર બિરાજતી દેવોની સાક્ષીએ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ, મારા આત્માની સાક્ષીએ નિંદા કરું છું, ગર્હા કરું છું આવી નિંદનીય પ્રવૃત્તિ કરનાર મારા આત્માને વોસિરાવું છું અને આવી અશુભ પ્રવૃત્તિ બદલ–મન વચન અને કાયાથી ફરીથી આવી પ્રવૃત્તિ ક્યારેય મારો આત્મા ન કરે તેવી ઈચ્છાપૂર્વક મિથ્યા દુષ્કૃત આપું છું... (મિચ્છા મિ દુક્કડં)

[10](સમકિતના આઠ આચારો પાળ્યા નહી, તેમજ

---

૧૦ સમકિતદૃષ્ટિએ જીવનમાં અવશ્ય આચરવા જોઈએ, તેવા સમકિતના આઠ આચારો આ પ્રમાણે છે (૧) જિન વચનમાં નિઃસંદેહ બુદ્ધિ રાખવી (૨) અન્ય મતોની ઈચ્છા ન કરવી. (૩) જિનધર્મની ક્રિયાના ફળ વિષે શંકા ન કરવી તથા સાધુ સાધ્વીના મલ-મલિન અન્ન-પાન વસ્ત્રાદિ જોઈ દુર્ગંછા ન કરવી (૪) ઈતર ધર્મોના ચમત્કાર

તેની વિરુદ્ધ જે વર્તન કર્યું તેનું મિચ્છા મિ દુક્કડં દેવાય છે.)

હે પ્રભુ! હે વીતરાગ! હે દેવાધિદેવ!

મેં આપના વચનોને વિષે નિઃસંદેહ બુદ્ધિ ધરી નહીં પણ આપના વચનમાં શંકા કરી, तमेव सच्चं निस्संकं जं जिणेहिं पव्वेइयं " શ્રી જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપણ કર્યું છે, તે જ સાચું અને નિઃસંદેહ છે એવી બુદ્ધિ–પરિણતિ મારા હૃદયમાં ઉભી ન કરી.

અન્ય ધર્મોની મનમાં **ઇચ્છા** કરી. શ્રી જિનધર્મની ક્રિયાના ફળને વિષે **શંકા** કરી, અથવા સાધુ સાધ્વીના મલ મલિન ગાત્ર–પાત્ર–વસ્ત્ર–આદિ દેખીને **જુગુપ્સાનો** ભાવ કર્યો, અન્યના ચમત્કારો દેખી આકર્ષાયો. ખેંચાયો. બીજાના શુભ કાર્યોની–આરાધનાની ઇર્ષ્યા આદિના કારણે **અનુમોદના** ન કરી શક્યો, બળ્યો, શ્રી જિનવચનમા બીજા જીવોને **સ્થિર** ન કર્યા. ઉપરથી અસ્થિર કર્યા. અંતરાયો કર્યા, સંઘ સાધર્મિક પ્રત્યે **વાત્સલ્યનો** ભાવ ન ધર્યો, ઉપરથી દ્વેષ, ઇર્ષ્યા, તિરસ્કાર આદિ કર્યા. છતી શક્તિએ કૃપણતાદિ દોષથી શ્રી જિનશાસનની **પ્રભાવના** ન કરી. શ્રી જિન-ભક્તિ, મહોત્સવો. સંઘ. ઉપધાન. ઉજમણા. શ્રી જિનમંદિર નિર્માણ. પ્રતિષ્ઠા. જ્ઞાનભંડારાદિ કાર્યો છતી શક્તિએ ન કર્યાં, બીજા પાસે ન કરાવ્યાં. બીજાને કરતા અટકાવ્યા. ગાળો

[illegible] આરાધનાની પ્રશંસા કરી (૬) [illegible] શ્રી જિનશાસનની પ્રભાવના કરી.

ની દીધી, ધર્મપ્રભાવનામાં કોઈથી કરાતા દ્રવ્યવ્યયને લક્ષ્મીનો ધૂમાડો દીધો.

આમ દર્શનાચારના વિષયમાં જે કંઈ છતી શક્તિએ આચરણ ન કર્યું અથવા વિરુદ્ધ આચરણ કર્યું તે સર્વે મારા દુષ્કૃત્યોને હે દેવાધિદેવ! જગતત્રાતા, વિશ્વવિભુ! આપની સામે, ચતુર્વિધ સંઘની સાક્ષીએ નિંદુ છું. ગર્હું છું અને તે બદલ મિચ્છા મિ દુક્કડં દઉં છું. (મિચ્છા મિ દુક્કડં)

[11]અવિરતિના કારણે થયેલ પાપોની નિંદા

હે તીર્થાધિપતિ દેવાધિદેવ! આપના પવિત્ર માર્ગમાં અવિરતિ પણ પ્રતિષિદ્ધ છે—કર્મબંધના કારણ તરીકે જણાવેલ છે, તેને અજ્ઞાન એવો હું ન સમજ્યો. તેથી આ ભવમાં આપના માર્ગને પામવા છતાં મેં અવિરતિ ન છોડી, સર્વવિરતિ ધર્મ ન સ્વીકાર્યો, એટલું જ નહીં, પણ મારી શક્તિ મુજબ દેશથી પણ મેં વિરતિ ધર્મને ન આદર્યો,

અરે! વિરતિધર્મનો પ્રેમ પણ મારા અંતરમાં ન જાગ્યો. અનેક જીવોને વિરતિ ધર્મની પ્રાપ્તિમાં મેં અંતરાયો નાખ્યા, વિઘ્નો ઉભાં કર્યાં, એટલું જ નહીં, વિરતિ ધર્મનો ઉપદેશ આપવા બદલ સાધુઓની નિંદા-ઉપહાસ કર્યા.

૧૧ પાપનો પ્રતિજ્ઞા પૂર્વક ત્યાગ ન કરવો તે અવિરતિ. પાપ ન આચરવા છતાં, જ્યાં સુધી પાપ ત્યાગની પ્રતિજ્ઞા ન સ્વીકારાય ત્યાં સુધી અવિરતિના કારણે કર્મબંધ થાય છે.

તદુપરાંત ભૂતકાળમાં અનાદિ નિગોદથી અત્યાર સુધીના ભવોમાં મેં વિરતિ ન આદરવાના કારણે અનેક પ્રકારના અવિરતિ જન્ય કર્મ બાંધ્યાં, તે બદલ હે ત્રણ લોકના નાથ પ્રભુ ! આપની સમક્ષ અંતઃકરણ પૂર્વક મારા આત્માની નિંદા કરું છું, ગર્હા કરું છું, અને તે બદલ ક્ષમા યાચું છું. (મિચ્છા મિ દુક્કડં)

પાંચ ઇન્દ્રિય અને મનને કાબુમાં રાખ્યા નહી. છ કાયના જીવની હિંસાનાં પચ્ચક્ખાણ ન કર્યાં, પચ્ચક્ખાણ કરવાનું શું કામ છે ? આપણે તો મનથીજ પાળીએ છીએ વગેરે બોલી પચ્ચક્ખાણની હાંસી ઉડાવી ચૌદ નિયમ ધાર્યા નહિ. નિયમો લીધેલા તોડ્યા, વગેરે વિરતિધર્મની આશાતના કરી અવિરતિથી કર્મ બાંધ્યું. તેની ક્ષમા યાચું છું. (મિચ્છા મિ દુક્કડં)

કષાયને કારણે થયેલ પાપોની નિંદા

કર્મબંધનું ત્રીજુ કારણ છે. કષાય. કષ એટલે સંસાર તેનો આય એટલે લાભ–જેનાથી થાય તે કષાય. કષાય મુખ્ય ૪ છે (૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ. દરેક કષાયના તીવ્રતર, તીવ્ર, મધ્યમ. મંદ એમ ચાર ભેદો શાસ્ત્રીય ભાષામાં અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય, અને સંજ્વલન એ ૪ નામે ઓળખાય છે.

પ્રભુ ! ક્રોધના વશ થઈ મેં અનેક પ્રકારના ગુસ્સા કર્યા. રીસ કરી. દ્વેષ કર્યા, બીજાને દુભવ્યા, માર્યા, કાપ્યા, ક્રોધાદિ ઉશ્કેરાટ. [illegible] ક્રોધ–વેરની પરંપરા બાંધી. બીજાને ન શોભતાં વચન કીધાં, પ્રહારો પણ કર્યાં.

ખૂનો વગેરે પણ કર્યાં. માતા પિતા આદિ ઉપકારીની સામે પણ ગુસ્સો કર્યો, ધર્માચાર્યો, મુનિભગવંતો સાધર્મિકો પ્રત્યે પણ ગુસ્સાથી સામું બોલ્યો વગેરે—ક્રોધ કષાયને વશ થઈને હે દીનાનાથ. જગતવિધાતા પ્રભુ! મેં જે કંઈ પાપો આચર્યાં—તે બધાની આપની સમક્ષ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ નિંદા કરું છું. ગર્હા કરું છું અને તે બદલ મિચ્છા મિ દુક્કડં દઉં છું.

પ્રભુ! માન કષાયને વશ થઈને અભિમાનમાં ઉંચે ચડ્યો, બીજાને તુચ્છ ગણ્યા. સ્વપ્રશંસા ખૂબ કરી, કરાવી, પરનિંદામાં જ રચ્યો, અભિમાનના કારણે અનેક ગુણી આત્માઓની અવગણના કરી, તેઓ પ્રત્યે ઈર્ષ્યાવૃત્તિને ધારણ કરી. દેવ-ગુરુના વિનયને પણ ભૂલ્યો, સંઘ-સાધર્મિક પ્રત્યે પણ અક્કડ વલણ રાખી ધર્મના-શાસનના કાર્યોમાં પણ મારા માનના કારણે અવરોધો ઉભા કર્યા વગેરે માન કષાયને વશ થઈને અનેક પ્રકારનાં પાપો મેં આચર્યાં છે. તે સર્વે પાપ બદલ હે જગતતારક પ્રભુ! હું આપની પાસે ક્ષમા માગું છું. (મિચ્છા મિ દુક્કડં)

પ્રભુ, માયા કષાયને વશ પડી મેં જે કંઈ પ્રપંચો કર્યાં-કપટ કર્યાં, પરવંચના કરી, બીજાને ઠગ્યા, માપમાં ફેર-ફાર કર્યા, તોલમાં ફેરફાર કર્યા, ઓછા મૂલ્યવાળી વસ્તુનાં વધુ મૂલ્ય લીધાં, માયા પૂર્વક મૃષાવાદ બોલ્યો, લેણદારો જોડે માયા કરી, દેવ ગુરુ ધર્મ સાથે પણ માયા કરી, માયાના કારણે તિર્યંચના અવતાર મળ્યા છતાં માયા ન છોડી, તિર્યંચના ભવોમાં પણ માયા કરી—આમ ભૂતકાળના અનંત

અનુચિત ચિંતવ્યું, અનુચિત આચરણ કર્યું, રાગથી સ્પર્શો વગેરે કર્યા, ભોગ ભોગવ્યા, કુચેષ્ટાઓ કરી, સ્વ-સ્ત્રી પ્રત્યે પણ ખૂબ આસક્તિ પૂર્વક ભોગમાં રાચ્યો, બ્રહ્મચર્યનું પર્વતીથિએ પણ પાલન ન કર્યું, તે વિષયના નિયમો લઈને પણ ભાંગ્યા, ભોગની સૃષ્ટિમાં જ રચ્યો પચ્યો રહ્યો. માતા કે બેન વગેરેની જોડે પણ જાણતાં કે અજાણતાં અનુચિત આચર્યું,

સ્ત્રીવેદને વશ થઈને પરપુરુષ પ્રત્યે પણ આવું જ આચરણ કર્યું, શીલ અને સદાચારોની મર્યાદાઓ ઓળંગી, શીલનું ખંડન કર્યું, કુમારિકા કે વિધવા વગેરેની અવસ્થાઓને વિષે પણ પાપો આચર્યાં.

નપુંસક વેદને વશ થઈને સ્ત્રી-પુરુષ ઉભય પ્રત્યે અનુચિત રાગથી ભરપૂર આચરણ કર્યું, સજાતીયને પણ રાગ વગેરેથી સ્પર્શ કર્યો, તેમજ ન આચરવા જેવું આચરણ કર્યું, કામની વિટંબણાઓ કરી. કામાસક્ત થઈ અનેક પ્રકારની મૈથુન સંબંધી વિચારણાઓ કરી, બીભત્સ વચનો બોલ્યો, તથા પ્રકારના શૃંગારાદિ રસવાળાં રાગવર્ધક વચનો બોલી અને રાગને વશ થયો, અને બીજાને રાગને વશ કર્યા, બિભત્સ [illegible] વાંચી, નવલકથાઓ લખી, વાંચી, સીનેમાદિમાં કુચિત્ર દૃશ્યો દેખીને, તથા કુવાંચનથી તેમજ માનસિક કલ્પનાઓથી [illegible] કર્યો, પાંચે ઈન્દ્રિયોની પરાધીનતામાં [illegible] વિષયો ખૂબ રાગથી ભોગવ્યા, એમાં [illegible] [illegible] અનેક, [illegible] અનેક. [illegible] કર્યો, [illegible] વિષયાદિની પ્રવૃત્તિમાં [illegible] [illegible]

ભવમાં તથા દેવાદિના ભવમાં પણ મૈથુન સંજ્ઞાને ખૂબજ પોષી, આવા પ્રકારના દુષ્ટ પાપો હે દેવાધિદેવ સ્વામી! ચેદ નોકષાયને વશ થઈને મેં આચર્યાં, જેનુ વર્ણન કરવાને પણ હે સ્વામી! હુ આપ ૧ સમક્ષ સમર્થ નથી,

હે નાથ! મે આવા અગણિત પાપો આ ભવમાં તથા ભૂતકાળના ભવોમાં આચર્યાં છે, તે સર્વ પાપોને હે હે અરિહંત પ્રભુ! આપની સમક્ષ ઉપસ્થિત થયેલ હું આપની સાખે, સિદ્ધ પરમાત્માની સાખે, અવધિજ્ઞાની ગુરુ ભગવંતોની સાખે, સાધુ ભગવંતોની સાખે, ચતુર્વિધ સંઘની સાખે નિંદુ છું, ગર્હું છું તથા પાપી એવા મારા દુષ્ટ આત્માને વોસિરાવીને આ વિષયમાં મિચ્છા મિ દુક્કડમ્ દઉં છું. (મિચ્છા મિ દુક્કડં)

મન-વચન-કાયાના યોગથી થયેલ દુષ્કૃતોની નિંદા

કર્મ બંધનું ચોથુ કારણ યોગ છે.

હે પ્રભુ! મનથી મે અનેક પ્રકારના પાપો કર્યાં છે, તંદુલિયા મત્સ્યના ભવમાં સતત હિંસાની ચિંતા કરી, બીજા ભવોમાં પણ લોભને વશ થઈ ખોટા વિચારો કર્યા, વિકલ્પો કર્યાં, મનથી અનેક જીવોનું ખરાબ ચિંતવ્યુ, મનમાં કૃષ્ણ, નીલ અને કાપોત એવી અશુભ લેશ્યાઓ ઉભી કરી મનથી દેવાધિદેવની, ગુરુઓની, ધર્મની આશાતના કરી, અવગણના કરી, મનથી વિષયવર્ધક વિચારો કર્યા, ભોગાદિની ચિંતવના કરી, લક્ષ્મીનું ધ્યાન ધર્યું, કુદેવાદિને ધ્યાયા, મનથી પ્રસન્નચંદ્ર રાજર્ષિની માફક યુદ્ધો ખેલ્યાં, વગેરે

મનોયોગથી થએલ સર્વ પાપોને હે પ્રભુ! આપની સમક્ષ. ચતુર્વિધ સંઘની સાક્ષીએ નિંદુ છું, ગર્હું છું, અને તે વિષયમાં મિચ્છા મિ દુક્કડમ્ દઉં છું. (મિચ્છા મિ દુક્કડં)

હે નાથ! વચનથી મેં અનેક પ્રકારના પાપો કર્યાં છે, હિંસક વચનો બોલ્યો, મારું, કાપું, ફાડી નાખું, ચિરી નાખું, વિગેરે બીજાના મર્મભેદે તેવાં વચનો બોલ્યો. રાગ યુકત વચનો બોલ્યો, બિભત્સ વચનો બોલ્યો, અન્યની મશ્કરી કરનારાં વચનો બોલ્યો, શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણાઓ કરી, ઉન્માર્ગને સ્થાપ્યો. દેવ–ગુરુ–ધર્મની હાંસી ઉડાવનારા, આશાતના કરનારા, અવગણના કરનારા, પરાભવ–તિરસ્કાર કરનારા વચનો બોલ્યો, કષાયયુકત વચનો બોલ્યો. જુઠાં વચનો બોલ્યો. થાપણો ઓળવી, બીજાને ગમે તેવું સમજાવ્યું, વડીલો પ્રત્યે માતા–પિતા આદિ ગુરુજન પ્રત્યે અવિનયપૂર્વકનાં વચનો બોલ્યો, તે વચન યોગના સર્વ પાપ બદલ હે ત્રિભુવનપતિ! આપની સમક્ષ મારા આત્માને નિંદુ છું. ગર્હું છું અને તે વિષયમા મિથ્યા દુષ્કૃત આપું છું (મિચ્છા મિ દુક્કડં)

હે વિશ્વોપકારી વિભુ! મારા જીવે કાયાથી અનેક પ્રકારના પાપો આચર્યાં છે, સંયમની સાધનાને યોગ્ય મનુષ્યની કાયને [illegible] ફેડ્કી નાખી. [illegible] ન કરવા [illegible], હિંસા, ચોરી, તથા મ[illegible]માં આસક્ત[illegible] [illegible], [illegible] સંયમ અને તપની શુભ [illegible] ન કરી. [illegible], [illegible], [illegible]

ભોગો ભોગવ્યા, યુદ્ધો કર્યાં, પર્યટનો કર્યાં, અનેકવિધ ગામો—નગરો વિષે ઉપદ્રવો કર્યાં,

વૈજ્ઞાનિકના ભવોમાં મહાશસ્ત્રો કે સાધનો ઉત્પન્ન કરી અનંત જીવોનો ઘાણ કાઢ્યો.

વ્યંતરાદિના ભવોમાં કુતુહલ વગેરેથી અનેકોને રંજાડ્યા, વગેરે. ચારે ગતિમાં ભટકતા મારા જીવે અત્યાર સુધીમાં અનંતી કાયાઓ લીધી અને છોડી, કાયાઓને મરતાં વોસિરાવી નહીં, તેના કારણે કાયાને છોડીને આવ્યા પછી પણ તે તે કાયાઓનો પાપમાં ઉપયોગ થયો, વગેરે ભૂતકાળના સર્વ ભવોમાં તથા વર્તમાન ભવને વિષે પણ જે અનેક પ્રકારનાં પાપ આચરણો મેં કર્યાં, તે સર્વ પાપોની હે નાથ! હે કૃપાળુ ભદન્ત! આપની સાક્ષીએ નિંદા કરું છું, ગર્હા કરું છું અને તે બદલ પશ્ચાત્તાપ ભર્યા હૈયે, ભાવપૂર્વક મનથી, વચનથી અને કાયાથી મિચ્છા દુક્કડં આપું છું. (મિચ્છા મિ દુક્કડમ્)

આમ જિનેશ્વર ભગવંતના શાસનમાં જેને હેય તરીકે કહ્યા છે—જે પ્રતિષિદ્ધ છે તેવા[13] પાંચ પ્રકારના આશ્રવોને હે પ્રભુ! જે મેં સેવ્યા છે. અન્યની પાસે સેવરાવ્યા છે. સેવનારને સારા માન્યા છે, અનુમોદ્યા છે તે સઘળા મારા દુષ્કૃતને હે કરુણાવંત! ભદન્ત! હે જગતજીવ તારક. હે

[13] ૫ પ્રકારના મિથ્યાત્વ, ૧૨ પ્રકારની અવિરતિ, ૧૬ કષાય [illegible] ૯ નોકષાય મળી ૨૫ તથા ૧૫ પ્રકારના યોગ (૪ મન [illegible]) [illegible] આશ્રવના ૫૭ પ્રકાર થાય છે.

તિરસ્કૃત એવું જિનેશ્વર ભગવંત! આપની પવિત્ર નિશ્રામાં કેવલિન દેવ હું આપની સાક્ષીએ, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ, સાધુ મહાત્માઓની સાક્ષીએ, અવધિ- ની ઉપયોગવાળા દેવોની સાક્ષીએ ત્રિવિધે મન વચન અને કાયાથી પશ્ચાત્તાપ ભર્યાં દિલે પુનઃ આવા આશ્રવો જીવનમાં ન આવે તેવા શુભભાવ પૂર્વક સકલ સંઘની સાક્ષીએ નિંદુ છું, ગર્હું છું તથા દુષ્કૃત કરનાર એવા મારા આત્માને વોસિરાવીને તે વિષયમાં મિથ્યા દુષ્કૃત આપું છું (મિચ્છા મિ દુક્કડં)

છ[14] પ્રકારના અવ્રતથી થયેલ પાપોની નિંદા

હે નાથ! મેં અજ્ઞાનથી રાગ-દ્વેષ કે મોહને વશ થઈને જે છ કાયના જીવોની હિંસા કરી છે, જૂઠ વચનો બોલ્યા છું, ક્રોધ-લોભ-ભય અને હાસ્યને વશ બનીને જૂઠું બોલીને દુભાવ્યું છે. બીજાને કટુ વચનો બોલીને હણ્યા, તથા મેં ચોરીઓ કરી, વગર માલિકોની વસ્તુઓ લીધી, સરકારી કર ચોરીમાં, વિમાન-રેલ્વે-બસ ટપાલ વગેરેના ભાડામાં, માલની લેવડ-દેવડમાં એમ અનેક પ્રકારે અદત્તાદાન (ચોરીનું) પાપ કર્યું. વળી ભાગીદારોને છેતર્યા, ગ્રાહકોને ઠગ્યા, જ્ઞાન ધન, દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય આદિમાં ગોટાળા કર્યા, ફંડફાળાઓ વગેરે બોલી, ટીપમાં લખાવીને

૧૪ છ પ્રકારનાં અવ્રત આ પ્રમાણે છે (૧) પ્રાણાતિપાત-હિંસા (૨) મૃષાવાદ-અસત્ય (૩) અદત્તાદાન-ચોરી (૪) મૈથુન-અબ્રહ્મચર્ય (૫) પરિગ્રહ-ધનધાન્યાદિનો મૂર્છા પૂર્વક સંગ્રહ (૬) રાત્રિ ભોજન.

ચુકવ્યા નહીં, મોડા ચુકવ્યા, મંદિર-ઉપાશ્રયના કામમાં નફો કર્યો, વગેરે અનેક પ્રકારે અદત્તાદાન વિષયી દુષ્કૃત કર્યાં હે ચતુર્મુખ પ્રભુ! આપની સમક્ષ મારા આત્માની નિંદા કરું છું, ગર્હા કરું છું, અને તે વિષયમાં ચતુર્વિધ સંઘ સમક્ષ મિથ્યા દુષ્કૃતને દઉં છું. (મિચ્છા મિ દુક્કડમ)

હે નાથ! ચોથા મૈથુન નામના અવ્રત વિષયમાં, મેં બ્રહ્મચર્યનું પાલન ન કર્યું, વિષયો ભોગવ્યા, શીલ-સદાચારોની મર્યાદાઓ ઓળંગી, બ્રહ્મચર્યની નવ વાડ ઓળંગી, દેવ મનુષ્ય કે તિર્યંચ સંબંધી જે મૈથુનનું પાપ મન-વચન કાયાથી આચર્યું.

હે નાથ! પાંચમા પરિગ્રહ નામના અવ્રત વિષયમાં ધન-ધાન્ય આદિનું ઘણું જ પ્રમાણ રાખ્યું, વળી તેના ઉપર મૂર્ચ્છા રાખી, ન હતું તેની તૃષ્ણા કરી.

છઠ્ઠા રાત્રિભોજન નામના અવ્રત વિષયમાં રાત્રિભોજન કર્યા, રાત્રે દવાઓ લીધી, પાણી પીધાં, સાધુ જીવનમાં રાત્રિમાં લાવેલ ઔષધ કે બીજા પદાર્થોને વાપર્યા, એમ આ છેલ્લા ત્રણ અવ્રત વિષયી જે કંઈ પાપો આ ભવમાં કે ભૂતકાળના ભવોમાં આચર્યાં છે તે સર્વ પાપોને હે દેવાધિદેવ, જગતના રક્ષક વિભુ! આપની સમક્ષ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ મન-વચન અને કાયાની એકાગ્રતા પૂર્વક નિંદું છું, ગર્હું છું, અને તે વિષયમાં મિચ્છા મિ દુક્કડમ આપું છું.

છ કાયના જીવોની વિરાધનાનાં પાપોની નિંદા

હે નાથ! આ સંસારમાં ભટકતા આજની [illegible]

છવે છ કાયના જીવોની હિંસાનાં ઘોર પાપો કર્યાં છે, જેમકે—ખેતર ખેડાવ્યાં, કૂવા, તળાવ, સરોવર ખોદાવ્યાં, ઘર, ટાંકાં, ભોંયરાં, મેડા ચણાવ્યા, લીપન, ગુંપણ, રંગ વગેરે કરાવ્યા, કર્માદાનના વ્યાપાર, જેમકે–ખાણો ખોદાવી, મોટરો, ખટારાદિ દોડાવ્યા, કુંભારના ભઠ્ઠા સળગાવ્યા, શસ્ત્રો તૈયાર કરી વેચ્યાં, મકાનો બાંધ્યાં, બધાવ્યા વગેરે પૃથ્વી કાયની વિરાધના કરી.

કુવા, તળાવ ડહોળ્યા, તેમાં નાહ્યા, પાણીમાં સ્ટીમરો, મહાલો ફેરવ્યા, અળગળ્યું પાણી પીધાં વગેરે અનેક રીતે પાણીના જીવોની વિરાધના કરી.

અગ્નિકાય વિષયમાં–નિંભાડા, ભઠ્ઠા, ઇલેકટ્રિક મશીનો ચુલા, પ્રાયમસ વગેરે સળગાવ્યા, સળગતા ખુલ્લા રાખ્યા, જીવો તેમાં બળ્યા, પાણી નાખી અગ્નિને ઠાર્યા, વગેરે અગ્નિકાયના જીવોની હિંસા કરી.

પવનો ખાધા, પંખા ચલાવ્યા, ઝાટકયા, ઉઘાડે મુખે બોલ્યા, સારાં, હવાખાવાનાં સ્થળોએ બેસી–તેની અનુમોદના કરી, વગેરે અનેક પ્રકારે વાયુકાયના જીવોને વિરાધ્યા.

વાડી, વન, જંગલ, બગીચા વગેરે ઉછેર્યા, તેમાં વનસ્પતિઓ કાપી, જંગલો કાપ્યાં, બાળ્યાં, શાક–ભાજી–ફળ–ફુલ–ચુંટયાં, કાપ્યાં, શેકયાં, વાવ્યાં વગેરે અનેક પ્રકારે વનસ્પતિકાયના જીવોને વિરાધ્યા.

કીડી, કોડા, શંખ, કરમિયા, ઇયળ, જુ, વાસીલો-

જનમાં થતા લાળીયા જીવ, ઉધેઈ, લીખ, માંકડ, મંકોડા ચાંચડ, કુંથવા, કાનખજુરા, ધીમેલ, માખી, મચ્છર વીંછી, પતંગીયા, કંસારી, તીડ, ભમરા, ભમરી, વાં આદિ વિકલેન્દ્રિય[૧૫] જીવોને અનેક રીતે પીડ્યા, માર્યા વિનાશ કર્યો,

માછીમારના ભવમાં પાણીમાં જાળ નાખી માછલાંને પકડ્યાં, દુઃખ્યાં, માર્યાં, તળ્યાં, કાપ્યાં, શેક્યાં. શિકારીના ભવમાં મૃગાદિનો શિકાર કર્યો, હિંસક પશુઓના ભવમ બીજા અનેક પશુઓ–પંખીઓની હિંસા કરી, માંસાહા કર્યો, ઈંડાં ખાધાં, પક્ષીઓને પાંજરામાં નાંખ્યાં, વેચ્યાં દિરાન કર્યાં, જનાવરોને માર્યાં.

નારકીના ભવોમાં પણ નરકના અન્ય જીવોને શસ્ત્ર વગેરેથી પ્રહાર કર્યા, દેવના ભવમાં પરસ્પર યુદ્ધાદિ કર્યાં, અનેક મનુષ્યોને કીડાથી દિરાન કર્યા, પરમાધામીના ભવમાં નારકોને પીડ્યા.

આમ છકાયના જીવોને હે ત્રિજગદાધાર પ્રભુ! આ જગતમાં અનાદિ કાળથી ભટકતા મેં આજની ઘડી સુધીમાં જે જે પીડ્યા હે, દુઃખી કર્યા હે, તેઓના નાશ કર્યો હે, વિરાધ્યા હે, એ સર્વ જીવોની હિંસાના મારા ભયંકર પાપને હે દેવાધિદેવ! આપની સમક્ષ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ નિંદુ [illegible] આત્મ ને વિષયમાં મિચ્છા મિ દુક્કડં [illegible]

પાંચ ઇન્દ્રિયોના આશ્રવથી થયેલા પાપોની નિંદા

હે નાથ! હે દેવાધિદેવ! સ્પર્શનેન્દ્રિયને વશ થઈને જે આપે કર્યાં કેમકે-પરસ્ત્રીને સ્પર્શ કર્યો, કોમળ, મૃદુ શય્યાદિના સ્પર્શો ભોગવ્યા, વગેરે જે પાપો કર્યાં હોય-

રસનેન્દ્રિયને વશ થઈને અભક્ષ્ય, અનંતકાયના ભોજન કર્યાં, રાત્રિભોજન કર્યાં, સ્વાદની લાલચથી વધુ આહાર કર્યો, તપનાં પચ્ચક્ખાણ કર્યાં નહીં પચ્ચક્ખાણ ભાગ્યાં, મંગાહાર કર્યાં, અકલ્પ્ય ભોજન પણ ખૂબ રાગથી કર્યું,

ઘ્રાણેન્દ્રિયને વશ થઈને અત્તર, સેંટ, ફૂલ વગેરે સુગંધિદાર પદાર્થોને ભોગવ્યા, દુર્ગંધિ પદાર્થોનો દ્વેષ કર્યો,

ચક્ષુરિન્દ્રિયને વશ બનીને પરસ્ત્રીનાં રૂપ જોયાં, તેમના શરીરના અંગોપાંગને ખૂબ એકચિત્તે નિરખ્યાં, તેમના ચિત્રપટો જોયા, સુંદર વર્ણવાળા વસ્ત્ર, અલંકારાદિ રાગથી ભોગવ્યા, સીનેમા, નાટક, તમાસા વગેરે જોયા.

શ્રોત્રેન્દ્રિયને વશ થઈને કાનથી રાગવર્ધક, મધુર ગીતો સાંભળ્યાં, શૃંગાર રસનાં કામોત્તેજક ગીતો, વચનો. સાંભળ્યાં.

આ રીતે પાંચે ઇન્દ્રિયોનો દુરુપયોગ કર્યો અને તેને વશ થઈને હે નાથ! જે કંઈ પાપો અજ્ઞાન એવા મારા જીવે આચર્યાં છે, તે સર્વ પાપોને હું આપની સમક્ષ ચતુર્વિધ સંઘની સાખે નિંદું છું, ગર્હું છું, અને તે વિષયમાં મિથ્યા દુષ્કૃતને આપું છું. (મિચ્છા મિ દુક્કડમ્)

ઉપસંહાર :

હે દેવાધિદેવ ! આજના મંગળમય દિને આપની સમક્ષ ઉપસ્થિત થયેલ હું કલ્યાણ મિત્ર ગુરુ ભગવંતોના વચનથી દુષ્કૃતોને હેય છે, નિંદનીય છે એમ જાણીને આ જીવનમાં તથા ભૂતકાળના ભવોમાં પણ રાગ–દ્વેષ–મોહ અને અજ્ઞાનને વશ થઈને મારા જીવે જે કંઇ ન કરવા યોગ્ય, શ્રી જિનશાસનમાં પ્રતિષિદ્ધ, સંસારમાં ભટકાવનાર, કર્મબંધના નિમિત્તભૂત, સંસારની પરંપરાના હેતુભૂત દુષ્કૃત્યો, પાપો, આશ્રવો, કર્યાં છે.

તે સર્વ મારા અપરાધોને હું આપની સાક્ષીએ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ, મારા આત્માની સાક્ષીએ, ભવિષ્યમાં આવાં પાપો મારા જીવનમાં ન થાય, તેવી ભાવનાથી ભૂતકાળમાં પાપોના કારણે એકઠા થયેલા કર્મોનો નાશ થાય તેવા આશયથી નિંદુ છું, ગર્હું છું. અપરાધી તેવા મારા આત્માને વોસિરાવીને તે વિષયમાં હે પ્રભુ! આપની સમક્ષ ભૂયો–ભૂયઃ વારંવાર મિથ્યા દુષ્કૃત દઉં છું, ક્ષમા યાચું છું, મિચ્છા મિ દુક્કડમ્, મિચ્છા મિ દુક્કડમ્, મિચ્છા મિ દુક્કડમ્.

હે નાથ ! છદ્મસ્થ એવો હું કેટલા દોષોને યાદ કરું, જે દોષો મને યાદ ન આવ્યા હોય, અને ખમાવવાના રહી ગયા હોય તે મારાં પાપો પણ નિષ્ફળ થાઓ.

जे मे जाणंति, जिणा अवराहा जेसु जेसु ठाणेसु ।
ते हं आलोएउं उवट्ठिओ सव्वभावेणं ॥

જે જે સ્થાનમાં થયેલા મારા જે જે અપરાધોને જિનેશ્વર ભગવંતો જાણે છે તે તે અપરાધોને પ્રભુની સમક્ષ ભાવપૂર્વક ઉપસ્થિત થયેલો હું ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

छउमत्थो मूढमणो कित्तियमित्तं पि संभरइ जीवो।
जं च न संभरामि अहं, मिच्छा मि दुक्कडं तस्स॥

છદ્મસ્થ, મૂઢમનવાળો જીવ, કેટલું યાદ કરે, જે નથી યાદ આવતું તે સર્વ પાપોનો પણ હું મિચ્છા મિ દુક્કડં દઉં છું. (મિચ્છા મિ દુક્કડં)

દુષ્કૃત નિંદા અંગે કેટલાક શાસ્ત્રપાઠો

ભાષાંતર સહિત

(૧) ચિરંતનાચાર્ય કૃત પંચસૂત્ર.

मरणमुवगओ अ एएसिं गरहामि दुक्कडं जण्णं अरिहंतेसु वा, सिद्धेसु वा, आयरिएसु वा उवज्झाएसु वा साहूसु वा साहुणीसु वा, अन्नेसु वा धम्मट्ठाणेसु वा, माणणिज्जेसु वा, पूअणिज्जेसु वा, तहा माईसु वा पिईसु वा बंधूसु वा मित्तेसु वा, उवयारीसु वा ओहेण वा जीवेसु मग्गट्ठिएसु वा, अमग्गट्ठिएसु वा, मग्गसाहणेसु वा, अमग्गसाहणेसु वा जं किं चि वितहमायरिअं, अणायरिअव्वं, अणिच्छिअव्वं, पावं, पावाणुबंधि, सुहुमं वा, बायरं वा, मणेण वा, वायाए वा, काएण वा, कयं वा, काराविअं वा अणुमोइअं वा, रागेण वा, दोसेण वा,

ઉપસંહાર :

હે દેવાધિદેવ ! આજના મંગળમય દિને આપની સમક્ષ ઉપસ્થિત થયેલ હું કલ્યાણ મિત્ર ગુરુ ભગવંતોના વચનથી દુષ્કૃતોને હેય છે, નિંદનીય છે એમ જાણીને આ જીવનમાં તથા ભૂતકાળના ભવોમાં પણ રાગ–દ્વેષ–મોહ અને અજ્ઞાનને વશ થઈને મારા જીવે જે કંઈ ન કરવા યોગ્ય, શ્રી જિનશાસનમાં પ્રતિષિદ્ધ, સંસારમાં ભટકાવનાર, કર્મબંધના નિમિત્તભૂત, સંસારની પરંપરાના હેતુભૂત દુષ્કૃત્યો, પાપો, આશ્રવો, કર્યા છે.

તે સર્વ મારા અપરાધોને હું આપની સાક્ષીએ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ, મારા આત્માની સાક્ષીએ, ભવિષ્યમાં આવાં પાપો મારા જીવનમાં ન થાય, તેવી ભાવનાથી ભૂતકાળમાં પાપોના કારણે એકઠા થયેલા કર્મોનો નાશ થાય તેવા આશયથી નિંદુ છું, ગર્હું છું. અપરાધી તેવા મારા આત્માને વોસિરાવીને તે વિષયમાં હે પ્રભુ! આપની સમક્ષ ભૂયો–ભૂયઃ વારંવાર મિથ્યા દુષ્કૃત દઉ છું, ક્ષમા યાચું છું, મિચ્છા મિ દુક્કડમ્, મિચ્છા મિ દુક્કડમ્, મિચ્છા મિ દુક્કડમ્.

હે નાથ ! છદ્મસ્થ એવો હું કેટલા દોષોને યાદ કરું, જે દોષો મને યાદ ન આવ્યા હોય, અને ખમાવવાના રહી ગયા હોય તે મારાં પાપો પણ નિષ્ફળ થાઓ.

जं मे जाणंति, जिणा अवराहा जेसु जेसु ठाणेसु ।
तं तह आलोएमि उवट्ठिओ सव्वभावेणं ॥

જે જે સ્થાનમાં થયેલા મારા જે જે અપરાધોને જિનેશ્વર ભગવંતો જાણે છે તે તે અપરાધોને પ્રભુની સમક્ષ ભાવપૂર્વક ઉપસ્થિત થયેલો હું ખમાવું છું. (મિચ્છા મિ દુક્કડં)

छउमत्थो मूढमणो कित्तियमित्तं पि संभरइ जीवो ।
जं च न संभरामि अहं, मिच्छा मि दुक्कडं तस्स ॥

છદ્મસ્થ, મૂઢમનવાળો જીવ, કેટલું યાદ કરે, જે નથી યાદ આવતું તે સર્વ પાપોનો પણ હું મિચ્છા મિ દુક્કડં દઉં છુ. (મિચ્છા મિ દુક્કડં)

દુષ્કૃત નિંદા અંગે કેટલાક શાસ્ત્રપાઠો

ભાવાંતર સહિત

(૧) ચિરંતનાચાર્ય કૃત પંચસૂત્ર.

मरणमुवगओ अ एएसिं गरहामि दुक्कडं जण्णं अरिहंतेसु वा, सिद्धेसु वा, आयरिएसु वा उवज्झाएसु वा साहूसु वा साहुणीसु वा, अन्नेसु वा धम्मठाणेसु वा, माणणिज्जेसु वा, पूअणिज्जेसु वा, तहा माईसु वा पिईसु वा बंधुसु वा मित्तेसु वा, उवयारीसु वा ओहेण वा जीवेसु मग्गट्ठिएसु वा, अमग्गट्ठिएसु वा, मग्गसाहणेसु वा, अमग्गसाहणेसु वा जं किंचि वितहमायरिअं, अणायरिअव्वं, अणिच्छिअव्वं, पावं, पावाणुबंधि, सुहुमं वा, बायरं वा, मणेण वा, वायाए वा, काएण वा, कयं वा, काराविअं वा अणुमोइअं वा, रागेण वा, दोसेण वा,

ઉપસંહાર :

હે દેવાધિદેવ ! આજના મંગળમય દિને આપની સમક્ષ ઉપસ્થિત થયેલ હું કલ્યાણ મિત્ર ગુરુ ભગવંતોના વચનથી દુષ્કૃતોને હેય છે, નિંદનીય છે એમ જાણીને આ જીવનમાં તથા ભૂતકાળના ભવોમાં પણ રાગ–દ્વેષ–મોહ અને અજ્ઞાનને વશ થઈને મારા જીવે જે કંઇ ન કરવા યોગ્ય, શ્રી જિનશાસનમાં પ્રતિષિદ્ધ, સંસારમાં ભટકાવનાર, કર્મબંધના નિમિત્તભૂત, સંસારની પરંપરાના હેતુભૂત દુષ્કૃત્યો, પાપો, આશ્રવો, કર્યા છે.

તે સર્વ મારા અપરાધોને હું આપની સાક્ષીએ, ચતુર્વિધ સંઘની સાક્ષીએ, મારા આત્માની સાક્ષીએ, ભવિષ્યમાં આવાં પાપો મારા જીવનમાં ન થાય, તેવી ભાવનાથી ભૂતકાળમાં પાપોના કારણે એકઠા થયેલા કર્મોનો નાશ થાય તેવા આશયથી નિંદુ છું, ગર્હું છું. અપરાધી તેવા મારા આત્માને વોસિરાવીને તે વિષયમાં હે પ્રભુ! આપની સમક્ષ ભૂયો–ભૂયઃ વારંવાર મિથ્યા દુષ્કૃત દઉ છું, ક્ષમા યાચું છું, મિચ્છા મિ દુક્કડમ્, મિચ્છા મિ દુક્કડમ્, મિચ્છા મિ દુક્કડમ્.

હે નાથ ! છદ્મસ્થ એવો હું કેટલા દોષોને યાદ કરું, જે દોષો મને યાદ ન આવ્યા હોય, અને ખમાવવાના રહી ગયા હોય તે મારાં પાપો પણ નિષ્ફળ થાઓ.

जे मे जाणंति, जिणा अवराहा जेसु जेसु ठाणेसु ।
तं तह आलोएमि उवट्ठिओ सव्वभावेणं ॥

શ્રદ્ધા પૂર્વક અરિહંત, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ હું આ દુષ્કૃતની ગર્હા કરું છું, આ દુષ્કૃત છે, છોડવા યોગ્ય છે તેથી તે વિષયમાં હું મિથ્યા–દુષ્કૃત આપું છું.

(મિચ્છા મિ દુક્કડમ્ મિચ્છા મિ દુક્કડમ્ મિચ્છા મિ દુક્કડમ્)

ચઉસરણ પયન્નો (ગાથા ૫૦થી ૫૪)

इह भविअमन्नभविअं, मिच्छत्तपवत्तणं जमहिगरणं।
जिणपवयणपडिकुट्ठं, दुट्ठं गरिहामि तं पावं ॥१॥

આ ભવને વિષે કે અન્ય ભવને વિષે મિથ્યાત્વની જે કંઈ પ્રવૃત્તિ કરી હોય, જે કંઈ કલેશ–ઉપાયો કર્યા, જે કંઈ જિનવચનમાં પ્રતિષિદ્ધ આચર્યું છે તે દુષ્ટ–પાપને હું ગર્હું છું (મિચ્છા મિ દુક્કડં)

मिच्छत्ततमंधेण, अरिहंताइसु अवन्नवयणं जे।
अन्नाणेण विरइअं, इन्हि गरिहामि तं पावं ॥२॥

મિથ્યાત્વ રૂપ અંધકારથી આંધળા થયેલા મેં જે કંઈ અરિહંત આદિને વિષે એટલે કે અરિહંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સાધુ–સાધ્વી–સંઘ–સાધર્મિક આદિને વિષે અજ્ઞાનથી અવર્ણવાદ (નિંદા) કરેલ હોય તે સર્વ પાપને હવે હું ગર્હું છું, નિંદું છું. (મિચ્છા મિ દુક્કડં)

सुअधम्मसंघसाहुसु पावं पडिणीअयाइ जं रइअं।
अन्नेसु अ पावेसु इन्हि गरिहामि तं पावं ॥३॥

શ્રુતજ્ઞાન એટલે આગમો, ચારિત્રધર્મ તથા સંઘ

मोहेण वा, इत्थ वा जम्मे, जम्मंतरेसु वा, गरहिअव्वमेअं दुक्कडमेअं, उज्झिअव्वमेअं, विआणिअं मए कल्लाणमित्त-गुरुभगवंतवयणाओ, एवमेअं ति रोइअं सद्धाए, अरि-हंतसिद्धसमक्खं गरिहामि अहमिणं दुक्कडमेअं, उज्झि-अव्वमेअं, इत्थ मिच्छा मि दुक्कडम्, मिच्छा मि दुक्कडम्, मिच्छा मि दुक्कडम् ॥

અરિહંતાદિ ચારના શરણાને પામેલો હું દુષ્કૃતની ગર્હા કરું છું. જે કંઈ મેં અરિહંતોને વિષે, સિદ્ધ ભગવંતોને વિષે, આચાર્યોને વિષે, ઉપાધ્યાયોને વિષે, સાધુભગવંતોને વિષે, સાધ્વીઓને વિષે, બીજા ધર્મસ્થાનોને વિષે, માનનીય તથા પૂજનીયોને વિષે તથા માતાઓ, પિતાઓ અને બંધુઓ, મિત્રો ઉપકારીઓને વિષે, માર્ગમાં રહેલા જીવોને વિષે, માર્ગમાં નહીં રહેલા જીવોને વિષે, મોક્ષમાર્ગના સાધનો (જિનમંદિર-મૂર્તિ—જ્ઞાનનાં પુસ્તકો—ચારિત્રનાં ઉપકરણ આદિ)ને વિષે, મોક્ષ-માર્ગનાં સાધનો ન હોય તેવી વસ્તુઓને વિષે મેં જે કંઈ વિપરીત આચર્યું હોય, ન આચરવા યોગ્ય આચર્યું હોય, નહીં ઇચ્છવા યોગ્ય ઇચ્છયું હોય, પાપ-સ્વરૂપ કે પાપના અનુબંધ કરાવનાર, સૂક્ષ્મ કે બાદર, મનથી, વચનથી કે કાયાથી કર્યું હોય, કરાવ્યું હોય, અનુમોદ્યું હોય, રાગથી, દ્વેષથી કે મોહથી આ જન્મને વિષે કે જન્માંતરને વિષે, તે બધું ગર્હા કરવા યોગ્ય છે, આ દુષ્કૃત છે, છોડી દેવા યોગ્ય છે એમ કલ્યાણ મિત્ર ગુરુ ભગવંતોના વચનથી મેં જાણ્યું છે અને તે ગુરુ ભગવંતનું વચન મને રૂચ્યું છે, તેથી

सत्तभए अट्ठमए, सण्णा चत्तारि गारवे तिन्नि ।
आसायणतित्तीसं, रागं दोसं च गरिहामि ॥

સાત પ્રકારના ભય, આઠ પ્રકારના મદ, ચાર સંજ્ઞા તથા ત્રણ ગારવ, અને તેત્રીશ આશાતના, તેમજ રાગ અને દ્વેષની ગર્હા કરું છું.

असंजममन्नाणं, मिच्छत्त सव्वमेव य ममत्तं ।
जीवेसु अजीवेसु अ तं निन्दे तं च गरिहामि ॥

અસંયમ, અજ્ઞાન, મિથ્યાત્વ તથા જીવો અને અજીવો પ્રત્યે સર્વ પ્રકારનું જે મમત્વ તેને હું નિંદું છું તથા તેની ગર્હા કરું છું.

निंदामि निंदणिज्जं, गरिहामि अ जं च मे गरहणिज्जं ।
आलोएमि अ सव्वं, अब्भिंतरं बाहिरं उवहिं ॥

મારાં નિંદનીય કાર્યોની નિંદા કરું છું, ગર્હણીયની ગર્હા કરું છું. સર્વ પ્રકારની બાહ્ય અને અભ્યંતર ઉપધિની આલોચના કરું છુ.

વીતરાગ સ્તોત્ર :–

(કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજા)

मनोवाक्कायजे पापे कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूयादपुनः क्रिययान्वितः ॥

મન–વચન અને કાયાથી, કરવા, કરાવવા અને અનુ-મોદવા દ્વારા થયેલાં મારાં દુષ્કૃત–પાપો ફરી ન થાય તે રીતે મિથ્યા થાવ. (મિચ્છાં મિ દુક્કડં)

દુષ્કૃત—નિંદાની પદ્યમય આરાધના

પદ્માવતી આરાધના

(૧) હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે,
જાણપણું જગતે ભલું, ઇણ વેળા આવે....

(૨) તે મુજ મિચ્છામિ દુક્કડં અરિહંતની શાખ,
જે મેં જીવ વિરાધિયા ચઉરાશી લાખ.
તે મુજ....

(૩) સાત લાખ પૃથ્વીતણા, સાતે અપકાય,
સાત લાખ તેઉકાયના, સાતે વળી વાય—તે મુજ.....

(૪) દશ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ,
બિ ત્રિ ચઉરિંદ્રિ જીવના, બે બે લાખ વિચાર તે, મુજ....

(૫) દેવતા તિર્યંચ નારકી, ચાર-ચાર પ્રકાશી
ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી. તે મુજ.....

(૬) ઇહ ભવ પરભવે સેવિયા, જે પાપ અઢાર.
ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરું, દુર્ગતિના દાતાર. તે મુજ...

(૭) હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ;
દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ. તે મુજ....

(૮) પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ;

(૯) ઠલક કરી જીવ દુહવ્યા, દીધાં કુડ કલંક;
નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક. તે મુજ....

(૧૦) ચાડી કીધી ચોતરે, કીધો થાપણ મોસો;
કુગુરુ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો. તે મુજ....

(૧૧) ખાટકીને ભવ મેં કીયા, જીવ નાનાવિધ ઘાત;
ચીડીમાર ભવે ચરકલાં, માર્યાં દિન રાત. તે મુજ....

(૧૨) કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર;
જીવ અનેક જબ્બે કીયા, કીધાં પાપ અઘોર. તે મુજ....

(૧૩) માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ;
ધીવર ભીલ કોળી ભવે; મૃગ પાડયાં પાસ તે મુજ...

(૧૪) કોટવાળને ભવે મેં કીયા, આકરા કર દંડ;
બંદીવાન મરાવીયા, કોરડા છડી દડ તે મુજ...

(૧૫) પરમાધામીને ભવે, કીધાં નારકી દુઃખ;
છેદન ભેદન વેદના, તાડન અતિતિક્ખ તે મુજ....

(૧૬) કુંભારને ભવે મેં કીયા, નીભાડા પચાવ્યા;
તેલીભવે તીલ પીલીયા, પાપે પિંડ ભરાવ્યા; તે મુજ....

(૧૭) હાલી ભવે હળ ખેડીયાં, ફાડ્યાં પૃથ્વીનાં પેટ;
સૂડ નિદાન ઘણાં કીધાં, દીધા બળદ ચપેટ. તે મુજ....

(૧૮) માળીને ભવે રોપીયા, નાનાવિધ વૃક્ષ;
મૂળ પત્ર ફલફૂલનાં, લાગ્યાં પાત તે લક્ષ. તે મુજ....

(૧૯) અધોવાઈઆને ભવે, ભર્યા અધિકા ભાર
પોઠી પુંઠે કીડા પડ્યા, દયા નાણી લગાર તે મુજ…

(૨૦) છીપાને ભવે છેતર્યા, કીધા રંગણ પાસ;
અગ્નિ આરંભ કીધા ઘણા ધાતુવાદ અભ્યાસ. તે મુજ…

(૨૧) શૂરપણે રણ ઝૂઝતાં, માર્યા માણસ વૃંદ;
મદિરા માંસ માખણ ભાખ્યાં, ખાધાં મૂળને કંદ..તે મુજ…

(૨૨) ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં;
આરંભ કીધા અતિ ઘણાં, પોતે પાપ જ સંચ્યાં તે મુજ…

(૨૩) કર્મ અંગાર કીયા વળી, ઘરમેં દવ દીધાં;
સમ ખાધા વીતરાગના, કૂડા કોસ જ કીધા. તે મુજ…

(૨૪) બીલ્લી ભવે ઉંદર લીયા, ગીરોલી હત્યારી;
મઢ ગમારતણે ભવે, મેં જૂ લીખ મારી. તે મુજ…

(૨૫) ભાડભુંજાતણે ભવે, એકેંદ્રિય જીવ,
જ્વારી ચણા ગહું શેકીયા, પાડંતા રાવ. તે મુજ…

(૨૬) ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક;
રાંધણ ઈંધણ અગ્નિના, કીધાં પાપ ઉદ્રેક. તે મુજ…

(૨૭) વિકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચ પ્રમાદ;
ઈષ્ટ વિયોગ પાડ્યા કીધા, રૂદન વિખવાદ. તે મુજ…

(૨૮) સાધુ અને શ્રાવકતણાં, વ્રત લહીને ભાંગ્યાં;
મૂળ અને ઉત્તરતણાં મુજ દૂષણ લાગ્યાં. તે મુજ…

(૨૯) સાપ વીંછી સિંહ ચીતરા, શકરા ને સમળી,
હિંસક જીવતણે ભવે, હિંસા કીધી સબળી, તે મુજ....

(૩૦) સુવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા;
જીવાણી ઘોળ્યાં ઘણાં, શીળ વ્રત ભંજાવ્યા.. તે મુજ....

(૩૧) ભવ અનંત ભમતા થકા, કીધા દેહ સંબંધ,
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું તીણશું પ્રતિબંધ. તે મુજ...

(૩૨) ભવ અનંત ભમતાં થકા, કીધા પરિગ્રહ સંબંધ,
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું તીણશું પ્રતિબંધ તે મુજ....

(૩૩) ભવ અનંત ભમતા થકી, કીધા કુટુંબ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું તીણશું પ્રતિબંધ. તે મુજ...

(૩૪) ઇણી પરે ઇહ પરભવે, કીધાં પાપ અખત્ર;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું તીણશું પ્રતિબંધ. તે મુજ...

(૩૫) એણી વિધે એ આરાધના, ભવિ કરશે જેહ;
સમયસુંદર કહે પાપથી વળી છૂટશે તેહ. તે મુજ....

(૩૬) રાગ વેરાડી જે સુણે, એહ ત્રીજી ઢાલ,
સમયસુંદર કહે પાપથી, છૂટે તતકાળ. તે મુજ...

ભવોભવનાં પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા

દુષ્કૃતનિંદાની ક્રિયા વિસ્તારથી કરી, હવે આપણે ખૂબ જ સંક્ષેપમાં એક મહત્વની ક્રિયા પણ પરમાત્માની સમક્ષ કરી લઈએ, એ છે-**ભવોભવનાં પુદ્ગલોને વોસિરાવવાની ક્રિયા**

જૈન શાસન સ્પષ્ટ ફરમાવે છે કે-મૃત્યુ પૂર્વે જીવ જે જે પૌદ્ગલિક સામગ્રીને વોસિરાવ્યા વિના (તેના-પરના મમત્વભાવપૂર્વક) મરે છે તે તે સામગ્રીથી જે જે પાપો થાય છે. તે સામગ્રી મુકીને મરી જનાર જીવ પરલોકમાં જ્યાં પહોંચે છે ત્યાં તેને લાગે છે. માટે જ અંતિમ કાળે સર્વ વસ્તુઓને વોસિરાવવાની વિધિ શાસ્ત્રકાર ભગવંતોએ બનાવેલ છે.

આપણા જીવે ભૂતકાળના ભવોમાં જે જે સામગ્રી યાવત્ કાયાને પણ વોસિરાવ્યા વિના છોડી છે, તે સર્વેનાં પાપ આપણને અત્યારે પણ લાગે છે. માટે આપણે અહીં બિરાજમાન પરમાત્મા સમક્ષ ભૂતકાળના ભવોમાં મુકેલ કાયાદિ સર્વ પુદ્ગલોને વોસિરાવી દઈએ. વોસિરાવવું એટલે તેના ઉપરના મમત્વ ભાવનો ત્યાગ કરવો. આથી હવે તે સામગ્રીઓથી થતા પાપ આપણને નહિ લાગે. પૂર્વેની દુષ્કૃત નિંદાની ક્રિયામાં દરેક આત્માએ અંતે મિચ્છા મિ દુક્કડં [illegible] સામુદાયિક બોલવાનું હતું. આ ક્રિયામાં [illegible] બોલવાનું છે.

હે પરમકૃપાળુ પરમાત્મા તીર્થંકર ભગવંત!

આપના શાસનને નહિ પામેલા એવા મેં અજ્ઞાનથી અનેક પ્રકારનાં પાપ કર્યાં છે, પ્રભુ! મેં જાણ્યું નથી કે પુદ્‌ગલનું મમત્વ એ મહાપાપ છે. આજે આપના શાસનના પ્રભાવથી એ સત્યને હું જાણી શક્યો છું. એ પણ મને ખ્યાલ આવ્યો છે કે જે પુદ્‌ગલો મેં મમત્વ ભાવે મુક્યા તે બધાંથી સતત પાપોનો અને પણ બંધ થાય છે. તેથી મેં ભૂતકાળના ભવોમાં મમત્વભાવને વોસિરાવ્યા વિના જે પુદ્‌ગલો મુક્યા છે તેને હું આજે આપની સાક્ષિએ વોસિરાવવા માટે ઉપસ્થિત થયો છું.

પ્રભુ! અનાદિકાળથી સંસારમાં ભટકતા મેં નિગોદના અનંતા ભવો કર્યા, તેમાં જે શરીરો છોડ્યા. તેનો જ્યાં જ્યાં પાપમાં ઉપયોગ થયો હોય તે બદલ મિથ્યા-દુષ્કૃત દઉં છું અને આ ક્ષણે તે શરીરોને સંપૂર્ણપણે વોસિરાવું છું....(વોસિરામિ)

હે નિર્ઝામકારી દેવાધિદેવ!

સંસારમાં ભટકતા મેં માટી, મીઠું, પથ્થર, ધાતુઓ, રત્નો વગેરે રૂપે પૃથ્વીકાયના અનેકાનેક ભવો કર્યા, તે ભવોમાં જે શરીરોને હું મુકીને આવ્યો તેમાંથી તલવાર, છરા, ચાકુઓ, હથિયારો, આભૂષણો વગેરે બનીને જે હિંસાદિ પાપો થયાં, તેની હું નિંદા કરું છું અને ભવિષ્ય માટે મારી તે સર્વ કાયાઓને વોસિરાવું છું.... (વોસિરામિ....)

અપ્કાયના ભવોમાં જે પાણીના કલેવરોને મુકીને આવ્યો, તેમાં બીજા જીવો ડૂબ્યા તથા બીજા પણ અનેક પાપના ઉપયોગમાં આવ્યાં, તેની નિંદા કરવા પૂર્વક તે સર્વે કલેવરોને હું વોસિરાવું છું.... (વોસિરામિ...)

તેઉકાય, વાયુકાયના ભવોમાં જે કલેવરોને મુકીને આવ્યો હોઉં તેનાથી જે કંઈ પાપકર્મો થયાં હોય તેનું મિથ્યાદુષ્કૃત આપી તે કલેવરોને પણ હું ભાવથી આપની સાક્ષિએ વોસિરાવું છું... (વોસિરામિ....)

હે નાથ! હે સ્વામિન્!

ભૂતકાળમાં વનસ્પતિકાયના ભવોમાં ઝાડ, પાંદડાં, થડ, ફળ, ફૂલ વગેરેના કલેવરોને મુકીને આવ્યો, જેનો ઉપયોગ કુહાડામાં, બાણમાં, ઘરમાં, ફેક્ટરીઓમાં વગેરે અનેક પાપકાર્યોમાં થયો તેની નિંદા કરતો, વર્તમાનમાં તે ભવોની કાયા જ્યાં હોય ત્યાં અત્રે આપની સમક્ષ ઉપસ્થિત થયેલ હું વોસિરાવું છું.... (વોસિરામિ....)

શંખ, કોડા, કોડી, જળો, ચંદનક—
વગેરે બેઇન્દ્રિયના ભવોના મારા જીવે મુકેલા કલેવરોને

માંકડ, કીડી, ઇયળ, જૂ—
[illegible]—વગેરે તેઇન્દ્રિયના ,, ,, ,, ,,

વીંછી, તીડ, ભમરા—
માખી વગેરે ચઉરિન્દ્રિયના ,, ,, ,, ,,

હું ભાવપૂર્વક વોસિરાવું છું.... (વોસિરામિ....)

સાતે નારકીના વિષે ઉત્પન્ન થયેલા મારા જીવે ત્યાં જે કંઈ કલેવરોને મુક્યાં છે, તે સર્વ કલેવરોને હું વોસિરાવું છું.... (વોસિરામિ...)

હે પરમાત્મા !

પંચેન્દ્રિય તિર્યંચના ભવોને વિષે મે જે ગાય, બળદ, હાથી, સિંહ, વાઘ, વરુ, ઘેટા, બકરાદિના શરીરો મુકયાં છે, તેનો જે કંઈ આ સંસારમાં દુરુપયોગ થઈ રહ્યો છે તે બદલ મિથ્યાદુષ્કૃત આપવાની સાથે હુ આપની સમક્ષ ચતુર્વિધ સંઘની સાખે તે સર્વ કલેવરોને વોસિરાવુ છુ... (વોસિરામિ....)

હે જગત્ સ્વામી !

ભૂતકાળમાં મનુષ્યોના ભવોને વિષે ધન, મિલકત, મીલો, કારખાના, પેઢી, મકાનો, દુકાનો, વાહનો, યંત્રો, હીંસક હથીયારો, પત્ની, પુત્ર આદિ કુટુંબ પરિવારને તથા મારાં શરીરોને વોસિરાવ્યા વિના મુકયાં છે, અને તેનો ઉપયોગ અનેક પ્રકારના હિંસાદિ પાપોમાં થયો છે તેથી હું ખૂબ દુઃખિત છુ અને હે દેવાધિદેવ! આપની સમક્ષ તેનું 'મિચ્છા મિ દુક્કડં' દેવાની સાથે તે સર્વે સાધનોને હું ચતુર્વિધ સંઘની સાક્ષીએ ત્રિવિધ ત્રિવિધ વોસિરાવું છું.... (વોસિરામિ....)

હે કારુણ્યનિધિ પ્રભુ !

દેવલોકના ભવોમાં મેં જે દેવવિમાનો વાવડીઓ, દેવાંગનાઓ બગીચાઓ, વાવ વગેરે આશ્રવના સાધનોને વોસિરાવ્યા વિના છોડયાં તે સર્વેને હું વર્તમાનકાળે ભાવપૂર્વક વોસિરાવું છું....(વોસિરામિ)

હે દેવાધિદેવ !

ભૂતકાળના અનંતા ભવોમાં મારા જીવે મુકેલા સઘળા શરીરો ઘરો, મિલકતો, પરિવારો, આદિ બધાના મમત્વને આપની સાક્ષીએ, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ, સાધુ ભગવંતોની સાક્ષીએ અવધિજ્ઞાની દેવોની સાક્ષીએ, તથા મારા આત્માની સાક્ષીએ વોસિરાવું છું, તે બધા જોડે મારે હવે કોઈ પણ પ્રકારનો સંબંધ નથી, હું તે બધાને મારા તરીકે માનતો નથી....(વોસિરામિ....વોસિરામિ.... વોસિરામિ....)

આ ભવની પણ મારી બધી સામગ્રી, અધિકરણો, (પાપના સાધનોની) યાવત્ કાયાની જોડે મારા જીવનના છેલ્લા શ્વાસોચ્છ્વાસ પછી મારે કંઈ પણ સંબંધ નથી, તે સમયે મારે બધું જ વોસિરે છે. (વોસિરામિ, વોસિરામિ, વોસિરામિ....)



श्री शंखेश्वरपार्श्वनाथाय नमः
श्री प्रेमसूरीश्वरसद्गुरुभ्यो नमः

(૩) સુકૃત અનુમોદના

(ભૂમિકા પ્રવચન)

ભવિતવ્યતાને પરિપકવ કરવાના ત્રણ સાધનો (૧) શ્રી ચતુઃશરણ સ્વીકાર (૨) દુષ્કૃત નિંદા (૩) સુકૃત–અનુમોદના.

આમાંથી ચતુઃશરણ સ્વીકાર તથા દુષ્કૃત નિંદાની આરાધના આપણે વિસ્તારથી કરી છે, હવે સુકૃત અનુમોદના કરવાની છે.

આ વિશ્વમાં ભગવાન શ્રીજિનેશ્વર દેવોની આજ્ઞાને અનુસારે કોઈ પણ જીવનાં જે કંઇ સુકૃતો થતાં હોય તે બધાં જ અનુમોદનીય છે.

આપણે પૂર્વે શ્રી પંચસૂત્રકાર મહર્ષિએ ફરમાવેલ વાત વિચારી ગયા છીએ કે–અસંકલેશની અવસ્થામાં રોજ ત્રિકાળ અને સંકલેશની અવસ્થામાં વારંવાર આ ત્રણ વસ્તુઓ કરવાની છે.

સુકૃત અનુમોદનાનું ફળ :– સુકૃત અનુમોદનાના અનેક લાભો છે. અહીં માત્ર થોડા લાભો આપણે વિચારીએ.

(૧) સુકૃત અનુમોદનાથી ભવ્યત્વનો પરિપાક

સુકૃત અનુમોદનાથી ભવ્યત્વનો પરિપાક થાય છે અને

મુક્તિ નિકટ બને છે એ વાત પૂર્વે આપણે વિચારી ગયા છીએ, સુકૃત અનુમોદનાનાં તાત્કાલિક બીજાં પણ ફળો વિચારીએ.

(૨) સુકૃતની અનુમોદના એ સુકૃતનું બીજ છે

સુકૃતની અનુમોદના એ સુકૃતના પક્ષપાત રૂપ હોઈ સુકૃતના બીજનું આત્મક્ષેત્રમાં વાવેતર કરનાર થાય છે, અર્થાત્ જે જે સુકૃતોની આપણે ભાવપૂર્વક અનુમોદના કરીએ છીએ તે તે સુકૃતોની આપણને પણ ભવિષ્યકાળમાં પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રકારોએ ધર્મની પ્રશંસાને ધર્મને પામવાનું બીજ કહ્યું છે, તે અનુસારે સુકૃતની અનુમોદના પણ સુકૃતને પામવાના બીજ રૂપ બની જાય છે.

(૩) સુકૃત અનુમોદનાથી પુણ્યપ્રકૃતિના રસની વૃદ્ધિ

આપણે કરેલા સુકૃતોની જગતમાં શાબાશી મેળવવાના આશયથી નહીં, પણ અંતરાત્માની સાક્ષીએ અનુમોદના કરવાથી સુકૃત વખતે બંધાયેલ પુણ્ય અનેકગણું વિસ્તૃત બની જાય છે. સુકૃતની અનુમોદનાથી પુણ્યના ગુણાકાર થાય છે. સુકૃતની નિંદાથી પુણ્યના ભાગાકાર થાય છે. એટલું જ નહીં પણ સુકૃતની નિંદાથી અંતરાય આદિ નવાં કર્મો પણ ઊભાં થાય છે.

આના માટે મમ્મણ શેઠનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

પૂર્વ ભવમાં (સુપાત્ર) મુનિને મોદક વહોરાવવાના સુકૃતથી [illegible] પુણ્ય સંચય કર્યો, હૃદયના ઉત્તમ ભાવ સાથે અત્યંત ઉલ્લાસપૂર્વક દાન આપવાથી સુકૃત કર્યા પછી પણ કેટલાક સમય સુધી પરિણામની ધારા નિર્મળ રહેવાથી અનુ-

મોદના કરી પુણ્યના ગુણાકાર કર્યા. પણ ત્યાર પછી પાડોશી દ્વારા મોદકની વિશિષ્ટતા ખ્યાલમાં આવતાં પશ્ચાત્તાપ કર્યો, તેથી વિસ્તૃત પુણ્યના ભાગાકાર થયા.

જેના પરિણામે દિવ્ય સંપત્તિ આપનાર પુણ્ય હોવા છતાં મનુષ્યપણાની ઋદ્ધિ મેળવી.

તેથી આગળ વધીને મુનિ પાસેથી લાડવો પાછો માગ્યો, મુનિએ ન આપતાં ધૂળમાં રગદોળી નાખ્યો, આમ મુનિને અંતરાય કરવાથી પોતે ઘોર અંતરાય કર્મ બાંધ્યું, જેના પરિણામે શ્રેણિક મહારાજાથી પણ વધુ સંપત્તિ હોવા છતાં પોતે માત્ર તેલ–ચોળાનું ભોજન અને ઢીંચણ સુધીના વસ્ત્ર સિવાય બીજું કંઇપણ ભોગવી શક્યો નહી.

વળી સુપાત્ર દાનની નિંદા–પશ્ચાત્તાપ રૂપ પરિણામના કારણે નારકીમાં લઈ જનાર અનુબંધ ઊભો કર્યો, જેના પ્રભાવે પ્રાપ્ત થયેલ સંપત્તિ તેને મૂર્ચ્છા ઊભી કરાવી સાતમી નરકમાં લઇ ગઈ.

માટે જીવનમાં કદી પોતાના કે બીજાના સુકૃતોની નિંદા તો કરતા જ નહિ.

દેખીતું નાનું એકજ વખતના સુપાત્રદાનનું સુકૃત હોવા છતાં શાલિભદ્ર, ધન્ના વગેરેને જે વિશાળ સુખોની, શુભ પરંપરા પ્રાપ્તિ થઈ, તેમાં અનુમોદના એ જ વિશિષ્ટ કારણ જણાય છે.

(૪) સુકૃત અનુમોદનાથી શુભના અનુબંધની

પ્રાપ્તિ અને વૃદ્ધિ દ્વારા ભવાંતરમાં દેવ-ગુરૂ ધર્મ આદિ શુભ સામગ્રીની પ્રાપ્તિ :—

સુકૃત-અનુમોદનાનું વિશિષ્ટ ફળ છે-શુભ કર્મની પરંપરાની વૃદ્ધિ.

પંચસૂત્રકાર મહર્ષિ ફરમાવે છે કે—

आसगलिज्जंति परिपोसिज्जंति निम्मविज्जंति सुहकम्माणुबंधा । साणुबंधं च सुहकम्मं पगिट्ठं पगिट्ठभावज्जिअं नियमफलयं सुपउत्ते विअ महागए सुहफले सिआ सुहपवत्तगे, सिआ, परमसुहसाहगे सिआ ।

ભાવાર્થ :—આનાથી (સુકૃત-અનુમોદનાથી) શુભકર્મના અનુબંધનો સંચય થાય છે, પોષણ થાય છે અને નિર્મા... થાય છે તથા અનુબંધવાળું એવું શુભ કર્મ પ્રકૃષ્ટ બ... છે. પ્રકૃષ્ટ ભાવથી ઉપાર્જિત થાય છે. અને સમ્યગ રી... યોજાયેલ મહા-ઔષધની જેમ શુભ ફળને નિયમા આપન... થાય છે. શુભ પ્રવૃત્તિને કરાવનાર થાય છે અને પરમસુખ... એટલે કે મુક્તિનું સાધક બને છે.

સુકૃતોની અનુમોદના સુકૃતના પક્ષપાત રૂપી ઉ... સુકૃતથી ઊભું થયેલ પુણ્ય જ્યારે ઉદયમાં આવે છે, ત્ય... આત્માને શુભમતિ આપે છે, અને તે શુભમતિ દ્વારા ... સુકૃતો કરતો પુણ્ય પરંપરાનો વિસ્તાર કરે છે, અ... વિસ્તૃત થતું પુણ્ય દેવાધિદેવ, અથવા કેવળજ્ઞાની ભગવ... વગેરે ઉત્તમોત્તમ આત્માઓની સાક્ષાત પ્રાપ્તિ કરાવવા...

જીવનમાં આરાધના વધારીને મોક્ષના ફળને જલદીથી પમાડે છે.

ટુંકમાં જો સુકૃતની અનુમોદના સાચા હૃદયના ભાવથી ઉલ્લાસપૂર્ણ હૃદયે થાય તો છેક મોક્ષની પ્રાપ્તિ થાય ત્યાં સુધી આ અનુમોદના સંસારમાં સુકૃતની સામગ્રીવાળા સદ્ગતિના ભવો અને સુખની પરંપરાને આપે છે.

(૫) સુકૃત અનુમોદનાથી ઇર્ષ્યા–મત્સરભાવનો નાશ

આજે જગતમાં વ્યાપક બનેલો મહાન દોષ છે ઇર્ષ્યા મત્સર–અદેખાઈ. સુકૃત અનુમોદનામાં પરના સુકૃતની અનુમોદના પણ આવતી હોવાથી ઇર્ષ્યા વૃત્તિનો નાશ થાય છે. ઇર્ષ્યા દોષથી માણસ પારકાનુ સારું જોઈ શકતો નથી. લાખોપતિ પણ બીજાની અધિક લક્ષ્મી જોઈને બળે છે. અને તેથી પોતાને મળેલ સામગ્રીના સુખને પણ ભોગવી શકતો નથી. દેવતાઓ પણ ઇર્ષ્યાવૃત્તિથી પરસ્પર ઝઘડે છે અને કલેશ કરે છે. ધર્મની પ્રવૃત્તિઓમાં પણ ઇર્ષ્યાવૃત્તિઓ ઘણે ઠેકાણે પેસી જઇને ધર્મના ફળથી વંચિત રાખે છે. અને નાહક કર્મબંધ કરાવી જીવને દુઃખમાં ફેંકી દે છે.

મારા મહોત્સવ કરતાં બીજાનો મહોત્સવ સારો ન થવો જોઈએ. મારા કરાવેલ ઉપધાન કરતાં બીજાનાં વધુ સારાં ન દેખાવાં જોઈએ, વગેરે અનેક પ્રકારની વૃત્તિઓ ધર્મક્રિયા કરનારાઓના હૈયામાં પણ ઘર કરી જાય છે. પરિણામે ધર્મક્રિયાઓ પણ કલુષિત બની જાય છે, જેથી ધર્મક્રિયાઓ કરવા છતાં જીવ દુર્ગતિને પામે છે,

ઈર્ષ્યાવૃત્તિના અનિષ્ટફળ ઉપર કુંતલા-મહારાણીનું દૃષ્ટાંત

શ્રાદ્ધવિધિ નામના ગ્રંથમાં એક દૃષ્ટાંત આવે છે,

પૃથ્વીપુર નગરમાં જિતશત્રુ રાજા છે. તેને કુંતલા નામે મુખ્ય પટરાણી છે. બીજી પણ અનેક રાણીઓ છે. કુંતલારાણી જિનધર્મમાં ખૂબ દૃઢ છે, તેણે ધીમે ધીમે પોતાના સંગથી અન્ય રાણીઓને પણ ધર્મમાં જોડી દીધી. બધી રાણીઓ પણ તેના ઉપર બહુમાનને ધરતી જિન-ધર્મની સુંદર આરાધના કરવા લાગી.

કુંતલારાણીએ એક ઉત્તમ પ્રકારના જિન મંદિરનું નિર્માણ કરાવ્યું અને તેમાં શ્રી જિનેશ્વરદેવની પૂજા, નૃત્ય, ગીત-ગાન આદિ દ્વારા ખૂબ ખૂબ ભક્તિ કરે છે. પ્રસંગે સાધર્મિકોની સેવા કરે છે.

અન્ય રાણીઓએ પણ તે જોઈને પોતાનાં દેરાસરો, દેરીઓ, પ્રતિમાઓ ભરાવીને પ્રતિષ્ઠાના મહોત્સવો શરુ કર્યા, અને તે નિમિત્તે રોજ જિનભક્તિ, પ્રભાવના, સાધર્મિક ભક્તિ વગેરે કરવા લાગી,

ઈર્ષ્યાવૃત્તિની ભયંકરતા જુઓ.

કુંતલારાણી પોતાના મંદિરની જિનભક્તિ, સાધર્મિક ભક્તિ આદિ કાર્યોની પ્રશંસા સાંભળી રાજી થાય છે પણ બીજી રાણીઓનાં મંદિરોની પ્રશંસા સાંભળી બળે છે. તેનામાં ઈર્ષ્યા ઉત્પન્ન થાય છે.

કર્મની કેવી વિચિત્રતા છે કે–સંસારના કાર્યોમાં તો ઠીક, પરંતુ ધર્મના કાર્યોમાં પણ જીવો મત્સરભાવને ધારણ કરે છે.

અન્ય રાણીઓ સરળ છે તેથી કુંતલારાણીના સુકૃતની અનુમોદના કરે છે.

કુંતલા ઇર્ષ્યાભાવને છોડી શકતી નથી. આગળ જતાં તેને દુર્નિવાર રોગ ઉત્પન્ન થયો, શોક્યો ઉપરના દ્વેષભાવ, ઇર્ષ્યાવૃત્તિને કારણે મૃત્યુ પામીને તે પોતાના જ મંદિર આગળ કૂતરી તરીકે ઉત્પન્ન થઈ.

તે પૂર્વના અભ્યાસથી તે દહેરાસરના દરવાજા આગળ બેસી રહે છે. નોકરો વગેરે મારે. કૂટે તો પણ તે જગ્યા છોડતી નથી. પાછી ફરી ફરીને ત્યાં જ આવીને બેસે છે.

કાલાંતરે ત્યાં કોઇક કેવળજ્ઞાની ભગવંત પધાર્યા. રાણીઓએ દેશના સાંભળી. અંતે પૂછ્યું કે "અમારાં ઉપકારી કુંતલાદેવી કયા ભવમાં ગયાં?" કેવળજ્ઞાની ભગવંતે કૂતરી દેખાડીને કુંતલારાણીનો જીવ આ કૂતરી તરીકે ઉત્પન્ન થયો છે–એમ જણાવ્યું.

આ સાંભળી બધી રાણીઓ ખેદ પામી. કેવળજ્ઞાની ભગવંત પાસેથી તેનું કારણ જાણી વૈરાગ્ય પામી કુતરીને રોજ ખાવાનું નાખીને સ્નેહથી યાદ દેવડાવે છે.

"હે મહાભાગ્યા! તું અમારી ધર્મદાતા, ધર્માત્મા

જીવનમાં કેટલી આરાધના કરી શકીએ ? તમે જીવનમાં દાન કેટલું દઈ શકો ? શીલ કેટલું પાળી શકો ? તપ કેટલો કરી શકો ? શુભ ભાવો કેટલાં ભાવી શકો ?

મહાદાનેશ્વરીનું જીવનભરનું દાન પણ લાખો-ક્રોડો, માનો કે અબજોનું થાય, જ્યારે અનુમોદના કરવા બેસીએ અને સર્વતીર્થંકર ભગવંતોના વરસીદાનની જ માત્ર અનુમોદના કરીએ તો પણ કેટલા મહાન દાનની અનુમોદના થઈ જાય ?

આપણી જિનભક્તિ કેટલી પરિમિત ? પેથડશાહ, કુમારપાળ. વસ્તુપાળ-તેજપાળ, સંપ્રતિ વગેરે પુણ્યાત્માઓની જિનભક્તિને યાદ કરી અનુમોદના કરીએ તો કેટલી બધી અનુમોદના થાય ?

આપણું શીલ, સદાચાર કે સંયમ ગણીએ તો કેટલું અને કેવું ? જ્યારે વિજયશેઠ-વિજયાશેઠાણીનું શીલ કેવું ? સ્થૂલભદ્રમુનિનું કેવું ? પૂર્વ કોટિના આયુષ્યવાળા જીવોનું સંયમ કેટલું બધું ?

અનંતા તીર્થંકર પ્રભુની શાસનસ્થાપના, ગણધર ભગવંતોની દ્વાદશાંગીની રચનાઓ, સિદ્ધ પરમાત્માઓના શુદ્ધ આત્મસ્વરૂપ, સૂરિ ભગવંતોની જિનશાસન આરાધના, પ્રભાવનાઓ, વાચકોની શ્રુતજ્ઞાનની આરાધના, સાધુઓની પરિષહ-ઉપસર્ગોમાં રહેતે પણ અચલપણે સંયમની સાધના, શ્રાવક શ્રાવિકાઓનું પણ સામાયિકમાં મનનું વાવેતર, તથા સમ્યગ્દૃષ્ટિઓ દેવ-નારકોની પણ જિનવચનથી અપ્રતિકૂળ [illegible]

દયા-દાન આદિની પ્રવૃત્તિ અને બ્રહ્મચર્યાદિની વૃત્તિ વગેરે અપરિમિત સુકૃતો-ગુણો આ જગતમાં થાય છે તે બધાંની અનુમોદનાથી અપરિમિત આરાધના થાય છે.

સુકૃતાનુમોદનથી હરણની પણ બળભદ્ર મુનિ અને દાન આપનાર સાર્થવાહની સમાન ગતિ

કૃષ્ણ વાસુદેવના મોટાભાઈ બળભદ્ર, કૃષ્ણના મૃત્યુ પછી છ માસ સુધી મોહથી ખભે મડદું લઈને ફર્યા. અંતે પોતાનો સારથિ મૃત્યુ પામીને દેવ થયેલ છે તેનાથી પ્રતિબોધ પામી ચારિત્ર લીધું.

માસક્ષપણને પારણે માસક્ષપણ કરે છે, જંગલમાં રહે છે, તેમની પ્રશાંતતાથી જંગલનાં હિંસક પ્રાણીઓ શાંત થઈ ગયાં છે. તેમણે હિંસક પ્રાણીઓને પણ દેશના આપીને ધર્મી બનાવ્યાં છે.

માસક્ષપણને પારણે ગામમાં ગોચરી જાય છે. તેમનું રૂપ અત્યંત મોહક છે, જેથી પારણા માટે ગામમાં જતાં બળભદ્રમુનિને જોવામાં વ્યાકુળ સ્ત્રીઓ બધું જ કામકાજ ભૂલી જાય છે.

એકવાર બળભદ્ર મુનિને જતા જોઈ તેમના રૂપના દર્શનમાં વ્યાકુળ બનેલ સ્ત્રી કુવાના કાંઠે દોરડું બેડામાં નાખવાને બદલે છોકરાના ગળામાં નાખે છે. બળભદ્ર મુનિની દૃષ્ટિ પડતાં અટકાવે છે. અને ત્યારથી જંગલમાંજ પારણું કરવાનો અભિગ્રહ કરે છે.

હવે માસક્ષપણુના પારણે આ મુનિ ગામમાં ગોચરી આવતા નથી. જંગલમાં જતા–આવતા સાર્થવાહો કે પ્રવાસી મુસાફરો પાસેથી પારણાના દિવસે જે મળે તે લઈ તેનાથી નિર્વાહ કરે છે. વળી એક જ દિવસના પારણા ઉપર નવું માસક્ષપણનું તપ કરે છે.

બળભદ્ર મુનિના સંયમથી આકર્ષાયેલ એક ભદ્રિક સરળ સ્વભાવી હરણ રોજ મુનિનાં દર્શન આદિ કરે છે. દેશના સાંભળે છે, પારણાના દિવસે આજુબાજુ આવેલ સાર્થવાહ કે મુસાફરની તપાસ કરીને મુનિને ત્યાં લઈ જાય છે. મુનિના તપની અનુમોદના કરે છે.

એક પ્રસંગે માસક્ષપણના પારણાના દિવસે જંગલમાં સાર્થવાહને જોઈને હરણ મુનિને સાર્થવાહ પાસે લઈ જાય છે. સાર્થવાહ પણ મુનિને જોઈને ખૂબ જ હર્ષ પામે છે, જંગલમા મહા–મંગલની પ્રાપ્તિ માને છે. સાર્થવાહના મુકામ ઝાડ નીચે છે હરણ મુનિને લઈને ત્યાં આવી પહોંચે છે.

મુનિ એષણા–સમિતિમાં એકાગ્રચિત્તવાળા બની જિન શાસનની અને ચારિત્રમાર્ગની અનુમોદના કરતા પાત્રમાં દાન લઈ રહ્યા છે,

સાર્થવાહ મુનિના દર્શનથી અને સુપાત્રદાનના મહા અવસરથી આનંદિત બનેલા છે. રોમાંચ ખડા થઈ જાય છે, સુપાત્ર દાનના મળેલા અવસરને ધન્ય માને છે, મુનિના ચારિત્ર માર્ગની પણ અનુમોદના કરે છે. ધન્ય છે,

મહામુનિને ! ખરેખર મનુષ્યજીવનને સફળ કરી રહ્યા છે. આવા જંગલમાં ઉગ્ર તપની આરાધના કરી રહ્યા છે. મારી બધી સંપત્તિનો મુનિના દાનમાં ઉપયોગ કરીને જીવન કૃતાર્થ બનાવી દઉ–એમ ઉલ્લસિત બનીને મુનિના પાત્રમાં દાન આપી રહ્યો છે.

પાસે ઉભેલું હરણ પોતાની જાતની નિંદા કરતું મુનિ અને સાર્થવાહની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે. "ધિક્કાર છે મારા તિર્યંચના ભવને, કે ન તો સંયમની સાધના થઈ શકી, કે નથી મુનિને દાન આદિનો પણ લાભ લઈ શકાતો. ધન્ય છે તપસ્વી અને સંયમી મુનિ ભગવતને ! જીવન કૃતાર્થ કર્યું, સંયમ, તપ ધર્મની આરાધનાથી કંઈક કર્મોના કચ્ચરઘાણ કાઢી મુક્તિની નિકટ જઈ રહ્યા છે, ધન્ય છે સાર્થવાહને ! પોતાને મળેલા દ્રવ્યને સફળ કરી રહ્યો છે, મહાત્માના પાત્રમાં દાન આપીને પુણ્યના પુંજને એકઠો કરી રહ્યો છે, સદ્‌ગતિ અને મુક્તિને નિશ્ચિત કરી રહ્યો છે મારો પણ એવો શુભ અવસર ક્યારે આવે કે હું પણ આ રીતે મુનિઓને દાન આપનાર થાઉં, અથવા મુનિ ધર્મની આરાધના કરું ?"

આમ ત્રણે શુભ ધ્યાનમાં છે, ત્યાં અચાનક પવનનો સપાટો આવ્યો, વિશાળ ઝાડની ડાળીઓ કડાક અવાજ કરીને તુટી, ત્રણે ઉપર પડી, સંયમના આરાધક મુનિ શુભ ધ્યાનમા કાળધર્મ પામી પાંચમા બ્રહ્મદેવલોકમાં, મુનિને દાન આપનાર સાર્થવાહ પણ પાંચમા દેવલોકમાં અને

બંનેની ભાવપૂર્ણ અનુમોદના કરનાર હરણનો જીવ પણ પાંચમા બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયો.

માટે જ કહ્યું છે કે "કરણ કરાવણ ને અનુમોદન, સરખાં ફલ નિપજાવે"

સુકૃતાનુમોદના કેવી રીતે કરવી?

સુકૃતાનુમોદનાના અપરંપાર લાભ વિચાર્યા, તો હવે આ સુકૃતાનુમોદના કેવી રીતે કરવી–તે વિચારવાનું છે. એટલે ધ્યાનમાં રાખવાનું છે કે શક્તિ મુજબ કરનાર અને કરાવનારનું અનુમોદન સફળ બને છે. શક્તિ હોવા છતાં કંઈ જ કરવું નહિ, માત્ર અનુમોદનાનો લાભ લેવો તેવા ભાવવાળાની અનુમોદના વાસ્તવિક બનતી નથી, પણ લગભગ નિષ્ફળ જાય છે, માટે અનુમોદનાને સફળ કરવા માટે શક્ય અનુષ્ઠાનોને આચરવા તૈયાર થવું જોઈએ.

અનુમોદના પદમાં બે શબ્દ અનુ અને મોદન. 'મોદન' શબ્દ સંસ્કૃતમાં જેનો અર્થ 'આનંદ પામવો' છે, તે મુદ્ ધાતુ પરથી બન્યો છે. અનુ = પાછળ અથવા અનુ=અનુસરતો–સુકૃતની પાછળનો અથવા સુકૃતને અનુસરતો આનંદ તેનું નામ સુકૃતાનુમોદન.

અનુમોદના ભાવપૂર્ણ હૃદયે કરવાની છે, એટલે કે જે સુકૃતની આપણે અનુમોદના કરી રહ્યા હોઈએ, તેમાં ચિત્ત લીન થવું જોઈએ.

નજર સામે આવે તપસ્વી, તપના તેજથી ચમકતી પણ હાડ-માંસ-લોહી સુકાવાથી તદ્દન કૃશ એવી મુનિની કાયા આપણી સામે આવે, અને આપણે તેમને ધન્યવાદ આપવા પૂર્વક નમી રહ્યા હોઈએ, તેવી જ રીતે સર્વ અનુમોદન સ્થાનોમાં જાણવું.

અનુમોદના કરતાં આત્મા ગળગળો થઇ જવો જોઇએ, મહાન સુકૃતો નજર સામે જોઇને હૈયામાં હર્ષ ને આનંદ ઉભો થાય. જે સુકૃતોની અનુમોદના કરીએ તે સુકૃતો ઉપર હૈયામાં ખૂબ જ બહુમાન ઊભું થવું જોઇએ, તેથી સુકૃતને કરનાર આપણને ખૂબ ધન્યતાપાત્ર જીવ લાગે, આપણા સુકૃતની અનુમોદના કરતા પણ સુકૃતની એ પળ આપણને ધન્ય લાગવી જોઈએ.

સુકૃતના મનોરથો :—જે જે સુકૃતોની અનુમોદના કરીએ તે તે સુકૃતો આપણા જીવનમાં આવે, અને વિસ્તાર પામે તેવા મનોરથો અનુમોદના કરતાં કરતાં હૃદયમાં ઉભા થવા જોઈએ. સુકૃતના મનોરથોમાં પણ તાકાત છે.

કલિકાલ સર્વજ્ઞ આ. શ્રી હેમચંદ્રસૂરિ મહારાજાએ પણ યોગશાસ્ત્રમાં રાત્રિ નિદ્રાનો વિચ્છેદ થાય ત્યારે શ્રાવકને કરવાના શુભ મનોરથો આ પ્રમાણે જણાવ્યા છે.

जिनधर्मविनिर्मुक्तो मा भूवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि, जिनधर्माधिवासितः ॥ १४० ॥

જિનધર્મથી વાસિત એવો નોકર કે દરિદ્ર ભલે થાઉં.

પરંતુ જિનધર્મ વિનાનો ચક્રવર્તી પણ હું ન થાઉં,

त्यक्तसंगो जीर्णवासा मलक्लिन्नकलेवरः ।
भजन माधुकरीं वृत्तिं मुनिचर्यां कदा श्रये ॥ १४१ ॥

હે પ્રભુ, હું સઘળા સંગને છોડીને જીર્ણ વસ્ત્ર ધારણ કરનાર, મેલથી યુક્ત શરીરવાળો, માધુકરી વૃત્તિથી આજીવિકાને ચલાવતો એવો મુનિપણાની ચર્યાને ક્યારે સેવીશ?

त्यजन दुःशीलसंसर्गं गुरुपादरजःस्पृशन् ।
कदाऽहं योगमभ्यस्यन प्रभवेयं भवच्छिदे ॥

દુઃશીલોના સંસર્ગને છોડતો, તથા ગુરુ ચરણની રજની સ્પર્શના કરતો, યોગનો અભ્યાસ કરતો હું ભવ એટલે કે સંસારનો ઉચ્છેદ કરવા ક્યારે સમર્થ બનીશ?

महानिशायां प्रकृते, कायोत्सर्गे पुराद् बहिः ।
स्तम्भवत् स्कन्धकर्षणं, वृषाः कुर्युः कदा मयि ॥

એવો દિવસ ક્યારે આવશે કે જ્યારે મહારાત્રિને વિષે નગરની બહાર કાઉસગ્ગ ધ્યાને રહેલા મારા વિષે બળદો થાંભલાની માફક ગરદન ઘસશે? (બળદો નિશ્ચલ ઉભેલા મને થાંભલો માનીને પોતાની ખાજ દૂર કરવા મારા શરીર સાથે પોતાની ગરદન ઘસશે?)

वने पद्मासनासीनं, क्रोडस्थितमृगार्भकम् ।
कदाऽऽघ्रास्यन्ति वक्त्रे मां, जरन्तो मृगयूथपाः ॥

આગલા ભવમાં પાળેલ ચારિત્ર યાદ આવે છે. તેનો સાક્ષાત્ પ્રભાવ અનુભવ્યો છે. હવે ચારિત્રના કોડ થાય છે, માતા-પિતાની રજા માગે છે, માતા-પિતા આઠ કન્યા સાથે લગ્ન કરીને પછી જે કરવું હોય તે કરજો તેમ જણાવે છે. છેવટે લગ્ન કરી બીજા દિવસે ચારિત્ર લેવાનું નક્કી થાય છે,

કન્યાનાં માતાપિતાઓને તે વાત જણાવાય છે, તેઓ ચમકી ઊઠે છે, બીજો વર કરવાનો વિચાર કરે છે પણ આર્યદેશની શીલના પરાક્રમવાળી કન્યાઓ માતા-પિતાને કહે છે,

"આ ભવમાં બીજો વર નહીં કરીએ, એ ગુણનિધિ જે કરશે તે અમે કરીશું. રાગ-વિરાગ બંનેમાં તેમની આજ્ઞાને શીરે ધરીશું."

લગ્ન લેવાયાં, ધવલ મંગલ ગીતો શરૂ થયાં. વરઘોડે ચઢીને ગુણસાગર ત્યાં આવ્યો. ચોરીમાં આવ્યો. હસ્તમેલાપ શરૂ થયો. સાજન સહુ ભેગા થયા છે,

તે વખતે ગુણસાગર કુમાર કેવા સુંદર સુકૃતના મનોરથ કરતા કેવળજ્ઞાન સુધી પોંહચે છે તે વાત સજ્ઝાયકાર શ્રી રૂપવિજય મહારાજના શબ્દોમાં જ જોઈએ...

"હવે કુમાર શુભ ચિત્તમેં ધર્મધ્યાન સાંભરીયાં રે લોલ
સંયમ લેઈ સુગુરુ કને, શ્રુત ભણશું ગુણકારી રે લોલ;
સમતા અમૃત ઝીલશું, કામકષાયને વારી રે લોલ,

ગુરૂ વિનય નિત્ય સેવશું તપ તપશું મનોહારી રે લોલ,
દોષ બેતાલીશ ટાલશું, માયા લોભ નિવારી રે લોલ.
ઉચિત મરથે સમપશું, સમ તૃણ-મણિ ગણશું રે લોલ,
સંયમ યોગે થિર થઈ, મોહ રિપુને હણશું રે લોલ.
ગુણસાગર ગુણશ્રેણિએ, થયા કેવળનાણી રે લોલ;
નારી પણ મન ચિંતવે, વરીએ અમે ગુણખાણી રે લોલ,
અમે પણ સંયમ સાધશું, નાથ નગીના સાથે રે લોલ;
એમ આઠે થઈ કેવળી, તે સવિ પિયુડા હાથે રે લોલ."

જૂઓ, સુકૃત-મનોરથોનો કેવો સુંદર મહિમા છે, લગ્ન ચોરીમાં આઠ સ્ત્રીઓની સાથે હસ્તમેલાપની બાહ્ય ક્રિયા વખતે અંતરના સંયમના મનોરથમાં રાચતાં ગુણસાગર તેમજ આઠે કન્યા કેવળજ્ઞાનને પામે છે,

ગુણસાગરના માતા-પિતા પણ સમાચાર મળતાં સંવેગ રંગમાં આગળ વધતાં કેવળજ્ઞાનને પામ્યાં.

તેવી જ રીતે આ સમાચાર રાજ્યસિંહાસન ઉપર બેઠેલ પૃથ્વીચંદ્ર કુમારને રાજસભામાં મળતાં ગુણસાગર મુનિની અનુમોદના કરતા અને પોતે પણ સુકૃતના મનોરથ કરતા પૃથ્વીચંદ્ર કેવળજ્ઞાનને કેવી રીતે પામે છે, તે માટે જુઓ તે જ સજ્ઝાયની નીચેની પંક્તિઓ :—

પૃથ્વીચંદ્ર તે સાંભળી, વાધ્યો મન વૈરાગ,
ધનધન તે ગુણસાગરૂ, પામ્યો ભવ જળ તાગ....!

હું નિજ તાતને દાક્ષિણ્યે, પડ્યો રાજ્ય મઝાર,

પણ હવે નિસરશું કદા, થાશું, કબ અણગાર ૨

ઢાળ

ધનધન જે મુનીવર ધ્યાને રમે, કરતા આતમ શુદ્ધ, મુનીસ
રાજા ચિંતે સદ્‌ગુરુ સેવના, કરશું નિર્મળ બુદ્ધ. મુનીસ
ધનધન જે મુનિવર ધ્યાને રમે ॥૧

કબહું શમદમ સુમતિ સેવશું, ધરશું આતમ ધ્યાન
ઇમ ચિંતવતા અપૂરવ ગુણ ચઢે, શ્રેણિએ શુક્લ ધ્યાન॥મુ॥ ધન.
ધ્યાન બળે સવિ આવરણ ક્ષય કરી, પામ્યા કેવળજ્ઞાન"

પૃથ્વીચંદ્રકુમાર આમ ગુણસાગર મુનિના સુકૃતની અનુમોદના તથા પોતના જીવન માટે સુકૃતના મનોરથો કરતાં કેવળજ્ઞાન પામે છે. કુમારની આઠ સ્ત્રીઓ પણ સાંભળતાં સંવેગ રંગમાં ઝીલતી કેવળજ્ઞાન પામે છે.

"દયિતા આઠ સુણી મન હર્ષથી, ઉલટ અંગ ન માય
સંવેગ રંગ તરંગમેં ઝીલતી, આઠે કેવળી થાય ॥મુ॥ ધન.

આ છે સુકૃત-અનુમોદના તથા સુકૃત મનોરથોના ઉત્તમોત્તમ લાભો.

આપણે પણ આવા સુકૃત મનોરથો હૃદયના ઉત્કૃષ્ટ ભાવપૂર્વક ભાવીએ-જેથી કર્મના બંધનોથી મુક્ત થઈ શાશ્વત સુખને પ્રાપ્ત કરીએ.

વિભાગ ૧ લો

સ્વ-સુકૃત અનુમોદના

પ્રથમ સામાન્યથી સર્વસુકૃતની અનુમોદના કરાય છે.

यत्कृतं सुकृतं किञ्चित्, रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येहं मार्गमात्रानुसार्यपि ॥

શ્રી જિનેશ્વર ભગવંતના માર્ગને અનુસરીને જે કંઈ સુકૃત મેં કર્યું હોય તે સર્વને હું ભાવથી અનુમોદું છું.

મારા જીવે ભૂતકાળના ભવોમાં તથા આ ભવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી હોય, તથા સમ્યક્ત્વના આચારોનું પાલન કર્યું હોય, જેવું કે-જિનભક્તિ, જિનદર્શન, પૂજા-વંદન, તીર્થયાત્રા, નવકાર મંત્રનો જાપ વગેરે કર્યું હોય તે સર્વને ભાવથી અનુમોદું છું.

મારા જીવે દેશવિરતિમાં અણુવ્રતો પાળ્યાં, વ્રત પચ્ચ-ક્ખાણ કર્યાં હોય. તપ-ત્યાગ કર્યા, અભિગ્રહ કર્યા, સામાયિક પૌષધાદિ કર્યાં હોય તે બધાં આ ભવ કે ભૂતકાળના ભવોના સુકૃતોની ભાવપૂર્વક અનુમોદના કરું છું.

શ્રી જિનબિંબ શ્રી જિનપ્રતિમા, સમ્યગ્જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપ સાતક્ષેત્રોને પોષ્યા હોય, તેને

વિષે ભક્તિપૂર્વક દ્રવ્યનો ઉપયોગ કર્યો હોય તે-શુભ પ્રવૃત્તિને ભાવપૂર્વક હું અનુમોદું છું.

મારા જીવે આ ભવમાં કે ભૂતકાળના ભવોમાં શ્રી સિદ્ધગિરિજી, શ્રી શંખેશ્વરજી આબુજી, ગીરનાર, સમેત-શિખર, ભોયણી, પાનસર, સેરિશા, તારંગા, માતર, મહેસાણા (સીમંધરસ્વામી) કુંભારીયાજી, રાણકપુર, બ્રાહ્મણવાડા, દિયાણા, નાંદિયા, લોટાણા, મુછાળા મહાવીર, વરકાણા, નાડોલ, નાડલાઈ ભદ્રેશ્વર, અંતરિક્ષ પાર્શ્વનાથ વગેરે ભારતભરમાં કરેલી તીર્થોની યાત્રાને ત્રિવિધ ત્રિવિધ અનુમોદું છુ.

ભૂતકાળના ભવોમાં તથા આ ભવમા મારા જીવે જે કંઈ જીવો ઉપર દયા કરી હોય, કસાઈખાના આદિથી જીવોને છોડાવ્યા હોય, હિંસક પ્રાણીઓથી બીજા મરતા જીવોને બચાવ્યા હોય, માછીમારની જાળોને અટકાવી હોય, ભૂખ્યાંને અન્ન-પાણી, નિર્ધનને ધન-ધાન્ય, વસ્ત્ર આદિ આપ્યા હોય, લક્ષ્મી પરનું મમત્વ આ રીતે ઓછું કર્યું વગેરે-શ્રી જિનેશ્વર ભગવંતના વચનથી અવિરુદ્ધ તેવી જે કંઈ શુભ કરણી કરી હોય તે બધાંને અરિહંત પ્રભુની સાક્ષીએ પૂજ્ય ગુરુદેવની પુણ્ય નિશ્રામાં શ્રી સંઘ સમક્ષ ભાવથી અનુમોદું છું.

પંચાચાર પાલનની અનુમોદના

સમ્યગ્જ્ઞાન ભણ્યો, બીજાને ભણાવ્યું, સમ્યગ્જ્ઞાનની તથા જ્ઞાનીઓની ભક્તિ કરી. શ્રી જિનાગમો લખ્યાં-લખાવ્યાં, જ્ઞાનભંડારો કરીને શ્રુતની રક્ષા કરી, જ્ઞાનના આઠ પ્રકારના

આચાર[૧૬] જેવા કે યોગ્યકાળે ભણવું, અકાળે ન ભણવું, વિનય બહુમાન પૂર્વક ભણવું, જ્ઞાનદાતા ગુરૂઓનો અપલાપ ન કરવો, સૂત્ર, અર્થ, ઉભય બરાબર કહેવા વગેરે, પાળ્યા, પળાવ્યા, આમ જ્ઞાનાચારને લગતાં જે કંઈ સુકૃત મારા જીવે આ ભવમાં કે ભૂતકાળના ભવોમાં કર્યાં હોય તે સર્વસુકૃતોને અરિહંત પરમાત્માદિની સાક્ષીએ ભાવથી અનુમોદું છું.

શ્રી જિનેશ્વર ભગવંતના વચન ઉપર શ્રદ્ધા રાખી, તેમાં નિઃસંદેહ બુદ્ધિ કરી, શ્રી જિનમત સિવાય બીજા કોઈ દર્શનની ઇચ્છા ન કરી, શ્રી જિનધર્મના ફળની શંકા બીલકુલ ન કરી, સાધુ, સાધ્વીના મલ-મલિન ગાત્ર, વસ્ત્ર, પાત્ર આદિની દુર્ગંછા ન કરી, શ્રી જિનધર્મના આરાધકોની ઉપબૃંહણા એટલે કે પ્રશંસા કરી. પ્રમાદ કરતા જીવોને ધર્મની આરાધનામાં સ્થિર કર્યાં, ચતુર્વિધ શ્રી સંઘ પ્રત્યે વાત્સલ્યભાવ રાખ્યો તથા શ્રી જિનશાસનની પ્રભાવના કરી વગેરે[૧૭] દર્શનાચારને લગતા જે કંઈ શુભ આચારો મેં આ ભવમાં કે ભૂતકાળના ભવોમાં પાળ્યા હોય તે બધાંને ભાવથી અનુમોદું છું.

[૧૬] જ્ઞાનના આઠ પ્રકારના આચાર આ મુજબ છે—

काले विणए बहुमाणे, उवहाणे तहय अनिन्हवणे
वंजण अत्थ तदुभए अट्ठविहो नाणमायारो ॥

[૧૭] આઠ પ્રકારના દર્શનાચાર—

निस्संकिय निक्कंखिय निव्वितिगिच्छ' अमूढदिट्ठि !

શ્રી જિનમંદિરોના નિર્માણ કર્યાં, કરાવ્યાં, જિનપ્રતિમાઓ ભરાવી, શ્રી જિનબિંબોની અંજનશલાકા તથા પ્રતિષ્ઠાઓ કરાવી, શ્રી જિનભક્તિના મહોત્સવો કર્યા, કરાવ્યા, દેવદ્રવ્યની વૃદ્ધિ કરી-કરાવી, તીર્થયાત્રાઓ કરી-કરાવી, સંઘ કાઢ્યા, ઉપધાન, ઉજમણાં આદિ શાસન પ્રભાવનાનાં કાર્યો કર્યાં, કરાવ્યાં, દેવના ભવોમાં પ્રભુના કલ્યાણકો ઉજવ્યાં, સમવસરણની રચનાઓ કરી, મેરૂપર્વત ઉપર જઇ પ્રભુના જન્મકાળે અભિષેકો કર્યા, નંદીશ્વરદ્વીપ, રૂચકદ્વીપ, મેરૂ આદિ ઉપરનાં શાશ્વત તીર્થોની યાત્રા કરી વગેરે દર્શનાચારને લગતી સઘળી મારી શુભ પ્રવૃત્તિ, આ ભવમાં કે ગતભવોમાં થઈ હોય તે સર્વને ભાવથી અનુમોદું છું.

ઇર્યાસમિતિ, આદિ પાંચે સમિતિનુ સમ્યગ્ પાલન કર્યું, મન, વચન અને કાયાની ગુપ્તિ કરી, સામાયિક, પૌષધ, દેશાવગાસિક, આદિ વ્રતો કર્યાં, ઉપયોગપૂર્વક પ્રતિક્રમણ, પડિલેહણ, ગોચરી, પાણી, વગેરે શુભ સાધુપણાની ચર્યાઓને આચરી, શ્રાવકપણાના સુંદર આચારો પાળ્યા, વગેરે[18] ચારિત્રાચારને લગતા જે આચારો પાળ્યા હોય તે સર્વને ભાવથી અનુમોદું છું.

નવકારશી પોરસી, સાઢપોરસી, પુરિમડ્ઢ, અવડ્ઢ, એકાશન, બેસણું, આયંબિલ, ઉપવાસ છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ

---

[18] આઠ પ્રકારના ચારિત્રાચાર—

पणिहाण जोग जुत्तो
पंच समिईहिं तिहिं गुत्तिहिं
एस चरित्तायारो

સોળ ઉપવાસ, માસક્ષપણ વગેરે જે કોઈ પ્રકારનો તપ કર્યો, ઉણોદરી રાખી, વૃત્તિસંક્ષેપમાં ભોજનના દ્રવ્યાદિનું નિયમન કર્યું, ચાર મહાવિગઈઓનો સર્વથા ત્યાગ તથા છ વિગઈમાંથી કોઈ પણ એકાદ કે અધિક વિગઈઓનો ત્યાગ કર્યો, શરીરને કષ્ટ આપ્યું, સંલીનતામાં, અંગોપાંગ કે ઇન્દ્રિયોને ગોપવી રાખ્યા, વગેરે છ પ્રકારના બાહ્યતપના[૧૯] વિષયમાં જે કંઈ આરાધના મારા જીવે આ ભવમાં કે ભૂતકાળના ભવોમાં કરી હોય તો તે સર્વેની ભાવથી અનુમોદના કરું છું.

થયેલ દોષોને ગુરુ પાસે પ્રગટ કરી પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી તેનું વહન કર્યું, આચાર્ય, ઉપાધ્યાય, રત્નાધિક આદિનો વિનય કર્યો, બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી શૈક્ષક (નૂતન મુનિ) વગેરે સાધુ ભગવંતોની તથા સાધર્મિકોની વૈયાવચ્ચ કરી, વાચના, પૃચ્છના, પરાવર્તનના, ધર્મકથા, તથા અનુપ્રેક્ષારૂપ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કર્યો, ધર્મધ્યાન, અને શુક્લ ધ્યાનને ધ્યાયું, કર્મક્ષયાદિ નિમિત્તે કાઉસગ્ગ કર્યા, વગેરે છ પ્રકારના અભ્યંતર તપને[૨૦] વિષે જે કંઈ આરાધના કરી હોય, આ ભવમાં કે ગતભવોમાં તે સર્વે આરાધનાની, કે

---

૧૯ બાહ્ય તપના ૬ પ્રકાર—

पायच्छित्तं विणओ वेयावच्चं तहेव सज्झाओ।
झाणं उस्सग्गो वि अ अब्भिंतरओ तवो होइ॥

૨૦ અભ્યંતર તપના ૬ પ્રકાર—

अणसण मूणोअरिया वित्तीसंखेवणं रसच्चाओ।
कायकिलेसो संलीणया य बज्झो तवो होइ।

શ્રી અરિહંત પરમાત્માઓએ વિવિધ સ્થળોમાં વિચરી ભવ્ય દેશનાઓ આપી, અનેક જીવોને પ્રતિબોધિત કર્યા, તે પ્રભુની મહા-પરોપકારની પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

મનોયોગ દ્વારા પણ પ્રભુએ અનેક મનઃપર્યવજ્ઞાની મુનિઓના તથા અનુત્તરવાસી દેવોના સંશયોનું નિરાકરણ કર્યું, પ્રભુના તે શુભ મનોયોગને પણ ભાવથી અનુમોદું છું.

યોગનો નિરોધ કરીને શૈલેશીકરણ કર્યું, તે દરમિયાન ૧૪મા ગુણસ્થાનકને પ્રાપ્ત કરીને સર્વ કર્મોનો નાશ કર્યો, તે પ્રભુજીના યોગનિરોધ તથા શૈલેશીકરણને ભાવથી અનુમોદું છું.

પ્રભુ સર્વ પાપનો ક્ષય કરી નિર્વાણ (મુક્તિ) પદને પામ્યા, ઇંદ્રો-દેવો વગેરેએ પ્રભુના આ નિર્વાણ કલ્યાણકને મહોત્સવ પૂર્વક ઉજવ્યું. પ્રભુના નિર્વાણ કલ્યાણકને ભાવથી અનુમોદું છું.

હે ત્રિજગદાધાર પ્રભુ! આપના અનંતા ગુણો, આપનું સામર્થ્ય અને આપની શક્તિની ગણના હું શી રીતે કરું? આપના અનંતગુણને ગણવા મારી પાસે શક્તિ નથી, ક્ષયોપશમ નથી, છતાં હે ત્રણ જગતના નાથ, વિભુ! આપના અરિહંતપણાની, આપના અનંતગુણોની, આપની અનંત શક્તિની, આપના શ્રેષ્ઠ પરોપકાર આદિ સુકૃતોની તે તે ગુણો અને સુકૃતોની અભિલાષાને કરતા પૂર્વક હું ભાવથી અનુમોદું છું.

ભૂતકાળમાં થયેલા અનંતા અરિહંત પરમાત્માના

શ્રી અરિહંત પરમાત્માઓએ વિવિધ સ્થળોમાં વિચરી ભવ્ય દેશનાઓ આપી, અનેક જીવોને પ્રતિબોધિત કર્યા, તે પ્રભુની મહા-પરોપકારની પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

મનોયોગ દ્વારા પણ પ્રભુએ અનેક મનઃપર્યવજ્ઞાની મુનિઓના તથા અનુત્તરવાસી દેવોના સંશયોનું નિરાકરણ કર્યું, પ્રભુના તે શુભ મનોયોગને પણ ભાવથી અનુમોદું છું.

યોગનો નિરોધ કરીને શૈલેશીકરણ કર્યું, તે દરમિયાન ૧૪મા ગુણસ્થાનકને પ્રાપ્ત કરીને સર્વ કર્મોનો નાશ કર્યો, તે પ્રભુજીના યોગનિરોધ તથા શૈલેશીકરણને ભાવથી અનુમોદું છું.

પ્રભુ સર્વ પાપનો ક્ષય કરી નિર્વાણ (મુક્તિ) પદને પામ્યા, ઇંદ્રો-દેવો વગેરેએ પ્રભુના આ નિર્વાણ કલ્યાણકને મહોત્સવ પૂર્વક ઉજવ્યું. પ્રભુના નિર્વાણ કલ્યાણકને ભાવથી અનુમોદું છું.

હે ત્રિજગદાધાર પ્રભુ! આપના અનંતા ગુણો, આપનું સામર્થ્ય અને આપની શક્તિની ગણના હું શી રીતે કરું? આપના અનંતગુણને ગણવા મારી પાસે શક્તિ નથી, ક્ષયોપશમ નથી, છતાં હે ત્રણ જગતના નાથ, વિભુ! આપના અરિહંતપણાની, આપના અનંતગુણોની, આપની અનંત શક્તિની, આપના શ્રેષ્ઠ પરોપકાર આદિ સુકૃતોની તે તે ગુણો અને સુકૃતોની અભિલાષાને કરવા પૂર્વક હું ભાવથી અનુમોદું છું.

સઘળા સુકૃતોને ભાવથી અનુમોદું છું. ભવિષ્યકાળમાં થનારા અનંતા અરિહંત પરમાત્માના સઘળા સુકૃતોને ભાવથી અનુમોદું છું. વર્તમાનમાં વિચરતા વીશ અરિહંત પરમાત્માના સઘળા સુકૃતોને ભાવથી અનુમોદું છું.

શ્રી ઋષભદેવ સ્વામીના દીક્ષાથી માંડીને ૧૩ માસથી અધિક થયેલ તપને ભાવથી અનુમોદું છું.

શ્રી પાર્શ્વનાથ પ્રભુએ કમઠના ઉપસર્ગોને સમભાવથી સહન કર્યા, તે સમભાવની અનુમોદના કરું છું.

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામિજીએ ઉલ્લાસથી ત્રીજા ભવમાં ૧૧૮૦૬૪૫ માસક્ષપણની આરાધના કરી તેને ભાવથી અનુમોદું છું.

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામીજીએ સાડાબાર વર્ષના છદ્મસ્થ દીક્ષા પર્યાયમાં કરેલ ઉગ્ર અને ઘોર તપ જેવાકે—

૧ છમાસી		
૧ પદિવસ-ન્યૂન છમાસી	૬ બેમાસી	
૯ ચોમાસી	૧ દોઢમાસી	૧૨ અઠ્ઠમ
૨ અઢીમાસી	૧૨ માસક્ષપણ	૨૨૯ છઠ્ઠ
	૭૨ પાસક્ષપણ	ભદ્રાદિ ત્રણ પ્રતિમાઓ
		૩૪૯ પારણાં

વગેરે કુલ ૩૪૯ પારણા સિવાય પ્રભુજીને બાકીના દિવસો નિર્જળ ઉપવાસ થયા, તે ઉગ્ર અને ઘોર તપની ભાવપૂર્વક ત્રિવિધ ત્રિવિધ અનુમોદના કરું છું.

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર પ્રભુએ ૧૨॥ વર્ષના છદ્મસ્થ દીક્ષા પર્યાયમાં સંગમ શૂલપાણી આદિ દેવોના,

શ્રી અરિહંત પરમાત્માઓએ વિવિધ સ્થળોમાં વિચરી ભવ્ય દેશનાઓ આપી, અનેક જીવોને પ્રતિબોધિત કર્યાં, તે પ્રભુની મહા–પરોપકારની પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

મનોયોગ દ્વારા પણ પ્રભુએ અનેક મનઃપર્યવજ્ઞાની મુનિઓના તથા અનુત્તરવાસી દેવોના સંશયોનું નિરાકરણ કર્યું, પ્રભુના તે શુભ મનોયોગને પણ ભાવથી અનુમોદું છું.

યોગનો નિરોધ કરીને શૈલેશીકરણ કર્યું, તે દરમિયાન ૧૪મા ગુણસ્થાનકને પ્રાપ્ત કરીને સર્વ કર્મોનો નાશ કર્યો, તે પ્રભુજીના યોગનિરોધ તથા શૈલેશીકરણને ભાવથી અનુમોદું છું.

પ્રભુ સર્વ પાપનો ક્ષય કરી નિર્વાણ (મુક્તિ) પદને પામ્યા, ઇંદ્રો–દેવો વગેરેએ પ્રભુના આ નિર્વાણ કલ્યાણકને મહોત્સવ પૂર્વક ઉજવ્યું. પ્રભુના નિર્વાણ કલ્યાણકને ભાવથી અનુમોદું છું.

હે ત્રિજગદાધાર પ્રભુ! આપના અનંતા ગુણો, આપનું સામર્થ્ય અને આપની શક્તિની ગણના હું શી રીતે કરું? આપના અનંતગુણને ગણવા મારી પાસે શક્તિ નથી, ક્ષયોપશમ નથી, છતાં હે ત્રણ જગતના નાથ, વિભુ! આપના અરિહંતપણાની, આપના અનંતગુણોની, આપની અનંત શક્તિની, આપના શ્રેષ્ઠ પરોપકાર આદિ સુકૃતોની તે તે ગુણો અને સુકૃતોની અભિલાષાને કરવા પૂર્વક હું ભાવથી અનુમોદું છું.

સઘળા સુકૃતોને ભાવથી અનુમોદું છું. ભવિષ્યકાળમાં થનારા અનંતા અરિહંત પરમાત્માના સઘળા સુકૃતોને ભાવથી અનુમોદું છું. વર્તમાનમાં વિચરતા વીશ અરિહંત પરમાત્માના સઘળા સુકૃતોને ભાવથી અનુમોદું છું.

શ્રી ઋષભદેવ સ્વામીના દીક્ષાથી માંડીને ૧૩ માસથી અધિક થયેલ તપને ભાવથી અનુમોદું છું.

શ્રી પાર્શ્વનાથ પ્રભુએ કમઠના ઉપસર્ગોને સમભાવથી સહન કર્યા, તે સમભાવની અનુમોદના કરું છું.

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામિજીએ ઉચ્ચસ્થી ત્રીજા ભવમાં ૧૧૮૦૬૪૫ માસક્ષમણની આરાધના કરી તેને ભાવથી અનુમોદું છું.

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામીજીએ સાડાબાર વર્ષના છદ્મસ્થ દીક્ષા પર્યાયમાં કરેલ ઉગ્ર અને ઘોર તપ જેવાકે

૧ છમાસી		
૧ પદિવસ-ન્યૂન છમાસી	૬ બેમાસી	૧૨ અઠ્ઠમ
૯ ચોમાસી	૧ દોઢમાસી	૨૨૯ છઠ્ઠ
૨ અઢીમાસી	૧૨ માસક્ષમણ	ભદ્રાદિ ત્રણ પ્રતિમા
	૭૨ પાસક્ષમણ	૩૪૯ પારણાં

વગેરે કુલ ૩૪૯ પારણા સિવાય પ્રભુજીને બાકીના દિવસો નિર્જળ ઉપવાસ થયા, તે ઉગ્ર અને ઘોર તપની ભાવપૂર્વક ત્રિવિધ ત્રિવિધ અનુમોદના કરું છું.

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર પ્રભુએ ૧૨॥ વર્ષના છદ્મસ્થ દીક્ષા પર્યાયમાં સંગમ શૂલપાણી આદિ દેવોના,

ગોવાળીયા વગેરે મનુષ્યોના તથા અનાર્ય દેશમાં મ્લેચ્છોના, તિર્યંચઆદિના જે ભયંકર ઉપસર્ગો, અને ક્ષુધા–તૃષાદિ પરિષહોને સહન કર્યા, તેને ભાવથી અનુમોદું છું.

સર્વ તીર્થંકર ભગવંતોનાં સર્વ સુકૃતોને ભાવથી અનુમોદું છું.

સિદ્ધ ભગવંતોનાં અનુમોદના

સિદ્ધપણાને અનુમોદું છું. અનંતા જીવો સિદ્ધપણાને પામ્યા છે, તેઓના પ્રગટ થયેલ આત્મસ્વરૂપને હું અનુમોદું છું.

તીર્થંકર થઈને સિદ્ધ થયા; તીર્થંકર થયા વિના સામાન્ય કેવળી થઈને જે સિદ્ધ થયા, તીર્થને વિષે જે સિદ્ધ થયા, તે શ્રી ગૌતમસ્વામિજી આદિ તીર્થસિદ્ધો તથા તીર્થ વિના જે સિદ્ધ થયા તે મરુદેવા માતા આદિ અતીર્થસિદ્ધો, પુરુષપણામાં, સ્ત્રીપણામાં કે નપુંસકપણામાં કેવળજ્ઞાન પામીને જેઓ સિદ્ધ થયા તે સર્વે સિદ્ધ પરમાત્માઓને ભાવથી અનુમોદું છું.

સ્વલિંગ એટલે કે સાધુના વેશમાં કેવળજ્ઞાન પામીને સિદ્ધ થયા તે જંબુસ્વામી આદિ તથા ગૃહિલિંગે એટલે કે ગૃહસ્થના વેશમાં કેવળજ્ઞાન પામી સિદ્ધ થયા, તે ભરતચક્રવર્તી વગેરે તથા અન્યલિંગમાં એટલે કે અન્ય તાપસાદિ વેશમાં કેવળજ્ઞાન પામીને સિદ્ધ થયા તે વલ્કલચીરી વગેરે એ સર્વ સિદ્ધપણાની ભાવથી અનુમોદના કરું છું.

સ્વયંબુદ્ધ એટલે કે જેઓ પોતાની જાતે જ (ગુરૂ વિના) નિમિત્ત વગર બોધ પામીને મોક્ષે ગયા, તથા પ્રત્યેક બુદ્ધ એટલે કે પોતાની જાતે પણ નિમિત્ત દ્વારા બોધ પામીને મોક્ષે ગયા, તથા બુદ્ધબોધિત એટલે કે આચાર્યો આદિના ઉપદેશથી બોધ પામીને મોક્ષે ગયા વળી જેઓ એકલા જ મોક્ષે ગયા, તેમજ જેઓ અનેકની સાથે મોક્ષે ગયા તે એક સિદ્ધ તથા અનેક સિદ્ધો.--આ સર્વે પ્રકારના સિદ્ધોની ભાવથી અનુમોદના કરું છું.

રાત્રિના વિષે જેઓ સિદ્ધ થયા, સધ્યા સમયે, મધ્યાહ્ન સમયે, કે સવારે સિદ્ધ થયા, બાળપણે (૮ વર્ષે) જેઓ સિદ્ધ થયા, યુવાવસ્થામાં, મધ્યમાવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં જેઓ સિદ્ધ થયા, દ્વીપને વિષે, સમુદ્રમાં, પર્વત ઉપર કે ગમે તે સ્થાનોને વિષે જેઓ સિદ્ધ થયા, પલ્યંકાસને બેઠા બેઠા, ઉભા ઉભા કાઉસગ્ગ-ધ્યાને, કે સૂતા સૂતા—ગમે તે અવસ્થાને વિષે જેઓ સર્વકર્મનો ક્ષય કરીને સિદ્ધ થયા, તે સર્વ સિદ્ધ પરમાત્માઓને ભાવથી અનુમોદું છું.

સિદ્ધ ભગવંતોના મુખ્ય આઠ ગુણો આ પ્રમાણે છે— અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધ સુખ, વીતરાગતા, અજરામરપણું, અરૂપિપણું, અગુરુલઘુતા,-અનંતવીર્ય. આ આઠે ગુણોની ભાવથી અનુમોદના કરું છું.

હે સિદ્ધ ભગવંતો! આપે આત્માના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે, આપ સંપૂર્ણપણે નિર્મળ. શુદ્ધ, કર્મકલંકથી રહિત, કૃતકૃત્ય થઇ ગયા છો. હું તો મલિન, અશુદ્ધ, કર્મથી

અદ્ધ સંસારી અવસ્થાને અનુભવું છું. આપને વિશેષ શું કહું? આપના અનંત ગુણ સ્વરૂપ તેવા સિદ્ધપણાની, પ્રાપ્તિ મને શીઘ્ર થાય તે અભિલાષાથી, અનંતજ્ઞાની એવા આપની સાક્ષીએ ભાવથી અનુમોદના કરું છું.

આચાર્ય ભગવંતોની અનુમોદના

શ્રી જિનશાસનના શણગાર, શાસનની પ્રભાવનાને કરનારા, શ્રી તીર્થંકર ભગવંતોની ગેરહાજરીમાં શાસનને વહન કરનારા, તીર્થંકર ભગવંતની આજ્ઞાની સમાન જેમની આજ્ઞા છે, જ્ઞાનાચારાદિ પાંચ પ્રકારના આચારોનું સ્વયં પાલન કરનારા તથા જગતના જીવોને કરાવનારા આચાર્યોની કરણીની ભાવથી અનુમોદના કરું છું.

શ્રુતસમુદ્રનું અવગાહન કરનારા, શ્રુતનો ઉદ્ધાર કરનારા તથા શ્રુતનું રક્ષણ કરનારા, તેમજ શ્રુતજ્ઞાનનું શિષ્યોને દાન કરનારા, આચાર્ય ભગવંતોના આ શુભ આચારોને ભાવથી અનુમોદું છું.

૨૪ તીર્થંકર ભગવંતોના ૧૪૫૨ ગણધરોની દ્વાદશાંગીની રચના આદિ શુભ કરણીને ભાવથી અનુમોદું છું.

શ્રી ગૌતમસ્વામિનો મહાવીર પ્રભુ પ્રત્યેનો ઉત્તમ વિનય તથા ૫૦ હજાર શિષ્યોને પ્રતિબોધ કરીને કેવળજ્ઞાન અપાવ્યું, વગેરે શુભ આચારોને અનુમોદું છું.

જિન શાસન રત્નોની ખાણ છે તેમાં રાજાઓ વગેરેને પ્રતિબોધ કર્યા. શ્રી જિનશાસનની મહાન પ્રભાવના કરનારા,

ત્રણ વર્ષની ઉંમરે દીક્ષિત થયેલા શ્રી વજ્રસ્વામિજી, થયા, ૧૪૪૪ ગ્રંથોના રચયિતા આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી, ૩ાા ક્રોડ શ્લોકની રચના કરનારા તથા શ્રી કુમારપાળ રાજાને પ્રતિબોધ કરીને અઢાર દેશમાં જૈનશાસનની અપૂર્વ પ્રભાવના કરનારા પાંચ વર્ષની ઉંમરે દીક્ષિત થયેલા શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, આમ રાજાને પ્રતિબોધ કરનારા શ્રી બપ્પભટ્ટીસૂરિ મહારાજ, લાખો જિન-પ્રતિમાજીની તથા સેંકડો મંદિરોની પ્રતિષ્ઠા-વિધિ કરાવનારા શ્રી હીરસૂરીશ્વર મહારાજ, તથા શ્રી સેનસૂરીશ્વરજી મહારાજા આદિ શ્રી સુધર્માસ્વામીજી થી માંડીને યાવત્ વર્તમાન કાળના આચાર્યોની શ્રી જિનાજ્ઞાને અનુસરીને થયેલ, થતી તેમજ ભવિષ્ય કાળમાં થનારા આચાર્યોની પ્રભુ આજ્ઞાનુસારી થનારી શુભ પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છુ.

ગુરૂ આજ્ઞાના પાલન ખાતર લોખંડની તપેલી તરી ઉપર ચડનારા શ્રી રામચંદ્રસૂરિજી મહારાજની પ્રાણ સમર્પણની પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું....

વિનયરત્ન દ્વારા રાજાનું ખૂન થતાં શ્રી જિનશાસનની અપભ્રાજનાના નિવારણ અર્થે પોતાના ગળે છરી ફેરવી પ્રાણોના સમર્પણ દ્વારા શાસન ઉપર આવતા કલંકને અટકાવનારા શ્રી કાલિકસૂરીશ્વરજી મહારાજની ભાવથી અનુમોદના કરું છું.

શ્રી સરસ્વતી સાધ્વીના શીલની રક્ષા ખાતર, ભગીરથ મહેનત કરી મ્લેચ્છોને લાવી ગર્દભિલ્લ રાજા સાથે

યુદ્ધ કરાવી શ્રી જિનશાસનની રક્ષા કરનારી **શ્રીકાલિકસૂરી મ.**ની પરિણુતિ તથા શાસનરક્ષાની શુભ પ્રવૃતિને ભાવથી અનુમોદું છું.

અયોધ્યાથી વિજય નગરીનો સેંકડો માઈલનો ઉગ્ર વિહાર શ્રી જૈનસંઘની રક્ષા ખાતર કરનારા **શ્રી ધર્મસિંહ સૂરીશ્વરજી** મહા.ની સંઘરક્ષાની કરણીને ભાવથી અનુમોદુ છું.

પૂજનીય આચાર્ય ભગવંતોની તીર્થરક્ષાની શાસન-રક્ષાની, દેવદ્રવ્યાદિની વૃદ્ધિની, સંયમ પ્રદાનની, અનેકાનેક આત્માઓને પ્રતિબોધ કરવાની શુભ પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

આચાર્યો ગચ્છની સારણા, વારણા, ચોયણા પડિચોયણાની શુભ પ્રવૃત્તિ કરે છે. આચાર્યો ગચ્છને યોગ્ય ઉપધિ ઉપકરણો વગેરેનો સંગ્રહ કરે છે. આચાર્યો ગચ્છમાં રહેલ ગ્લાન સાધુ–સાધ્વીઓની યોગ્ય વયાવચ્ચાદિ કરાવડાવે છે. આચાર્યો ચતુર્વિધ સંઘ પ્રત્યે વાત્સલ્ય ભાવને ધારણ કરે છે. આવી આચાર્યોની શુભ પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

ટૂંકમાં શ્રી જિનશાસનમાં આચાર્યોના શીરે જે જવાબદારીઓ છે તેનું પાલન કરતા આચાર્યોની પાંચ આચારની શુભ પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

શ્રી ઉપાધ્યાય ભગવંતોની અનુમોદના

શ્રી જિનશાસનમાં યુવરાજ સમાન, સાધુઓને [illegible] સૂત્રનું દાન આપનારા, પચ્ચીશ ગુણોથી યુક્ત શ્રી ઉપાધ્યાય ભગવંતોની ભાવથી અનુમોદના કરું છું.

અનેક ગ્રંથોની રચના કરવાની, અનેક જીવોને પ્રતિબોધ કરવાની તથા ચરણ સિત્તરી અને કરણ સિત્તરીની ઉપાધ્યાયની કરણીને ભાવથી અનુમોદું છું.

'અલ્પક્ષયોપશમવાળા સાધુઓને પણ જ્ઞાનદાન દ્વારા પંડિત બનાવનાર, ઉપાધ્યાય ભગવંતોની અનુમોદના કરું છું.

ગચ્છની ઉપધિ, વસ્ત્રાદિની ચિંતા કરવાની, આચાર્યની સાથે રહી ગચ્છનો બોજ ઉપાડી લેવાની સર્વ સાધુઓને પ્રથમશ્રુત ભણાવવાની ઉપાધ્યાય ભગવંતોની સાધનાને અનુમોદુ છું.

તીવ્ર ક્ષયોપશમવાળા અને શ્રી શ્રુત ધર્મની આરાધના અને રક્ષા ખાતર સેંકડો ગ્રંથોની રચના કરનારા બહુશ્રુત શ્રી ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની શ્રુત સાધનાને ભાવથી અનુમોદું છું.

લોકપ્રકાશ આદિ અનેકવિધ ગ્રંથોની રચના કરવાવાળા શ્રી ઉપા. વિનયવિજયજી મ.ની શ્રુત આરાધનાને ભાવથી અનુમોદું છું.

બંનેએ ભેગા થઇ કુશાગ્રબુધ્ધિથી કાશીમાં છ હજાર શ્લોક પ્રમાણ ગ્રંથને એક જ દીવસમાં ધારી લીધો તે ઉભય ઉપાધ્યાયજી ભગવંતને મારા ભાવથી નમસ્કાર છે.

સાધુ ભગવંતોની અનુમોદના

સકલ સાધુ ભગવંતોની રત્નત્રયીની સાધનાને અનુમોદું છું.

ય છે, બીજા પણ અનેક નિયમો હોય છે. આ પ્રકાર મહિ-
ની સાધનાને **પરિહારવિશુદ્ધ ચારિત્ર** કહેવાય છે.
ા પરિહાર વિશુદ્ધિ ચારિત્રની મહાત્માઓની આરાધનાને
ાવથી અનુમોદું છું.

શ્રી જિનશાસનમાં સાધુઓ પવિત્ર છે, તેમની મન,
ચન-કાયાની પ્રવૃત્તિ પવિત્ર છે, કેટલાક મુનિઓ સ્વાધ્યાય-
ત્ર-સિદ્ધાંતોનો અભ્યાસ કરે છે. કેટલાક ગુરુવર્યોની વૈયા-
ચ કરે છે, કેટલાક ઉગ્ર તપસ્યાઓ કરે છે. કેટલાક યોગો-
હન કરે છે, કેટલાક ધર્મકથાદિથી ભવ્ય આત્માઓને
તેબોધ કરે છે. કેટલાક ધ્યાન કરે છે. કેટલાક જપ જપે
કેટલાક વિવિધ પ્રકારના વીરાસન, પદ્માસન આદિ કરે
કેટલાક મહાત્માઓ ચારે આહાર ત્યાગ કરીને અનશનની
ારાધના કરે છે. મુનિ ભગવંતોની આ બધી શ્રી જિન-
ાનાનુસારી ચારિત્ર પોષક પ્રવૃત્તિઓની ત્રિવિધ ત્રિવિધ
ુમોદના કરું છું.

ગચ્છમાથી નીકળી, અનેકવિધ ઉપસર્ગો-પરિષહોને
ન કરતા, ઉત્સર્ગ માર્ગે જીવન જીવતા શ્રી **જિનકલ્પી**
નેઓના ચારિત્રને ભાવથી અનુમોદું છું.

શ્રી ઋષભદેવ સ્વામીના પ્રથમ પુત્ર ભરત ચક્રવર્તી'
મયે આરિસાભુવનમાં કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું અને
ીતલ ઉપર વિચરી અનેક આત્માઓના ઉપર ઉપકાર
ાં, તેમની ભાવથી અનુમોદના કરું છું.

ઋષભદેવ સ્વામીના ૯૮ પુત્રો, જેઓ ભરત જોડે યુદ્ધ
વા તૈયાર થયેલા, પરંતુ પ્રભુના ઉપદેશથી ચારિત્રને પ્રાપ્ત
યું. તેમજ શ્રી **બાહુબલી**–જેમને ભરત જોડે યુદ્ધ કરતાં
જય–પ્રાપ્ત થવા છતાં રણભૂમિ ઉપર જ ચારિત્ર લીધું
ઓના ચારિત્રને ભાવથી અનુમોદું છું.

ઋષભદેવપ્રભુથી આઠ પાટ સુધીના રાજાઓ જેઓમાં
ટખંડાધિપ ભરત ચક્રી સિવાય બાકીના ત્રણ ખંડના
ધિપતિ હતા. ઇંદ્રે આપેલા મુગટને ધારણ કરનારા હતા,
જેઓ આરિસા ભુવનમાં કેવલજ્ઞાન પામીને મોક્ષમાં ગયા
–તેઓને ભાવથી અનુમોદું છું.

ઋષભદેવ સ્વામીના ગણધર **શ્રી પુંડરિક** સ્વામી
જેઓ ભરત ચક્રવર્તીના પુત્ર હતા, વિશાળ સંપત્તિના ત્યાગ
કરી ચારિત્ર લઈ પ્રભુના પ્રથમ ગણધર થયા, પાંચ ક્રોડ મુનિ-
ઓની સાથે શ્રી સિદ્ધાચળજી ઉપર ચૈત્ર સુદ ૧૫ ના દિવસે
નિર્વાણપદને પામ્યા–તેમની તથા ૫ ક્રોડ મુનિઓની ભાવથી
અનુમોદના કરું છું.

દ્રાવિડ અને વારિખિલ્લજી દશ–દશ ક્રોડની સેના
સહિત પરસ્પર યુદ્ધ કરતા. બંનેના પાંચ પાંચ ક્રોડ સૈનિકો
મૃત્યુ પામ્યા. યુદ્ધમાં વચ્ચે પ્રતિબોધ પામ્યા અને દશ ક્રોડ
બાકીના સૈનિકો સાથે બંને ચારિત્ર લઈ શ્રી સિદ્ધગિરિજી
ઉપર અનશન કરી કાર્તિક સુદ ૧૫ના દિવસે કેવળજ્ઞાન પામી
[illegible] તે દશ ક્રોડ અણગારોની સંયમ સાધનાને

પાંચ પાંડવો, નારદજી, શાંબ પ્રદ્યુમ્ન વગેરે ક્રોડો મુનિઓ સાથે શ્રી સિદ્ધગિરિજીની પવિત્ર છાયામાં નિર્વાણપદને પામ્યા—તે ક્રોડો મુનિઓના ચારિત્રને અનુમોદું છું.

ઋષભદેવ સ્વામિની અસંખ્ય પાટ પરંપરા સુધી અયોધ્યાની ગાદી ઉપર આવનારા સર્વ રાજાઓએ ચારિત્ર લીધું અને બધા જ મોક્ષ અથવા અનુત્તર દેવલોકમા પહોંચ્યા. તેઓના પવિત્ર ચારિત્રની મન-વચન-કાયાથી અનુમોદના કરૂં છું.

સગર ચક્રવર્તીએ બીજા પ્રભુ શ્રી અજિતનાથ સ્વામી પાસે ચારિત્ર લીધું. મુક્તિને પામ્યા, તેઓની અનુમોદના કરૂં છું.

ચોવીશે ભગવાનના ૧૪૫૨ ગણધર ભગવંતો, ૨૮૪૮૦૦૦ સાધુઓ, તથા ૪૪૪૬૪૦૦ સાધ્વીઓની ચારિત્રપાલનની, રત્નત્રયીની આરાધનાની "મને પણ તેવી આરાધના પ્રાપ્ત થાય તે અભિલાષાપૂર્વક" ભાવથી અનુમોદના કરું છું.

કૃષ્ણમહારાજાની રાણીઓ તથા પુત્રીઓ તેમજ શ્રેણિક મહારાજાની રાણીઓ વગેરેએ ભગવાન શ્રી નેમિનાથ સ્વામી તથા ભગવાન શ્રી મહાવીર સ્વામીજીની પાસે ચારિત્ર લીધું, તપ તપી કોઇ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. કોઈક દેવલોકમાં ગયા—તે સર્વેને ભાવથી અનુમોદું છું.

દિવ્ય નવ્વાણું પેટીઓના વૈભવનો ત્યાગ કરી ચારિત્ર લેનારા શ્રી શાલિભદ્રમુનિ, વિશાળ વૈભવનો તથા આઠ

કન્યાઓને છોડી સંયમને સ્વીકારનાર **ધન્નાજી**, તથા જીવનભર ચારિત્રની સાથે જ છઠ્ઠ તપ આયંબીલના પારણાથી કરવાનો ઉગ્ર અભિગ્રહ કરનાર કાકંદીના **ધન્ના અણગાર**, યંત્રમાં પીલાતા શુક્લધ્યાન આરોહણ કરી ક્ષપકશ્રેણિ માંડી કેવળજ્ઞાન પામીને નિર્વાણપદને પામનારા **ખંધક સૂરિના ૫૦૦ શિષ્યો**, રાજસેવકોએ આખી ચામડી ઉતારવા છતાં સમભાવમાં ઝીલી કેવળજ્ઞાન મેળવી અંતગડ કેવળી થનારા શ્રી **ખંધકમુનિ**, માથા ઉપર સળગતા અંગારાની વેદનાને સમભાવથી સહન કરી સ્મશાન ભૂમિમાં કેવળજ્ઞાન પામીને નિર્વાણ પામનારા શ્રી **ગજસુકુમાલ મુનિ**, માથા ઉપર વાધર વીંટી, તડકામાં ઉભા રાખ્યા છતાં કૌંચ પક્ષીની દયા ખાતર મૌનને ધારણ કરવા પૂર્વક ખોપરી તૂટવાની વેદના ભોગવતાં સર્વ કર્મને ખપાવી નિર્વાણપદને પામનારા શ્રી **મેતારજમુનિ**, વગેરે મહાન સંયમના પરાક્રમને ફોરવનારા હે, અણગાર ભગવંતો! આપના અજબ ગજબના આ મહા પરાક્રમથી શ્રી જિનશાસન ગૌરવવંતુ છે, આપ સૌના આ મહાન ચારિત્ર પુરુષાર્થને ત્રિવિધ ત્રિવિધ શ્રી અરિહંત પરમાત્માદિના સાક્ષીએ શ્રી સંઘ સહિત ભાવથી અનુમોદુ છું.

[illegible] દુર્ધર મહાવ્રત પાલન, [illegible] ભાવથી અનુમોદુ છું.

કંઈક મુનિ-રત્નોએ ક્રોડોની સંપત્તિને છોડી છે, કંઈક ભર-યુવાવસ્થામાં રમણીઓનો ત્યાગ કર્યો છે. કંઈકે વ્હાલસોયા માતાપિતા, બંધુ, આદિ વિશાળ કુટુંબના સ્નેહને અવગણ્યા છે, અને તે બધા અણગારો પ્રભુએ બતાવેલ ચારિત્રમાર્ગની સાધનામાં લાગી ગયા છે, તે સર્વે અણગારોની આ શુભાતિશુભ આખા વિશ્વના સુખમાં કારણભૂત એવી ચારિત્ર સાધનાને ભાવથી અનુમોદું છું.

ટુંકમાં શ્રી જિનેશ્વર ભગવાનના શાસનને પામીને જે આત્માઓએ ચારિત્રધર્મની આરાધના કરી છે. વર્તમાનમાં કરે છે. અને ભવિષ્યકાળમાં કરશે, તે સર્વે મહાત્માઓની ચારિત્રસાધનાને, મને પણ તેવી સાધના પ્રાપ્ત થાય એ અભિલાષા પૂર્વક શ્રી અરિહંત પરમાત્મા, તથા શ્રી સિદ્ધભગવંતો, તેમજ ગુરુવર્ય શ્રી મુનિ ભગવંતો, તથા શ્રી ચતુર્વિધ સંઘ, અવધિજ્ઞાની દેવતાઓ અને મારા આત્માની સાક્ષીએ ભાવથી અનુમોદના કરું છું......

શ્રાવકોની શુભ કરણીની અનુમોદના

શ્રાવકોની દેશવિરતિ ધર્મની, એકાદ વ્રતથી માંડીને બાર વ્રત સુધીની આરાધનાને ભાવથી અનુમોદું છું.

શ્રાવકોની શ્રી જિનભક્તિ, ગુરુઉપાસના, સામાયિક પ્રતિક્રમણ, પૌષધ આદિ ક્રિયાઓની નવકારશી માંડીને છ મહિના સુધીના તપની, સુપાત્રને વિષે દાનની, શીલ ધર્મના પાલનની અને શુભ-ભાવનારૂપી ભાવધર્મની અનુમોદના કરું છું.

બીજા ૫૨ ગામ પૂજા માટે આપ્યાં. સજ્જનમ ત્રીના આ ગિરનારના ઉદ્ધારની શુભ કરણીને ભાવથી અનુમોદુ છુ.

સૌરાષ્ટ્રમાં યુદ્ધાર્થે ગયેલા ઉદયન મંત્રીએ સિદ્ધિગિરિની યાત્રા કરી. મંદિર લાકડાનુ જોયુ. ઉંદર દીવાની વાટ ખેંચતો જોયો, આરસનુ મંદિર કરવાની ભાવના જાગી અભિગ્રહ કર્યો, યુધ્ધમા ઘા ઘણા વાગ્યા, મૃત્યુ નજીક આવતા સાથે રહેલાઓને અભિગ્રહની વાત કરી. વાગ્ભટે પિતાની ભાવના પૂર્ણ કરી મંદિર આરસનુ નવુ કરાવ્યુ. તૈયાર થયાના સમાચાર આપનારને ૩૨ ઉભ સોનાની ભેટ આપી થોડી વારમા મંદિરની ભીતમાં ફાટ પડયાના સમાચાર લાવનાર બીજાને ૬૪ ઉભ સોનાની ભેટ આપી. આમ કેમ? પુનઃ કરાવી શકીશ. શિલ્પીઓને બોલાવી પુન. મંદિર કરાવ્યું, કરોડોના ધનનો ઉપયોગ શ્રી જિનેશ્વર દેવની ભક્તિમાં આ રીતે કર્યો. તેઓની શુભ કરણીને ભાવથી અનુમોદું છુ.

પેથડશાહે ૮૪ જિનમંદિર બાધ્યાં. સુરગિરિ નગરમાં બ્રાહ્મણોનું જોર ઘણું. મંદિર માટે જગ્યા ન મળી. ત્યાંનો રાજા **વીરભદ્ર** તથા મંત્રી **હેમાદે** હતો. હેમાદેના નામે પેથડશાહે પોતાના ખર્ચે દાનશાળા કરાવી. ચારે બાજુ ખ્યાતિ ફેલાઇ. હેમાદેને આશ્ચર્ય થયું, તપાસ કરાવતાં **પેથડશાહ**ની પ્રવૃત્તિ જાણી મિત્રતા થઇ. જમીન માગી, રાજાએ સોનૈયા આપીને જમીન લેવા કહેતાં તેમ કર્યું. પાયો ખોદતાં મીઠું પાણી નીકળ્યું, બ્રાહ્મણોએ રાજાને ફરિયાદ કરતાં

ભાવના પરખી; હાથ પકડી આગળ લઈ ગયા, પૂછ્યું, ભાવના જણાવી. મંત્રીએ તેનો સ્વીકાર કરી પ્રથમ નામ તેનું લખ્યું. આમ જિનભક્તિમાં સર્વસ્વને સમર્પણ કરવાની ભીમા-કુંડલીયાની કરણીની ભાવથી અનુમોદના કરું છું...

આમ કેટ-કેટલા સુશ્રાવકોનાં પરાક્રમો ગાઇએ. શ્રી જિનશાસનમાં શ્રાવકોએ પોતાના મહાન સમર્પણ દ્વારા ઉજ્જવળ ઇતિહાસને સર્જ્યો છે. તે સર્વશ્રાવકોની સર્વ પ્રકારની શુભ પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું..

તિર્યંચોમાં પણ અસંખ્ય જીવો નિર્મળ દેશવિરતિને ધારણ કરી રહ્યા છે તેવા મત્સ્ય, હાથી, ઘોડા વગેરે તિર્યં-ચોના પણ દેશવિરતિના વ્રતો અને અનુષ્ઠાનોને ભાવથી અનુમોદું છું.

સમ્યગ્દૃષ્ટિ જીવોની અનુમોદના

"तमेव सच्चं निःशंकं जं जिणेहिं पवेइयं"

શ્રી જિનેશ્વર ભગવતોએ જે કહ્યું છે, તે જ નિઃશંક સાચું છે, તેવી સમ્યગ્દૃષ્ટિ જીવની શ્રી જિનવચન પ્રત્યેની દ્રઢતાની ભાવથી અનુમોદના કરું છું

શ્રી શ્રેણિક મહારાજા, શ્રી કૃષ્ણમહારાજા વગેરેના ક્ષાયિક સમ્યક્ત્વની અનુમોદના કરું છું.

સમ્યગ્દૃષ્ટિ દેવોની જિનભક્તિ, શ્રી તીર્થંકર દેવોના જન્માભિષેક આદિની ઉજવણીઓ, પ્રભુના અતિશયોની

છે, અસત્ય વચનનો તથા અનીતિનો ત્યાગ કરે છે. સદાચારની મર્યાદાઓનું પાલન કરે છે. ક્રોધ, માન, માયા, પ્રપંચ, કામ, લોભ આદિને આંતર દુશ્મનો સમજી છોડી રહ્યા છે, આવી તેમની કરણી તેઓને પ્રભુશાસનની સન્મુખ લાવવામાં સહાયક થઈ રહી છે, તેવી તેઓની થાં જિનવચન અપ્રતિકૂળ સર્વ શુભ કરણીને ભાવથી અનુમોદુ છું.

ટૂંકમાં શ્રી વીતરાગ પરમાત્માના માર્ગને અનુસરતા આ ચૌદરાજ લોકમય વિશ્વમાં જે કંઈ સુકૃતો ભૂતકાળમાં થઈ ગયાં, ભવિષ્યમાં થનાર છે, તથા વર્તમાનમાં થઈ રહ્યા છે, તે સર્વે શ્રી અરિહંત પરમાત્માના સુકૃતોથી માંડીને સામાન્ય જનનાં સર્વે સુકૃતોને, આવા સુકૃતો જીવનમાં પ્રાપ્ત થાય તેવા મનોરથો પૂર્વક, શ્રી અરિહંત પરમાત્મા, શ્રી સિદ્ધ પરમાત્મા, શ્રી ગુરુ ભગવંતો, શ્રી અવધિજ્ઞાની દેવો, શ્રી ચતુર્વિધ સંઘ અને મારા આત્માની સાક્ષીએ ત્રિવિધ ત્રિવિધ અનુમોદું છું.

સુકૃતની આ અનુમોદના મારી સમ્યક્ થાવો, સુકૃતની આ અનુમોદનાથી મને સુકૃતોની પરંપરા પ્રાપ્ત થાવ. અને તે દ્વારા દુષ્કૃતોની વાસના અને પાપનો ક્ષય થઈ મારા આત્માનો સિદ્ધિપુરીમાં વાસ થાવ...

સુકૃત અનુમોદનાના આ શુભ અનુષ્ઠાનમાં મારાથી જો કંઈપણ પ્રભુ આજ્ઞાની વિરુદ્ધ અવિધિ આદિ થયું હોય તો તેનું મિચ્છા મિ દુક્કડં દઉં છું....



ગયા. ત્યાં અણસણ કરીને કેવળજ્ઞાન પામીને મુક્તિએ ગયા. તેઓની આરાધનાને ભાવથી અનુમોદું છુ....

(૧૧) સુકોશલ મુનિ પોતાના પિતા કીર્તિધર સાથે પર્વત ઉપર ચિત્રકૂટમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા છે. વૈરિણી માતા મૃત્યુ પામીને વાઘણ બનેલી છે. મુનિને જોતા જ દ્વેષ જાગૃતી ઉઠયો. મુનિ ઉપર હુમલો કર્યો, થોડીવારમાં મુનિને ફાડી નાખ્યા. પ્રાણાંત કષ્ટમા સમાધિને જાળવી શુભ ધ્યાનમાં કેવળજ્ઞાન પામી, મુક્તિએ ગયેલા શ્રી સુકોશલમુનિની ક્ષમાને ભાવથી અનુમોદું છું...

(૧૨) અરણિક મુનિવરે બાળપણમા માતા સાથે ચારિત્ર લીધું. મોહના ઉદયથી પતન થયુ, પણ માતાના કલ્પાતથી પુનઃ ચારિત્ર લઈ તુરત જ શિલા તલ ઉપર સખત ગર્મીમા સંથારો કરી દેહને ઓગાળી નાખ્યો અને શુભ ધ્યાનમાં આરાધના કરી સ્વર્ગે સિધાયા તે મહામુનિના તીવ્ર પ્રાયશ્ચિત્ત ભાવને અનુમોદું છું...

(૧૩) વજ્રસ્વામીજી ત્રણ વર્ષની ઉમરે રાજદરબારમા કસોટી વખતે માતાએ બતાવેલ લાલચોથી લલચાયા નહી. પિતા પાસેથી રજોહરણ લઈ રાજસભામાં નાચી ઊઠયા, ચારિત્ર લીધું—સાધ્વીઓના મોઢેથી સાંભળી ૧૧ અંગ મોઢે કર્યા, દેવોની પરીક્ષામાં પાસ થઈ આકાશગામિની તથા વૈક્રિય લબ્ધિ મેળવી શાસનની અદ્ભુત પ્રભાવના કરી, અંતે પાંચસો મુનિ સાથે રથાવર્ત પર્વત ઉપર જઈ અનશન કર્યું અને

પાંચશો મુનિઓ સાથે સ્વર્ગમાં ગયા, તેઓની આરાધનાને ભાવપૂર્વક અનુમોદું છું....

(૧૪) કાકંદી નગરીના ભદ્રા સાર્થવાહિનીના પુત્ર **ધન્નાજી** દોગુંદક દેવ જેવી ભોગની રિદ્ધિને ભોગવનાર, પ્રભુ મહાવીરનો ઉપદેશ સાંભળી ૩૨ સ્ત્રીઓ તથા ૩૨ ક્રોડ સોનૈયાનો ત્યાગ કરીને અણગાર થયા. ચારિત્ર સાથે જ પ્રભુજીની પાસે છઠ્ઠના પારણે છઠ્ઠ તપ કરવાનો તથા પારણે માખી પણ ન ઇચ્છે તેવા નિરસ અન્નથી આયંબિલ કરવાનો અભિગ્રહ કર્યો. નવમહિનાના અંતે હાડપિંજરમય કાયાવાળા ધન્ના અણગાર અણસણ કરી અનુત્તર દેવલોકમાં ગયા, ત્યાંથી મહાવિદેહમાં જઈ મોક્ષે જશે.

પ્રભુજીના ૧૪૦૦૦ શિષ્યોમાં સૌથી ચડતા પરિણામે કોણ? શ્રેણિકના પ્રશ્નના જવાબમાં જેમને પ્રભુજીએ વખાણ્યા તે ધન્ના અણગારની સંયમ તપની ઉગ્ર આરાધનાને ભાવથી અનુમોદું છું....

(૧૫) શકડાલ મંત્રીના પુત્ર શ્રી **સ્થુલભદ્ર;** બાર વર્ષ કોશા વેશ્યાને ત્યાં રહી ભોગમાં લીન બન્યા. શકડાલનું મૃત્યુ થતાં રાજાના મંત્રીમુદ્રા માટેના નિમંત્રણને ઠુકરાવી ચારિત્ર લીધું. ચૌદ પૂર્વધર થયા કોશ્યાની ચિત્રામણશાળામાં ચાતુર્માસ કર્યું. ષડ્રસના ભોજન કરવા છતાં પૂર્વપરિચિત કોશ્યાના અનેક પ્રકારના હાવભાવ, કટાક્ષો, નૃત્યો વગેરે આકર્ષિત કરવાના પ્રયત્નોને નિષ્ફળ બનાવી, તેને પ્રતિબોધ કરી સમ્યક્ત્વી શ્રાવિકા બનાવી, ગુરુપાસે આવતાં ગુરુએ દુષ્કર

(૨૪) યુવરાજ યુગબાહુની પત્ની મહાસતી **મદનરેખા** ઉપર રાજા મણિરથ મોહાંધ થયો. તેને મેળવવા ઉદ્યાનમાં ક્રીડાર્થે ગયેલા યુગબાહુને તલવારનો ઘા કરી મારી નાખ્યો,

અચાનક થયેલા ઘાથી ગુસ્સામાં આવેલા પતિને મહામતિ મદન રેખાએ ધીરજ પૂર્વક ઉપદેશ આપી સમભાવમાં સ્થિર કર્યા. અંતિમ સમયે સુંદર આરાધના કરાવી દેવલોકમાં મોકલ્યા.

પોતે શીલની રક્ષા ખાતર જંગલમાં ગઈ ત્યાં પુત્રને જન્મ આપ્યો. શરીરશુદ્ધિ કરવા સરોવરે ગયેલી તેને હાથીએ ઉછાળી. વિદ્યાધરના વિમાનમાં પડી. મોહિત થયેલા વિદ્યાધરને આગ્રહ કરીને નંદીશ્વર દ્વીપ લઈ ગઈ, ત્યાં મુનિની દેશના સાંભળી વિદ્યાધર બોધ પામ્યો.

યુગબાહુ દેવ વિમાન સાથે આવી પ્રદક્ષિણાદિ કરે છે. જંગલમાં છોડેલા પુત્રને મિથિલાનો રાજા લઈ ગયો છે. દેવની વિનંતિથી મદનરેખા મિથિલા જઈને પુત્રનું મુખ જોઈ ચારિત્ર લેવાની ભાવના વ્યક્ત કરતાં દેવ તેને ત્યાં લઈ જાય છે ત્યાં પુત્રનાં દર્શન કરી સાધ્વીઓનો ઉપદેશ સાંભળી ચારિત્ર લીધું.

આગળ ઉપર યુદ્ધ માટે તૈયાર થયેલ બંને ભાઈઓને પણ પ્રતિબોધ કર્યો. મહાસતી સાધ્વીશિરોમણી શ્રી મદનરેખાના ચરણોને ભાવથી અનુમોદું છું....

(૨૫) બાહુ-સુબાહુ મુનિ [illegible] પાંચસો સાધુઓ [illegible] ગોચરી લાવી ભક્તિ. બીજા [illegible] કરે. [illegible]

મુનિઓ દુષ્કર સ્વાધ્યાય કરતા હતા.

ચારે કાળ કરીને સંયમધર્મની આરાધના પૂર્વક અનુત્તરમાં ગયા. ત્યાંથી બાહુ અને સુબાહુ શ્રી ઋષભદેવ સ્વામીના પુત્ર ભરત અને બાહુબલી તરીકે થયા. બીજા બે પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી તરીકે થયા.

ત્યાં પણ ધર્મની શુભ ભાવે અતિશ્રેષ્ઠ આરાધના કરી, કાળ કરી તે જ ભવમાં મુક્તિએ પહોંચ્યા.

એ મહાપુરુષોના વૈયાવચ્ચ, સ્વાધ્યાય, સંયમ આદિ સુકૃતોને ભાવથી અનુમોદું છું....

ઉપસંહાર

શ્રી જિનશાસન રત્નોની ખાણ છે, તેમાં ઉત્પન્ન થયેલ કંઈક મહાપુરુષોના જબરજસ્ત પરાક્રમો છે, હે શાસનના પરાક્રમી પુરુષો! તમારા રત્નત્રયીનાં પરાક્રમોને અમારી ભાવભરી વંદના.

હે નાથ! કેટલાના પરાક્રમની ગૌરવ ગાથા ગાઈએ, સમય પરિમિત છે, શક્તિ ક્ષીણવત્ છે. ટૂંકમાં ભૂતકાળમાં થયેલા જે કોઈ જીવોએ જે કંઈ શ્રી જિનેશ્વરદેવની પવિત્ર આજ્ઞાને અનુસરીને કર્યું છે, વર્તમાનકાળમાં જે જીવો શ્રી જિનવચનાનુસારી શુભપ્રવૃત્તિ કરી રહ્યા [illegible]

પણ જે કોઈ જીવો શ્રી જિનેન્દ્ર પ્રભુના વચનને અનુકૂળ અપ્રતિકૂળ, શુભકરણી કરશે, તે ત્રણે કાળની શ્રી જિનાજ્ઞા-અનુસારી સર્વ જીવોની દાન, શીલ, તપ અને ભાવની તથા સંવર–નિર્જરાની સાધક પ્રવૃત્તિઓને, શુભ અનુષ્ઠાનોને, સુકૃતોને મારા જીવનમાં પણ ઉત્તમોત્તમ સુકૃતોનો વિસ્તાર વધે તેવા મનોરથપૂર્વક ત્રિવિધ ત્રિવિધ શ્રી અરિહંત પ્રભુ, શ્રી સિદ્ધ પરમાત્મા, ગુરૂ ભગવંતો, અવધિજ્ઞાની ઉપયુક્ત દેવતાઓ, પૂજનીય શ્રી ચતુર્વિધ સંઘ તથા મારા આત્માની સાક્ષીએ અશઠ હૃદયથી, નિઃશલ્યપણે, બાહ્ય આશંસાથી રહિતપણે, હૃદયના સાચા આનંદના ભાવને પ્રગટ કરવાપૂર્વક વારંવાર ભૂરિ ભૂરિ અનુમોદના કરું છું....

મારી આ અનુમોદના ભાવપૂર્વકની થજો, તથા મારા જીવનમાં સુકૃતની સંપત્તિને પ્રાપ્ત કરાવનાર હોજો, અને તે દ્વારા કર્મમલનો નાશ થઇ, ભવ્યત્વનો પરિપાક થઇ મોક્ષસુખને આપનાર થજો. એજ શુભાભિલાષા.

સુકૃતાનુમોદનાની આરાધનામાં જે કાંઈ પ્રભુવચનથી વિરૂદ્ધ થયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડમ.

